અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૩, બુધવાર
વિક્રમ સંવત ૨૦૭૯, ભાદરવો સુદ તેરસ

વર્ષ : ૧૫
અંક : ૬૨

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


## ન્યૂઝ બ્રિફ

### યહુદીઓના હત્યારાનું સન્માન કરવા બદલ ટ્રુડો માફી માગે : પોઈલિવર

। ઓટાવા, તા.૨૬ ।

ભારત અને કેનેડા વચ્ચેના સંબંધો સારા નથી રહ્યા. ખાલિસ્તાની આતંકીની કેનેડામાં થયેલી હત્યાના વડાપ્રધાન જસ્ટીન ટ્રૂડોએ ભારત ઉપર આક્ષેપ કરતાં ભારતે કડક પ્રતિભાવો આપ્યા છે. કેનેડા સામે કઠોર નિર્ણયો પણ લીધા છે. વિદેશોને પણ ભારતે સત્ય હકીકત કહેતાં ટ્રૂડો હવે એકલા પડી ગયા છે. ખાલિસ્તાની તેજ હરદીપ સિંહ નિજ્જરની હત્યા માટે ભારત પર તેમણે મુકેલા આક્ષેપો અંગે ભારતે તો પુરાવા માગ્યા જ છે. પરંતુ વિપક્ષો પણ પુરાવા માગી રહ્યા છે. જે પૂરતા ન હોવાને લીધે, વિપક્ષી નેતા પયરે પોઈલિવરે જસ્ટિન ટ્રૂડોની કડક ટીકા કરી છે.

### ભાજપની બીજી યાદીમાં ત્રણ કેન્દ્રીય પ્રધાન સહિત સાત સાંસદોને ટિકિટ

। નવી દિલ્હી, તા.૨૬ ।

આગામી મધ્ય પ્રદેશ વિધાનસભાની ચૂંટણી માટે ભાજપ દ્વારા ઉમેદવારોની બીજી યાદી જાહેર કરવામાં આવી છે. આ યાદીમાં ૩૯ નામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ વર્ષના અંતમાં મધ્ય પ્રદેશમાં ચૂંટણીનો માહોલ જામશે. મધ્ય પ્રદેશ મોટું રાજ્ય હોવાથી ભાજપે ચૂંટણી માટે જોરદાર તૈયારી શરુ કરી દીધી છે. ભાજપ દ્વારા જાહેર કરવામાં આવેલ બીજી યાદીમાં ત્રણ કેન્દ્રિય પ્રધાન સહિત સાત સાંસદોના નામોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

### દિલ્હીમાં જ્વેલર્સને ત્યાં ૨૫ કરોડની ચોરીથી ખળભળાટ

। નવી દિલ્હી, તા.૨૬ ।

દેશની રાજધાની દિલ્હીમાં એક મોટી ચોરીનો સનસનાટી મચાવતો મામલો સામે આવ્યો છે. આ ઘટના ભોગલ વિસ્તારમાં આવેલા જ્વેલર્સને ત્યાં બની હતી. માહિતી અનુસાર મોડી રાતે આ જ્વેલર્સને ત્યાં ચોરોની ટોળકી ત્રાટકી હતી. અહેવાલ અનુસાર લગભગ ૨૫ કરોડ રૂપિયાની ચોરી કરાઈ હોવાના દાવા થઈ રહ્યા છે. પોલીસના જણાવ્યાનુસાર ચોરોએ ઉમરાવ જ્વેલરને ત્યાં લગભગ સંપૂર્ણ પ્લાનિંગ સાથે ચોરીને અંજામ આપ્યો હતો. ચોરોએ સૌથી પહેલાં તો દીવાલમાં કાણું પાડીને ઘટનાને અંજામ આપ્યો હતો

નાગોર્નો-કારાબાગ પર અઝરબૈજાનનો કબજો, હજારો આર્મેનિયનનું પલાયન

# નાગોર્નો-કારાબાગમાં ઓઈલ ડેપોમાં વિસ્ફોટથી ૨૦નાં મોત

## લગભગ ૩૦૦થી વધુ ઈજાગ્રસ્ત, વિસ્ફોટ કયા કારણે થયો તે સામે આવ્યું નથી

। બાકુ, તા.૨૬ ।

અઝરબૈઝાનમાં આજે ઓઈલ ડેપોમાં થયેલા ભયંકર વિસ્ફોટમાં ૨૦ લોકોના મોત થયાના અહેવાલો મળ્યા છે. નાગોર્નો-કારાબાખ વિસ્તારમાં બનેલી ઘટનામાં અસંખ્ય લોકો પણ ઈજાગ્રસ્ત થયા છે. મીડિયા અહેવાલો મુજબ લગભગ ૩૦૦થી વધુ ઈજાગ્રસ્ત થયા છે. હાલ પોલીસનો કાફલો અને ઘણી એમ્બ્યુલન્સો ઘટના સ્થળે પહોંચી છે અને ઈજાગ્રસ્તોને તુરંત નજીકની હોસ્પિટલમાં લઈ જઈ રહી છે. હાલ વિસ્ફોટ કયા કારણે થયો તે સામે આવ્યું નથી. અહેવાલો મુજબ આ વિસ્ફોટ નાગોર્નો કારાબાગના સ્ટેપાનાકેર્ટ શહેરમાં બની છે. સ્થાનિક વહિવટીતંત્રએ જણાવ્યું કે, હાલ ૧૩ લોકોના મૃતદેહો મળી આવ્યા છે, જ્યારે સારવાર દરમિયાન ૭ લોકોના મોત નિપજ્યા છે. હાલ મૃતદેહોની ઓળખ કરવામાં આવી રહી છે. આર્મેનિયાના વડાપ્રધાન નિકોલ પેશિનયાને આક્ષેપ કર્યો છે કે, આ વિસ્તારમાં જાતીય નરસંહાર કરવામાં આવી રહ્યો છે. બીજીતરફ અઝરબૈઝાને કહ્યું કે, તેઓ પરંપરાગત રીતે આર્મેનિયન્સને તેમનામાં સામેલ કરવા માંગે છે અને તમામને સમાન માને છે.



### ગત અઠવાડિયે અઝરબૈઝાનની સેનાએ આ વિસ્તારમાં ઓપરેશન હાથ ધર્યું હતું

અઝરબૈજાનની સેનાએ આર્મેનિયાના નાગોર્નો કારાબાગ વિસ્તાર પર નિયંત્રણ મેળવ્યા બાદ અહીંથી હજારો આર્મેનિયન નાગરિકો પલાયન કરવા માટે મજબૂર બન્યા છે. બંને દેશો વચ્ચે ચાલી રહેલા ટકરાવમાં તુર્કેઈના રાષ્ટ્રપતિ એર્દોગને ખુલ્લેઆમ અઝરબૈજાનનુ સમર્થન કર્યુ છે અને તેઓ આ દેશની મુલાકાતે પણ જવાના છે. અઝરબૈજાનની સેનાએ ગયા સપ્તાહે કરેલા આક્રમણમાં આર્મેનિયાની સેના ૨૪ કલાક પણ ટકી શકી નહોતી અને નાગોર્નો કારખાબ વિસ્તારમાંથી તેને પીછેહઠ કરવી પડી હતી. હવે અઝરબૈજાનની સેનાના ડરથી આ વિસ્તારમાં રહેતા હજારો આર્મેનિયન નાગરિકો પણ ઉચાળા ભરી રહ્યા છે. અઝરબૈજાનનુ કહેવું છે કે, નાગોર્નો કારાબાગ વિસ્તારમાં છેલ્લા ૩ દાયકાથી ચાલતા ભાગલાવાદી લોકોના શાસનનો અંત આવ્યો છે. અમે આ વિસ્તારમાં રહેતા મૂળ આર્મેનિયાના લોકોના અધિકારોનુ સન્માન કરીશુ અને ૧૦ મહિનાની નાકાબંધી પછી આ વિસ્તારમાં ફરી સપ્લાય શરુ કરીશું. જોકે સ્થાનિક લોકોને અઝરબૈજાના પર વિશ્વાસ નથી. તેમને ડર છે કે, અઝરબૈજાનની સેના અમારી સાથે બદલો લેશે અને તેના કારણે લોકોનુ પલાયન શરુ થયુ છે.

કોલેજિયમ વ્યવસ્થાનો મુદ્દો થોડા દિવસ શાંત રહ્યા બાદ ફરીથી ચર્ચામાં

# હાઈકોર્ટમાં ૮૦ નામ પેન્ડિંગ હોવા મુદ્દે સુપ્રીમની કેન્દ્ર સરાકારને ફટકાર

## નામો ક્લીયર કરવામાં કેન્દ્ર દ્વારા વિલંબનો આક્ષેપ કરતી અરજીઓની સુનાવણીમાં સુપ્રીમ કોર્ટનું કેન્દ્ર સરકારની સામે કડક વલણ

। નવી દિલ્હી, તા.૨૬ ।



સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટમાં ન્યાયાધીશોની નિમણૂક માટેની કોલેજિયમ વ્યવસ્થાનો મુદ્દો થોડા દિવસ શાંત રહ્યા બાદ ફરીથી ચર્ચામાં આવ્યો છે. ન્યાયાધીશની નિમણુંક માટે કાર્યપાલિકા અને ન્યાપાલિકા વચ્ચેની ટક્કર વચ્ચે આજે સુપ્રીમ કોર્ટનું કડક વલણ જોવા મળ્યું હતું. સુપ્રીમે કેન્દ્રને ટકોર કરતા કહ્યું હતું કે, હજુ સુધી હાઈકોર્ટની ભલામણો કોલેજિયમને કેમ મોકલી નથી.

નામો ક્લીયર કરવામાં કેન્દ્ર દ્વારા વિલંબનો આક્ષેપ કરતી અરજીઓની સુનાવણી કરતા જસ્ટિસ સંજય કિશન કૌલ અને સુધાંશુ ધુલિયાની બેન્ચે કહ્યું કે, તેઓ આ મામલે નાનામાં નાની તપાસ પર ધ્યાન આપશે. એક અહેવાલ મુજબ, જસ્ટિસ કૌલે કેન્દ્રને કડક વલણ અપનાવતા કહ્યું હતું કે, હાઈકોર્ટમાં ૮૦ નામ ૧૦ મહિનાથી પેન્ડિંગ છે. માત્ર એક મૂળભૂત પ્રક્રિયા કરવાની છે. તમારો દષ્ટિકોણ જાણવાની જરૂર છે જેથી કરીને કોલેજિયમ નિર્ણય લઈ શકાય. બેન્ચે ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે, ૨૬ જજોની બદલી અને હાઈકોર્ટમાં ચીફ જસ્ટિસની નિમણૂક બાકી છે. સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન જસ્ટિસ કૌલે કહ્યું કે, મારી પાસે કેટલા નામો પેન્ડિંગ છે. હાઈકોર્ટ દ્વારા આની ભલામણ કરવામાં આવી છે પરંતુ કૉલેજિયમને આ અંગે સૂચનાઓ મળી નથી. એટર્ની જનરલ આર. વેંકટરામણીએ જવાબ આપવા માટે એક સપ્તાહનો સમય માંગ્યો છે.

બેન્ચે તેમને બે અઠવાડિયાનો સમય આપ્યો અને તેમને આ મુદ્દે કેન્દ્રની દલીલો સાથે આવવા કહ્યું. હવે આ કેસની સુનાવણી ૯ ઓક્ટોબરે થશે.આ સુનવણીમાં કેન્દ્ર પર કડક વલણ દાખવતા જસ્ટિસ કૌલે ટિપ્પણી કરી હતી. તેમણે કહ્યું કે, કહેવા માટે ઘણું છે, પરંતુ હું જાતને સંયમિત કરી રહ્યો છું. હું ચૂપ છો કારણ કે એટર્ની જનરલે આ અંગે જવાબ આપવા માટે એક અઠવાડિયાનો સમય માંગ્યો છે, પરંતુ હું આગામી તારીખે ચૂપ રહીશ નહીં.

બાઈડન સરકારની ફરી ભારત સામે ઉશ્કેરણીજનક હરકત

# પાક. સ્થિત અમેરિકન રાજદૂત ડેવિડ બ્લોમની ગૂપચૂપ પીઓકેની મુલાકાત

। ઈસ્લામાબાદ, તા.૨૬ ।

ખાલિસ્તાની નિજ્જરની હત્યાના વિવાદમાં આડકતરી રીતે કેનેડાનો પક્ષ લેનાર બાઈડન સરકારે ફરી એક વખત ભારત સામે ઉશ્કેરણી જનક હરકત કરી છે. પાકિસ્તાન સ્થિત અમેરિકન રાજદૂત ડેવિડ બ્લોમ ગૂપચૂપ રીતે પાકિસ્તાની કબ્જા હેઠળના કાશ્મીરની મુલાકાતે ગયા છે. ગયા વર્ષે પણ અમેરિકન રાજદૂતે આ રીતે પીઓકેની મુલાકાત લીધી હતી અને ભારતે તેની સામે વિરોધ નોંધાવ્યો હતો. રાજદૂતે તો પીઓકેને આઝાદ કાશમીર પણ ગણાવી દીધુ છે અને તેમના આ નિવેદન બાદ અમેરિકા અને ભારત વચ્ચે કેનેડાના મુદ્દે સર્જાયેલા મતભેદો વધારે ઘેરા બની શકે છે. રાજદૂત બ્લોમે ગિલગિટ બાલ્ટિસ્તાન યુનિવર્સિટીમાં વૃક્ષારોપણ પણ કર્યુ હતું. ગયા વર્ષે પણ બ્લોમે પીઓકેને આઝાદ કાશ્મીર ગણાવ્યુ હતુ. સોશિયલ મીડિયા પર પણ તેમણે આ પ્રકારનુ ટ્વિટ કરતા રાજકીય મોરચે હોબાળો મચ્યો હતો. આ વખતે પણ બ્લોમની પીઓકે મુલાકાત ગુપ્ત રાખવામાં આવી હતી.

સ્વયંસેવક સંઘ સમગ્ર સમાજને સંગઠિત કરવા માગે છે

# મુસ્લિમો અમારા જ છે, દેશ અમારા જેટલો જ એમનો : મોહન ભાગવત

। લખનઉ, તા.૨૬।

સરસંઘચાલક ડો.મોહન ભાગવતે કહ્યું કે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સમગ્ર સમાજને સંગઠિત કરવા માંગે છે. સંઘ માટે કોઈ પારકું નથી. ભાગવતે ભારપૂર્વક કહ્યું કે મુસ્લિમો અમારાથી અલગ નથી, તેઓ પણ અમારા જ છે. આ દેશ જેટલો અમારો છે એટલો જ એમનો પણ છે. તેમણે કહ્યું કે કોઈના વિરોધને કારણે સંઘને કોઈ નુકસાન ન થઈ રહ્યું હોય તેના પર ચોક્કસ પણે નજર રાખવામાં આવશે. લખનઉમાં અવધ ખાતે ચાર દિવસના રોકાણ દરમિયાન તેમણે એક બેઠકમાં ઘણા મુદ્દાઓ પર ભાવિ વ્યૂહરચના તૈયાર કરી હતી. લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને સંઘ પ્રમુખની આ મુલાકાત ઘણી મહત્વપૂર્ણ સાબિત થશે. તેમણે ભાજપ ને લવ જેહાદ અને ધર્મ પરિવર્તન સહિતના વિવિધ મુદ્દાઓ પર વધુ ગંભીરતાથી કામ કરવાની સલાહ પણ આપી છે.

ખાનગી બસ પૂણેથી નાગપુર જઈ રહી હતી

# જાલના નજીક બસ બ્રિજ પરથી પડતાં ૨૦ મુસાફરોને ઈજા થઈ

। જાલના, તા.૨૬ ।

ડ્રાઈવરે સ્ટીયરીંગ પરનો કાબૂ ગુમાવતા એક પ્રાઈવેટ બસ બ્રિજ પરથી નીચે પડતાં થયેલ અકસ્માતમાં ૨૦ મુસાફરોને ઈજા પહોંચી છે. આ ઈજાગ્રસ્તોમાંથી ૪ની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. આ અકસ્માત સોમવારે મોડી રાતે ૧૨ વાગ્યાની આસપાસ બદનાપૂર તાલુકાના માત્રેવાડી શિવાર પાસે થયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર એક ખાનગી બસ પુણેથી નાગપૂરની દિશામાં જઈ રહી હતી. આ બસ છત્રપતી સંભાજીનગરથી જાલના માર્ગ પર માત્રેવાડી (તા. બદનાપૂર) માં દાખલ થઈ હતી. દરમીયાન ડ્રાઈવરે સ્ટીયરીંગ પરનો કાબૂ ગૂમાવતા આ બસ બ્રિજ પથી નીચે પડી હતી.અકસ્માતની જાણ થતાં જ બદનાપૂર પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. તથા ઈજાગ્રસ્તોને સારવાર અર્થે જાલનાની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. આ અકસ્માતમાં ઈજા પામનારાઓમાં અમન કુમાર (૧૯, મધ્ય પ્રદેશ), અનિતા ઈંગોલે (૩૫), શાહબાઝ ખાન, રવીન્દ્ર રાજે (૩૩), રિતેશ ચંદેલ (૨૩), પરાગ શિંગણે (૪૨, નાપૂર), નિકેલ માનિજે (૨૩, વર્ધા), કિરણ માંટુળે(૩૮, યવતમાળ), સંભાજી સાસણે (૩૨, યવતમાળ), નો સમાવેશ છે.










## ઉત્તર ગુજરાતના યુવક-યુવતી ઈજિપ્તમાં પકડાયાં

| અમદાવાદ, તા.૨૬ |

અમેરિકા પહોંચવા માટે ગુજરાતીઓ કેવી-કેવી ટ્રીક અપનાવે છે તેની એક ચોંકાવનારી ઘટનાનો તાજેતરમાં જ ભાંડો ફુટ્યો છે. અમારા સાથી અખબાર ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના એક્સક્લુઝિવ રિપોર્ટ અનુસાર, ઉત્તર ગુજરાતની એક ૨૩ વર્ષની યુવતી અને ૨૨ વર્ષના યુવકને એજન્ટોએ વાયા ક્યૂબા થઈને અમેરિકા જવા રવાના કર્યા હતા. જોકે, આ લોકો ઈજિપ્તમાં લેન્ડ થયા ત્યારે જ તેમનો ખેલ ખતમ થઈ ગયો હતો. આ બંનેના પાસપોર્ટ પર લાગેલા ક્યૂબાના વિઝા ફેક હોવાનું બહાર આવતા તેમને ત્યાંથી જ ડિપોર્ટ કરી દેવામાં આવ્યા હતા. આ યુવક-યુવતીને એજન્ટો ઈજિપ્તથી એમ્સટર્ડમ મોકલવના હતા, અને ત્યાંથી તેમને ક્યૂબાની ફ્લાઈટ પકડવાની હતી. જોકે, ઈન્ડિયાથી ઈજિપ્ત પહોંચ્યા બાદ આ બંને એમ્સટર્ડમની ફ્લાઈટ પકડવાની તૈયારીમાં હતા ત્યારે તેમનો ભાંડો ફુટી ગયો હતો. મહેસાણાનો ૨૨ વર્ષનો દેવર્ષ પટેલ અને માણસાની ૨૩ વર્ષની સીમા લખવારાને જ્યારે ડિપોર્ટ કરી દિલ્હી મોકલવામાં આવ્યા ત્યારે તેમની પૂછપરછમાં કેટલીક ચોંકાવનારી માહિતી બહાર આવી હતી. ક્યૂબા પહોંચ્યા બાદ તેમને એજન્ટો અમેરિકામાં કઈ રીતે ઘૂસાડવાના હતા તેના પ્લાન અંગે પણ તેમણે ઈમિગ્રેશન ઓફિસર્સને જણાવ્યું હતું. આમ તો એજન્ટોએ આ બંનેને અમેરિકા પહોંચાડવા માટે કોઈને પણ શંકા ના જાય તેવો એક પરફેક્ટ પ્લાન બનાવ્યો હતો, પરંતુ તેમના પાસપોર્ટ પર લાગેલા વિઝા સ્ટીકરની તારીખને કારણે તેમનો ખેલ ઊંધો પડી ગયો હતો. આ મામલે ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ અનુસાર, દેવર્ષ અને સીમાએ ૦૮ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ દિલ્હીથી ઈજિપ્ત જતી ફ્લાઈટ પકડી હતી.

### ૪૦૦ સીસીટીવીથી થઈ રહ્યું છે મોનિટરિંગ

# અંબાજીમાં યાત્રીકોની સુરક્ષા માટે ૬૫૦૦થી વધુ પોલીસ જવાનો તૈનાત

## અંબાજીમાં ભાદરવી પૂનમના મેળામાં લાખો ભક્તો મા અંબાના આશીર્વાદ લેવા પગપાળા પહોંચતા હોય છે

| બનાસકાંઠા, તા.૨૬ |



વિશ્વપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે આસ્થાના મહાકુંભ સમાન ભાદરવી પૂનમનો મહામેળો આજથી શરૂ થઈ ચૂક્યો છે. અંબાજી મેળામાં લાખો યાત્રાળુઓ મા અંબાના દર્શનાર્થે આવતા હોય છે. આ યાત્રાળુઓની સુખ, સુવિધા, સલામતી માટે પોલીસતંત્ર રાત દિવસ ખડેપગે કામગીરી કરી રહ્યું છે. યાત્રિકોની સલામતી સાથે સુરક્ષા અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે પોલીસ વિભાગ સજ્જ બન્યુ છે. મેળામાં યાત્રિકોની સઘન સુરક્ષા માટે ૬૫૦૦ પોલીસ જવાનો ખડેપગે સેવા આપી રહ્યા છે. આ ઉપરાંત મેળામાં ૪૦૦ જેટલા સીસી ટીવી કેમેરાથી યાત્રાળુઓની સલામતી માટે બાજ નજર રખાઈ રહી છે. ભાદરવી પૂનમના મેળામં આ પાંચ દિવસ દરમિયાન સુરક્ષા અને કાયદો વ્યવસ્થાની જાળવણી તથા યાત્રિકોની સઘન સુરક્ષા માટે મેળામાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવમાં આવ્યો છે. અંબાજી મેળા દરમિયાન ૨૦ નાયબ પોલીસ અધિક્ષક કક્ષાના અધિકારી, ૫૪ પોલીસ ઈન્સપેક્ટર, ૧૫૦ પોલીસ સબ ઈન્સપેક્ટર સહિત પોલીસ જવાનો વિવિધ સ્થળોએ ફરજ બજાવી રહ્યા છે. આ ઉપરાંત ૦૭ બીડીએસની ટીમ, ક્યુઆર ટીમ ખડેપગે સેવા આપી રહી છે. સેવા, સુરક્ષા અને સલામતીના સુત્રને સાર્થકતા સાથે પોલીસ જવાનો દ્વારા અંબાજી મેળામાં



કામગીરી કરાઈ રહી છે. જોકે મેળા નાં આ ત્રણ દિવસ માં એક અકસ્માત સિવાય કોઈ ઘટના બનવા પામેલ નથી

અંબાજી અને ગબ્બરમાં કુલ ૬ વેન્ડીંગ મશીન મુકાયા છે. યાત્રિકો ભીડ અને લાઈનથી બચવા ઓનલાઈન પેમેન્ટ કરી પ્રસાદ મેળવી રહ્યા છે. શ્રદ્ધાળુઓ ઓનલાઈન ઊઈ કોડ સ્કેન કરી UPI તેમજ GOOGLE PAY થી પેમેન્ટ કરી પ્રસાદ મેળવી રહ્યા છે. પ્રસાદ વાળા વેન્ડીંગ મશીન આગળ હવે રોકડા રૂપિયાની જરૂર નથી. મોબાઈલની કનેક્ટિવિટી નહિ હોય તો વેન્ડીંગ મશીન આગળ પ્રસાદ માટે રાહ જોવી પડશે. મેળાના પ્રથમ દિવસે વેન્ડીંગ મશીન દ્વારા ૧૦૦૦ લોકોએ વેન્ડીંગ મશીનનો લાભ લીધો છે.

મહત્વનું છે કે, પ્રસાદના બોક્સ વિવિધ ભેટ કેન્દ્રો સહિત વેન્ડિંગ મશીન દ્વારા પણ પ્રાપ્ત થઈ શકશે. પુરવઠા અધિકારી એચ. કે. ગઢવીએ જણાવ્યું હતું કે મૂળ મંદિરના ત્રણ ભેટ કાઉન્ટર, મંદિર યજ્ઞશાળાની બાજુમાં ૨, ગણપતિ મંદિર પાસે ૧, મંદિર બહાર ૭ નંબર ગેટ પાસે ૧, મુખ્ય શક્તિદ્વાર, વી. આઈ. પી. પ્લાઝા નજીક ૧ સહિત જુદા જુદા બે વેડિંગ મશીન દ્વારા પણ ભક્તોને માતાજીનો પ્રસાદ મળી રહેશે.

# ગુજરાતમાંથી ચોમાસાની વિદાયનું કાઉન્ટડાઉન શરૂ

## રાજસ્થાન સરહદથી ચોમાસાની વિદાયની શરૂઆત થઇ ગુજરાતમાં ચાર દિવસ સામાન્યથી મધ્યમ વરસાદ થશે

| અમદાવાદ, તા.૨૬ |

ગુજરાતમાંથી ચોમાસાની વિદાયનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયુ છે. રાજ્યના પાડોશી રાજ્ય રાજસ્થાન સરહદથી ચોમાસાની વિદાયની શરૂઆત થઈ ગઈ છે. જોકે, હવામાન વિભાગની આગાહી પ્રમાણે, રાજ્યમાં આગામી દિવસોમાં વરસાદી માહોલ છવાયેલો રહેશે. આગામી ચાર દિવસ સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. આ સાથે અમદાવાદ, ગાંધીનગર સહિત સૌરષ્ટ્રમાં થન્ડર સ્ટ્રોમ પણ થઈ શકે છે. જેના કારણે સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. સોમવારે બપોરે અમદાવાદ કેન્દ્રના હવામાન વિભાગના ડાયરેક્ટર ડો. મનોરમા મોહન્તીએ ગુજરાતમાં પાંચ દિવસ કેવું હવામાન રહેશે તે અંગેની આગાહી કરી હતી. જેમા તેમણે હવામાન અંગે આગાહી કરતા જણાવ્યુ કે, રાજ્યમાં આગામી પાંચ દિવસ વરસાદ થવાની સંભાવના છે. તો જોઈએ આજથી ચાર દિવસ કયા કયા વિસ્તારોમાં વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

આ સાથે તેમણે જણાવ્યુ હતુ કે, ભેજના કારણે હાલ ગુજરાતમાં વરસાદી માહોલ રચાયો છે. હાલ ગુજરાતને ભારે વરસાદ આપી શકે તેવી કોઈ સિસ્ટમ એક્ટિવ નથી પરંતુ રાજ્યમાં હાલ ભેજને કારણે વરસાદ થઈ રહ્યો છે.

હવામાન વિભાગની આગાહી પ્રમાણે, દક્ષિણ ગુજરાતમાં સારોવરસાદ પડી શકે છે. સુરત અને ભરૂચમાં પણ સારા વરસાદની આગાહી છે. બનાસકાંઠા, સાબરકાંઠામાં મધ્યમ વરસાદ થઈ શકે છે. તો અમદાવાદમાં મધ્યમથી સામાન્ય વરસાદની આગાહી છે. તો સૌરાષ્ટ્ર-કચ્છના કાંઠા વિસ્તારમાં પણ વરસાદની આગાહી કરવામાં આવી છે. આજે અને ૨૭મીએ નર્મદા, તાપી જિલ્લામાં બે દિવસ ભારે વરસાદની આગાહી છે. ૨૮ સપ્ટેમ્બરે ડાંગ અને વલસાડમાં ભારે વરસાદની આગાહી છે.

મનોરમા મોહન્તીના જણાવ્યા પ્રમાણે, જ્યારે દક્ષિણ ગુજરાતમાં મોટા ભાગના જિલ્લામાં થંડર સ્ટોમ એક્ટિવિટી થશે. અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદમાં થંડરસ્ટ્રોમ એક્ટિવિટી થઈ શકે છે. જ્યાં ૪૦ કિમીની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. આ દરમિયાન સામાન્યથી મધ્યમ વરસાદની શક્યતા છે.

ગીર સોમનાથ જિલ્લામાં છેલ્લા બે દિવસથી બદલાતા વાતાવરણના વરસાદી માહોલ વચ્ચે ક્યાં મુશળધાર તો ક્યાંય હળવાથી મધ્યમ ઝાપટા વરસ્યા હતા. જોકે બે દિવસ બદલતા વાતાવરણથી ખેડૂતો ફાયદો થશે કે નુકશાન? કારણ કે ગીરમાં અનેક ખેડૂતોએ આગોતરી મગફળીનું વાવેતર કર્યું છે જે હવે લણવાની તૈયારીમાં છે.

અરવલ્લી જિલ્લામાં ચોમાસુ સીઝનમાં ખેડૂતોએ કુલ ૧.૮૦ લાખ હેક્ટર જમીન પૈકી બીજા ક્રમે કપાસનું વાવેતર કર્યું હતું પરંતુ સમયસર વરસાદનો અભાવ અને સતત વાદળછાયા વાતાવરણને પગલે પાકમાં સુકારાનો રોગ આવતા કપાસનો પાક હવે નષ્ટ થવાના આરે છે. ચાલુ સાલે મોંઘાભાવે બિયારણ લાવી સારા ઉત્પાદનની આશાએ ખેડૂતોએ વાવેતર કર્યું હતું પણ રોગના કારણે આ આશા ઠગારી નીવડે તેવી સ્થિતિ હાલ જોવા મળી રહી છે જેથી ખેડૂતો કફોડી હાલતમાં મુકાયા છે.

### ત્રિશુલિયા ઘાટમાં ટ્રક પલટી ગઈ

## અંબાજી જવાના રસ્તા સતત બીજા દિવસે અકસ્માત થયો

| અંબાજી, તા.૨૬ |

ભાદરવી પૂનમના મેળોના આજે ચોથો દિવસ છે. છેલ્લાં ૩ દિવસમાં સાડા ૧૩ લાખથી વધુ માઈભક્તોએ જગત જનની જગદંબાના દર્શન કર્યાં છે. ત્યારે પદયાત્રીઓના માર્ગે સતત બીજા દિવસે અકસ્માત સર્જાયો છે. અંબાજી નજીક સતત બીજા દિવસે અકસ્માતની ઘટના બની છે. ત્રિશૂળિયા ઘાટ નજીક ટ્રક પલટી ગઈ હતી. મંડપનો સામાન ભરેલી ટ્રક પલટી જતાં ૨ લોકોને ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તોને દાંતા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, અંબાજી જવાના રસ્તે ત્રિશુલિયા ઘાટ પર આ અકસ્માતની ઘટના બની હતી. ત્રિશુલ્યા ઘાટમાં સામાન ભરેલી ટ્રક પલ્ટી ગઈ હતી. મંડપનો સામાન ભરેલી ટ્રકની બ્રેક ફેલ થઈ હતી, જેથી ટ્રક પલટી ખાઈ ગઈ હતી, અને તમામ સામાન નીચે પડ્યો હતો. બ્રેક ફેલ થઈ જતાં આ અકસ્માત સર્જાયો હતો. ટ્રકમાં સવાર બે વ્યક્તિઓને ઈજા પહોંચી હતી.

## લોકસભા ચૂંટણીને લઈને ગુજરાત કોંગ્રેસે કસી કમર

| અમદાવાદ, તા.૨૬ |

લોકસભા ચૂંટણીને હવે ગણતરીના જ મહીનાઓ બાકી રહ્યા છે ત્યારે ગુજરાત કોંગ્રેસે તૈયારીઓ શરૂ કરી છે. ગુજરાત કોંગ્રેસના પ્રભારી મુકુલ વાસનીકની ગુજરાત મુલાકાતમાં રવિવારે પ્રદેશ કાર્યાલયે મળેલ સિનિયર નેતાઓ સાથેની બેઠક બાદ ૮ નેતાઓને જે તે લોકસભામાં કોંગ્રેસ અને સંગઠનની સ્થિતિનો રિપોર્ટ તૈયાર કરવા જવાબદારી સોંપાઈ. ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રભારી મુકુલ વાસનીક બે દિવસની ગુજરાત મુલાકાતે છે. જેમાં તેમણે લોકસભા ચૂંટણીની તૈયારીઓની શરૂઆત કરી. રવિવારે બપોરે ગુજરાત કોંગ્રેસના પૂર્વ પ્રદેશ અધ્યક્ષો અને વિધાનસભાના પૂર્વ નેતા વિપક્ષો સાથે બેઠક યોજાઈ હતી. જેમાં ૮ સિનિયર નેતાઓને રાજ્યની ૨૬ લોકસભા બેઠકો માં કોંગ્રેસ અને તેના સંગઠનની સ્થિતિનો રિપોર્ટ તૈયાર કરવાની જવાબદારી સોંપી. જિલ્લાવાર સોંપાયેલ જવાબદારી હેઠળ સિનિયર નેતાઓ જિલ્લાનો પ્રવાસ કરી જિલ્લાની સ્થાનિક પરિસ્થિતી, સંગઠનની અસરકારતા, ફ્રન્ટલ ઓર્ગેનાઈઝેશન સહિત વિવિધ કાર્યક્રમો અંગે બેઠક યોજશે. સ્થાનિક આગેવાનો સાથે લોકસભાની ચૂંટણી પ્રક્રિયા, સંગઠન, સામાજીક સમીકરણો અને સ્થાનિક પ્રશ્નો બાબતે ચર્ચા કરી અહેવાલ તૈયાર કરશે.

## ૪૦ વર્ષ પૂર્વે બનાવાયેલો આ બ્રિજ છેલ્લા થોડા સમયથી જર્જરિત હતો

| સુરેન્દ્રનગર, તા.૨૬ |

સુરેન્દ્રનગરના વઢવાણ તાલુકાના વસ્તડી અને ચુડાને જોડતો ભોગાવો નદી પરનો બ્રિજ ધડામ થવાની ઘટનામાં ચોંકાવનારો ખુલાસો થયો છે. ૩૫થી ૪૦ વર્ષ પૂર્વે બનાવાયેલો આ બ્રિજ છેલ્લા થોડા સમયથી જર્જરિત બન્યો હતો. ક્ષતિગ્રસ્ત બ્રિજનું તાત્કાલિક સમારકામ કરવા વસ્તડી ગામના સરપંચે પ્રશાસનને લેખિત તેમજ મૌખિક જાણ કરી હતી. જોકે પ્રશાસનને કોઈ ગંભીરતા ન દાખવતા રવિવારના પુલ પરથી એક માટી ભરેલુ ડમ્પર અને બે બાઈક સવારો પસાર થઈ રહ્યા હતા ત્યારે ઓચિંતા જ બ્રિજ ધડામ થઈને તૂટી પડ્યો હતો. વારંવારની રજૂઆત બાદ પ્રશાસન તરફથી ક્ષતિગ્રસ્ત બ્રિજ પર અવર-જવર બંધ કરવાના બદલે માત્ર ચેતવણી આપતું બોર્ડ લગાવી કામગીરી કર્યાનો સંતોષ માની લીધો હતો. સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકાના વસ્તડી ચુડાને જોડતો પુલ ધરાશાયી થયો હોવાની ચોકાવનારી હકીકત સામે આવી છે.

## ગુજરાત સરકારના કરોડો રૂપિયા ગયા પાણીમાં

| ગાંધીનગર, તા.૨૬ |

ગુજરાત સરકાર આરોગ્ય વિભાગમાં દર વર્ષે બજેટમાં કરોડો રૂપિયા ફાળવે છે. છતાં ગુજરાતીઓનું આરોગ્ય કથળી રહ્યું છે તેવું આંકડા પૂરવાર કરી રહ્યાં છે. અન્ય રાજ્યોની સરખામણીમાં ગુજરાતમા નબળી સુવિધા જોવા મળી છે. કોરોનાકાળ બાદ હૃદયરોગના કેસો બમણા થયા છે. તો ક્ષયમુક્ત ગુજરાતના નામે લાખો ખર્ચ્યા બાદ પણ ટીબીના કેસમાં વધારો થઈ રહ્યો છે. વિકાસના મોડલ તરીકે ઓળખાતુ ગુજરાત હવે બીમાર બન્યું. એમ કહી શકાય કે રૂપિયાવાળુ ગુજરાત માંદુ પડ્યું છે. ગુજરાતમાં હાર્ટએટેક, ટીબી, હૃદયરોગ, કેન્સર, કિડની સહિત અન્ય રોગોનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે. એક તરફ સરકાર સ્વસ્થ ગુજરાતના ગુનગાન ગાય છે.

## વિશેષ

### સૌરાષ્ટ્ર દેશ વિદેશના સહેલાણીઓના પ્રવાસનું ડેસ્ટીનેશન

# સૌરાષ્ટ્રના દરિયા, પર્વતો, જંગલો, રણની ભૌગોલિક વિરાસતો, સ્થાપત્યો અને ઐતિહાસિક સ્થળો પ્રવાસીઓમાં હોટ ફેવરિટ

સૌરાષ્ટ્ર એક વિશાળ અને આગવી ખાસિયતો ધરાવતો પ્રદેશ છે. સૌરાષ્ટ્ર પાસે ગૌરવ લઈ શકાય તેવા અનેક દર્શનીય સ્થળો અને પ્રવાસન સ્થળોની કુદરતી વિરાસત છે. સૌરાષ્ટ્રમાં દેશનો સૌથી મોટો દરિયો, પર્વતો, જંગલો અને રણ પ્રદેશ, ઐતિહાસિક સ્થળો આવેલા છે. સૌરાષ્ટ્રમાં બે મહત્વના યાત્રાધામો દ્વારકા અને સોમનાથ પણ છે. છેલ્લા એક દાયકામાં રાજ્ય સરકારની આવકારદાયક પ્રવાસન નીતિને કારણે અનેક લોકો સૌરાષ્ટ્રના પ્રવાસે આવી રહ્યા છે. ગુજરાત ટુરીઝમ ડિપાર્ટમેન્ટ દ્વારા દર વર્ષે આવા ગુજરાતના મહત્વના પ્રવાસન સ્થળો ખાતે વિવિધ મેળા તેમજ અનેક કાર્યક્રમો યોજવામાં આવે છે. ગુજરાતની સફરે આવતા પર્યટકો માટે https://www.gujarattourism.com ઉપર વિવિધ વિસ્તારોની માહિતી, જોવા અને માણવા લાયક સ્થળો, વિશેષતા જોવા મળશે. દર વર્ષે બહારથી આવતા લાખો પ્રવાસીઓ ગુજરાતની ખાનપાન, પરંપરા, પ્રતિષ્ઠાને જાણે અને માણે છે. પર્યટન ક્ષેત્ર માટે અંદાજ પત્રમાં દર વર્ષે વિશેષ જોગવાઈ કરવામાં આવે છે તેમજ તેના વિકાસ માટે ગુજરાત સરકાર સતત મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં કાર્યરત છે જેના માટે વિશેષ રીતે હેરિટેજ પોલિસી જેવી અનેક પોલિસીઓ કાર્યરત છે. તો આવો આ ઈતિહાસ અને અધ્યાત્મની ધરા જોડાયેલા ગુજરાતના અનેકાનેક સ્થળોની માહિતી જોઈએ.

**રાજકોટ :** સૌરાષ્ટ્રના મુખ્ય શહેર રાજકોટ કે જે કાઠિયાવાડ તરીકે પણ પ્રસિધ્ધ છે તેને ૮ જિલ્લાની બોર્ડર સ્પર્શે છે. રાજકોટમાં મહાત્મા ગાંધી જ્યાં ૮ વર્ષ અભ્યાસ કર્યો તે આલ્ફ્રેડ સ્કુલ હવે વૈશ્વિક કક્ષાના ગાંધી મ્યુઝિયમમાં પરિવર્તિત થઈ ચૂકી છે. ગાંધીજીનું નિવાસ્થાન 'કબા ગાંધીનો ડેલો' કે જયા ગાંધીજીના લગ્ન થયા હતા તેઓના બે બાળકોના જન્મ પણ આ જ ઘરમાં થયા હતા.

રાજકોટનો દરબાર ગઢ, રણજીત વિલાસ પેલેસ, સ્વયંભૂ રામનાથ મહાદેવ મંદિર, ઈશ્વરીયા પાર્ક, અતિ અદ્યતન રીજીયોનલ સાયન્સ સેન્ટર, રામ વન, પ્રદ્યુમન પાર્ક, અંગ્રેજોના શાસનકાળમાં રાજકુમારોના શિક્ષણ માટે શરૂ કરેલ રાજકુમાર કોલેજ, ખાદી સહિતની રચનાત્ક ગાંધીજી સ્થાપિત રાષ્ટ્રિય શાળા, રાંદરડા તળાવ, રેસકોર્સ, આજી અને ન્યારી ડેમ, બાલભવન, રેસકોર્ષ, જયુબેલી ગાર્ડન સહિતના અનેક પર્યટક સ્થળો આવેલ છે. જયારે જિલ્લામાં આવેલ વિવિધ સ્થળોમાં ઘેલા સોમનાથ, ઓસમ ડુંગર, સંત શિરોમણિશ્રી જલારામ બાપાનું વીરપુર, રાજા સિધ્ધરાજના માતા મીનળદેવીએ બંધાવેલ મીનળ વાવ, શક્તિવન, કાગવડ, ખંભાલીડાની બૌધ્ધ ગુફાઓ, જેતપુર પાસેનો ભાદર ડેમ, ગોંડલનું સ્વામીનારાયણ મંદિર, ભૂવનેશ્વરી મંદિર, નાથાભાઈ જોષી સ્થાપિત રમાનાથ મંદિર, હિંગોળગઢ અભ્યારણ્ય અને કિલ્લો, દેશ-વિદેશની ઢીંગલીઓનું ડોલ્સ મ્યુઝિયમ, ઈ.સ. ૧૮૫૬માં સ્થાપાયેલી ૧૬૦ વર્ષ જૂની લેંગ લાઈબ્રેરી સહિતના સ્થળો અહીં આવેલા છે. રાજકોટ, ઘેલા સોમનાથ અને ઓસમ પાટણવાવમાં ભરાતા લોકમેળા પણ સુપ્રસિધ્ધ છે.

**મોરબી :** દેશ અને દુનિયામાં સિરામિક,ઘડિયાળ, બરફના ગોલાથી સુપ્રસિધ્ધ મોરબી જિલ્લામાં આર્ય સમાજના સ્થાપક મહર્ષિ દયાનંદ સરસ્વતીનું જન્મ સ્થળ ટંકારા આવેલ છે. જયા વૈદિક ધર્મનું અભ્યાસ કેન્દ્ર ચાલે છે. મહાત્મા ગાંધીના ગુરુ શ્રીમદ રાજચન્દ્રાચાર્યનુ



જન્મ સ્થળ વવાણીયા આવેલ છે. મોરબીના મહારાજા લખધીરસિંહે ૧૯૪૬માં બંધાવેલુ પિતૃ તર્પણ માટે જાણીતુ રફાળેશ્વર મંદિર, શ્રી ખોડિયાળ માતાનું મંદિર માટેલ, રતનપરમાં આવેલ શ્રી રામચરિત માનસ મંદિર વગેરેના દર્શન કરવા શ્રધ્ધાળુઓ અવિરત આવતા રહે છે, વાંકાનેર નજીકના તીથવા ગામના ડુંગર ઉપર આવેલ સ્વયંભૂ જડેશ્વર મંદિર, તત્કાલીન રાજવીઓનો વાંકાનેર પેલેસ, નવલખી બંદર વગેરે પણ જાણીતા પ્રવાસન સ્થળો છે. મોરબીમાં રફાળેશ્વર, રતનપર વગેરે ખાતે ભરાતા લોકમેળા સુપ્રસિધ્ધ છે.

**કચ્છ :** તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ લોકપ્રિય અભિનેતા અમિતાભ બચ્ચન પાસે કચ્છના રણને પ્રસિધ્ધિ અપાવી હતી, જેને લીધે આજે દેશ-દુનિયામાંથી લોકો કચ્છ જોવા માટે આવી રહ્યા છે તેમજ રાજ્ય સરકાર દ્વારા પ્રતિ વર્ષ ભુજથી ૬૦ કિમી દૂર આવેલ ધોરડો ખાતે રણ ઉત્સવ યોજાય છે, જેની દેશ અને દુનિયાના પ્રવાસીઓ મુલાકાત લેતા હોય છે. રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા અહી સમીટ યોજાઈ છે. કચ્છમાં સુપ્રસિદ્ધ માં આશાપુરાનો માતાનો મઢ, નારાયણ સરોવર, કોટેશ્વર મહાદેવ મંદિર, હાજી પીરનો મેળો પણ અનેક શ્રદ્ધાળુઓને આસ્થાનું કેન્દ્ર છે. માંડવી અને મુન્દ્રાના પોર્ટ, અંજારમાં જેસલ તોરલની સમાધિ, ધોળા વીરાની પ્રાચીન સંસ્કૃતિના પુરાવા સમૂહ, માંડવીમાં દરિયા ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા નિર્મિત શ્યામાપ્રસાદ વર્મા સ્મૃતિ સ્મારક તેમજ ભુજમાં સ્મૃતિ વન, ભુજીયો, કાળો ડુંગર, હમીરસર તળાવ, આયના મહેલ, વિજય વિલાસ પેલેસ, સહીતના સ્થળો આવેલ છે.

**જામનગર :** ભારતીય સેનાની ત્રણેય પાંખો(નેવી, આર્મી, એરફોર્સ) આવેલી છે એવા છોટી કાશી, બ્રાસ સીટી અને બાંધણીના નગર તરીકે ઓળખાતા આ જિલ્લામાં બાલા હનુમાન, રણજીત સાગર ડેમ, વિકિયા વાવ, મોડપર કિલ્લો, જોડિયા, મરીન નેશનલ પાર્ક ખીજડીયા પક્ષી અભ્યારણ, રણજીત સાગર ડેમ, પીરોટન ટાપુ, નરારા ટાપુ સહિતના વિવિધ પ્રાકૃતિક અને જીવસૃષ્ટીને માણવાલાયક સ્થળો આવેલા છે. ધ્રોલમાં ભૂચર મોરીનું મંદિર, બાલાચડી સૈનિક સ્કુલ વગેરે પણ આવેલા છે.

**દેવભૂમિ દ્વારકા :** દેશના ચાર ધામો પૈકી એક ધામ તથા ૧૨ જ્યોર્તિલિંગમાંથી એક એવું નાગેશ્વર જ્યોતિર્લિંગ, શારદાપીઠ, દાંડી હનુમાન, બ્લુ ફ્લેગ ધરાવતો શિવરાજપુર બીચ, તેમજ ડની પોઈન્ટ , ગોમતી ઘાટ, પીંડારા, દ્વારકાનો દરિયા કિનારો, બેટ દ્વારકા, પવિત્ર ગોમતી તટ પર આવેલ ભગવાન શ્રીકૃષ્ણનુ અતિ લોકપ્રિય અને ૧૪૦૦૦ વર્ષ ની તવારીખ ધરાવતુ ભગવાન શ્રી દ્વારકાધીશનું મંદિર, રુકમણી દેવીનું મંદિર પણ લોકો માટે આસ્થાનું કેન્દ્ર ગણાય છે. બરડો ડુંગર, નવલખી ઘુમલી મહેલ, વિર માંગડા વાળાની જગ્યા, કિલ્લેશ્વર મહાદેવ, ગોપનાથ મંદિર, હાથલામાં શનિદેવ મંદિર, સિદસર ઉમિયા મંદિર, ઈન્દ્રેશ્વર મંદિર વગેરે આવેલા છે.

### એશિયન ગેમ્સના ત્રીજા દિવસે ભારત વધુ સફળતા મળી

# મેન્સ હોકીમાં ભારતનો સિંગાપોર સામે ૧૬-૧થી આસાન વિજય



। હાંગઝોઉ, તા.૨૬ ।

ભારતીય મેન્સ હોકી ટીમે એશિયન ગેમ્સમાં ગ્રુપ સ્ટેજની બીજી મેચમાં સિંગાપોરને ૧૬-૧થી હરાવ્યું હતું. ભારતે શરૂઆતથી જ મેચમાં લીડ જાળવી રાખી હતી. ભારતે પહેલા ક્વાર્ટરમાં ૧ ગોલથી શરૂઆત કરી હતી. ત્યારબાદ ભારતીય ટીમે સતત ગોલ કરવાનું ચાલુ રાખ્યું અને મેચમાં શાનદાર જીત મેળવી હતી. ભારતીય હોકી ટીમના કેપ્ટન હરમનપ્રીત સિંહે ૪ ગોલ કર્યા હતા. જયારે મનદીપ સિંહે ગોલની હેટ્રિક લગાવી હતી. ભારતીય હોકી ટીમે આ પહેલા ગ્રુપ સ્ટેજમાં ઉઝબેકિસ્તાનને ૧૬-૦થી હરાવ્યું હતું. આજની મેચમાં ભારત માટે પ્રથમ ગોલ મનદીપ સિંહે ૧૩મી મિનિટમાં કર્યો હતો. ભારતે પ્રથમ હાફમાં ૬-૦ની લીડ મેળવી લીધી હતી. ત્રીજા ક્વાર્ટરના અંત સુધીમાં ભારતે ૧૧-૦ની લીડ મેળવી લીધી હતી. વરુણ કુમારે ૫૫મી મિનિટે સતત બે ગોલ કરીને ભારતને ૧૬-૧ સુધી પહોચાવ્યું હતું. આ રીતે ભારતે સિંગાપોર સામે શાનદાર જીત મેળવી હતી. હોકી ઉપરાંત આજે એશિયન ગેમ્સમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે સ્કવોશની મેચ પણ રમાઈ હતી. ભારતની જોશના ચિનપ્પાએ બીજી મેચ ૩-૦થી જીતી હતી. આ સાથે ભારતે પાકિસ્તાન સામે ૨-૦ની લીડ મેળવી લીધી છે.




અમૃતસરમાં ૩૧મી નોર્ધન ઝોનલ કાઉન્સિલ (એનઝેડસી)ની બેઠક દરમિયાન ઉત્તરી રાજ્યોના રાજ્યપાલો અને પંજાબના મુખ્યમંત્રી સાથે ગૃહમંત્રી અમિત શાહ જોઈ શકાય છે.

### મહિના પહેલાં દેશમાં ટામેટાંના ભાવ કિલોના ૨૦૦ રૂપિયા હતા

# હવે ટામેટાએ ખેડૂતોને રોવડાવ્યાં, કિલોના ૩-૫ રૂપિયામાં વેચવા મજબૂર

। મુંબઈ, તા.૨૬ ।

એક મહિના પહેલા સુધી જે ટામેટા જથ્થાબંધ બજારોમાં ૨૦૦ રૂપિયા અને છૂટક બજારોમાં ૨૨૦ રૂપિયા કિલો મળી રહ્યા હતા, આજે તેને ઉગાડતા ખેડૂતો પરેશાનીમાં છે. મહારાષ્ટ્રમાં એક મહિના પહેલા ટામેટાના ભાવ ૨૦૦ રૂપિયા પ્રતિ કિલોથી ઘટીને ૩થી ૫ રૂપિયા પ્રતિ કિલો થઈ ગયા છે. જેથી અહીંના ખેડૂતોને તેમના પાકને નષ્ટ કરવાની ફરજ પડી રહી છે. બમ્પર ઉત્પાદન પછી ટામેટાના ભાવમાં ભારે ઘટાડો થયો હતો. પૂણેના જથ્થાબંધ બજારમાં ટામેટાના ભાવ ઘટીને ૫ રૂપિયા પ્રતિ કિલો થઈ ગયા છે. પિંપલગાંવ, નાસિક અને લાસલગાંવની ત્રણ જથ્થાબંધ મંડીઓમાં ટામેટાંના સરેરાશ જથ્થાબંધ ભાવ છેલ્લા ૬ અઠવાડિયામાં ૨,૦૦૦ રૂપિયા પ્રતિ ક્રેટથી ઘટીને ૯૦ રૂપિયા થઈ ગયા છે. આ ઉપરાંત કોલ્હાપુરમાં છૂટક બજારમાં ટામેટા ૨થી ૩ રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહ્યા છે. લગભગ એક મહિના પહેલા અહિયાં ટામેટાના ભાવ ૨૨૦ રૂપિયા હતા. છેલ્લા કેટલાક અઠવાડિયામાં જથ્થાબંધ બજારોમાં ભાવમાં ઘટાડો થવાના કારણે પુણે જિલ્લાના જુન્નર અને અંબેગાંવ તાલુકાઓમાં ખેડૂતોએ ટામેટાની ખેતી છોડી દેવાનું શરૂ કર્યું હતું. મહારાષ્ટ્રના સૌથી મોટા જથ્થાબંધ બજાર પિંપલગાંવ એપીએમસીમાં દરરોજ લગભગ ૨ લાખ ક્રેટ ટામેટાની હરાજી કરવામાં આવી રહી છે. રાજ્યના કૃષિ વિભાગ દ્વારા આપવામાં આવેલા આંકડા અનુસાર નાસિક જિલ્લામાં ટામેટાનો સરેરાશ વિસ્તાર ૧૭,૦૦૦ હેક્ટર છે, જેમાં ૬ લાખ મેટ્રિક તન ઉત્પાદન થાય છે, પરંતુ આ વર્ષે ટામેટાની ખેતી બમણી થઈને ૩૫,૦૦૦ હેક્ટર થઈ ગઈ હતી, જેનું અનુમાનિત ઉત્પાદન ૧૨.૧૭ લાખ મેટ્રિક ટન છે. જુલાઈ મહિનામાં જયારે પુણે જિલ્લાના નારાયણગાંવ બજારમાં જથ્થાબંધ ભાવ ૩,૨૦૦ રૂપિયા પહોંચી ગયા હતા ત્યારે ઘણાં ખેડૂતોએ ભારે નફાની આશામાં ટામેટાંની ખેતી કરવાનું શરૂ કર્યું હતું.

### ND vs AUS : ત્રીજી ODIમાં ગિલ નહીં કરે ઓપનિંગ

# રોહિત શર્માનો ઓપનિંગ પાર્ટનર ઈશાન કિશન હશે



। રાજકોટ, તા.૨૬ ।

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની શ્રેણીની ત્રીજી ODI ૨૭ સપ્ટેમ્બરે રાજકોટમાં રમાશે. ટીમ ઈન્ડિયાનો કેપ્ટન રોહિત શર્મા આ મેચથી ટીમમાં વાપસી કરશે. રોહિત સિરીઝની પ્રથમ બે મેચનો ભાગ નહોતો અને તેને અન્ય કેટલાક વરિષ્ઠ ખેલાડીઓ સાથે આરામ આપવામાં આવ્યો હતો. રાજકોટમાં યોજાનારી આ વનડે મેચમાં ઓપનિંગની જવાબદારી પણ રોહિત સંભાળશે. જોકે, તેનો ઓપનિંગ પાર્ટનર શુભમન ગિલ નહીં, પરંતુ યુવા ખેલાડી હશે. ભારતીય ટીમે ઓસ્ટ્રેલિયા સામેની શ્રેણીની પ્રથમ બંને વનડે જીતી લીધી છે. હવે તેનું લક્ષ્ય ત્રીજી વનડે જીતીને ૩-૦થી ક્લીન સ્વીપ કરવાનું છે. ભારત અને ઓસ્ટ્રેલિયાની ટીમો ૨૭મી સપ્ટેમ્બરે રાજકોટના SCA સ્ટેડિયમમાં પ્રવેશ કરશે. રોહિત શર્મા કેપ્ટન તરીકે ટીમ ઈન્ડિયામાં વાપસી કરશે. આ પહેલા કેએલ રાહુલે ટીમની કમાન સંભાળી હતી અને બંને વનડેમાં ઓસ્ટ્રેલિયાને હરાવ્યું હતું. દરમિયાન, મોટી અપડેટ એ છે કે શુભમન ગિલ ત્રીજી વનડેમાં રોહિત શર્માનો ઓપનિંગ પાર્ટનર નહીં હોય. તેની જગ્યાએ ઈશાન કિશન આ જવાબદારી સંભાળશે. શ્રેણીની પ્રથમ બે વનડેમાં રોહિતની ગેરહાજરીમાં રૂતુરાજ ગાયકવાડે શુભમન ગિલ સાથે ઓપનિંગ કરી હતી. અન્ય અપડેટ એ છે કે અક્ષર પટેલ વર્તમાન સિરીઝની છેલ્લી મેચ રમવા માટે પણ ફિટ નથી. રોહિત ઉપરાંત મહાન બેટ્સમેન વિરાટ કોહલી અને ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા પણ ટીમમાં વાપસી કરશે.

## પેગાટ્રોને આઈફોન એસેમ્બલીને અસ્થાયીરૂપે અટકાવી દીધી

। ચેન્નાઇ, તા.૨૬ ।

એપલ સપ્લાયર પેગાટ્રોને રવિવારે રાત્રે આગની ઘટના બાદ સોમવારે તામિલનાડુમાં તેની ફેસિલિટી ખાતે આઈફોન એસેમ્બલીને અસ્થાયી રૂપે અટકાવી દીધી હતી. તાઈવાનની કંપનીએ તમિલનાડુમાં ચેન્નાઈ શહેરની નજીકની ફેકટરીમાં તમામ પાળીઓ બંધ કરી દીધી છે, અને ઉત્પાદન સુવિધા ફરીથી ક્યારે કાર્યરત થશે એ અંગે કોઈ માહિતી આપવામાં નથી આવી, એમ સૂત્રોએ ઉમેર્યું હતું. ભારતમાં એપલના આઈફોનના ઉત્પાદનમાં પેગાટ્રોનનો હિસ્સો ૧૦ ટકા છે. એક અંદાજ મુજબ એપલ આ વર્ષે ભારતમાં નવ મિલિયનથી વધુ આઈફોનવેચશે. ૨૦૧૭ માં વિસ્ટ્રોન અને પછી ફોક્સકોન દ્વારા ભારતમાં આઈફોનની એસેમ્બલી શરૂ કરી છે. પેગાટ્રોને ગયા વર્ષે સપ્ટેમ્બરમાં તામિલનાડુ ખાતે ભારતમાં આઈફોનએસેમ્બલી શરૂ કરી હતી.






ઉત્તરપ્રદેશના ગાઝિયાબાદમાં ૨૫ અને ૨૬ સપ્ટેમ્બરના રોજ 'ભારત ડ્રોન શક્તિ ૨૦૨૩'નું આયોજન કરવામાં આવ્યું છે. હિંડન એરફોર્સ સ્ટેશન પર આયોજિત આ બે દિવસીય કાર્યક્રમમાં સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે ભાગ લીધો હતો, જ્યાં તેમણે 'સર્વ ધર્મ પૂજા'માં ભાગ લીધો હતો. આ પ્રસંગે વાયુસેનાના વડા એર ચીફ માર્શલ વી.આર. ચૌધરી, એરફોર્સ અને એરબસના વરિષ્ઠ અધિકારીઓએ પણ ભાગ લીધો હતો.

### યુક્રેન અને રશિયા વચ્ચેનું યુદ્ધ ભયાવહ સ્તરે

# યુક્રેનના મિસાઈલ હુમલામાં રશિયાના કમાન્ડર સહિત ૩૪ અધિકારી ઠાર

### યુક્રેને દાવો કર્યો હતો કે ક્રીમિયામાં બ્લેક સીની ફ્લિટમાં હેડક્વાર્ટર પર મિસાઈલ હુમલામાં આ પ્રકારની કાર્યવાહી કરવામાં આવી હતી

। મોસ્કો, તા.૨૬ ।

યુક્રેન અને રશિયા વચ્ચેનો યુદ્ધ ભયાવહ સ્તરે પહોંચી ગયો છે. રશિયા તાબડતોબ એરસ્ટ્રાઈક કરી રહ્યું છે ત્યારે યુક્રેન પણ તેનો સજ્જડ રીતે મુકાબલો કરી રહ્યું છે. યુક્રેનના વિશેષ દળોએ દાવો કર્યો હતો કે રશિયાના સેવસ્તોપોલ બંદરે બ્લેક સીની ફ્લિટના કમાન્ડર અને રશિયાના સૌથી વરિષ્ઠ નેવી ઓફિસરમાંથી એક એડમિરલ વિક્ટર સોકોલોવને ઠાર મરાયો હતો અને ટોચના નેવી કમાન્ડર સહિત ૩૪ અધિકારીઓને મોતને ઘાટ ઉતારી દેવાયા હતા. યુક્રેને દાવો કર્યો હતો કે ક્રીમિયામાં બ્લેક સીની ફ્લિટમાં હેડક્વાર્ટર પર મિસાઈલ હુમલામાં આ કાર્યવાહી કરવામાં આવી હતી. જ્યારે રશિયાના સંરક્ષણ મંત્રાલયને આ મામલે ટિપ્પણી કરવા કહેવાયું તો તાત્કાલિક ધોરણે આ મામલે પ્રતિક્રિયા આપવાનું ટાળ્યું હતું. રશિયા ન તો આ ઘટનાને



સ્વીકારી રહ્યું છે અને ન તો તેને નકારી રહ્યું છે. યુક્રેને તાજેતરના દિવસોમાં ક્રીમિયા પર એરસ્ટ્રાઈક વધારી દીધી છે. આ એક મહત્ત્વપૂર્ણ ક્ષેત્ર અને વ્યૂહાત્મક દષ્ટિએ મહત્ત્વપૂર્ણ પોઈન્ટ છે. અહીંથી રશિયાએ ૧૯ મહિના લાંબ યુદ્ધમાં યુક્રેન પર અનેક હવાઈ હુમલા કર્યા હતા. જો રશિયન નેવી કમાન્ડરના મોતની પુષ્ટી થશે તો સોકોલોવની હત્યા ક્રીમિયા પર કીવનો સૌથી ઘાતક હુમલો સાબિત થશે.

### કેનેડા-ભારત વચ્ચે સબંધોમાં તણાવ

# રોજ ભારતના ૬૦૦થી વધુ લોકો ભારત છોડે છે : ૨૦ની પસંદ કેનેડા

### ૨૦૧૮ અને ૨૦૨૩ વચ્ચે જે ભારતીયોએ પોતાના દેશનું નાગરિકત્વ છોડ્યું તેમાંથી ૧.૬૦ લાખ લોકો કેનેડાના સિટિઝન બન્યા છે

। નવી દિલ્હી, તા.૨૬ ।

કેનેડા અને ભારત વચ્ચેના સંબંધોમાં તણાવ છે પરંતુ ભારતની સિટિઝનશિપ છોડનારા લોકોમાં અમેરિકા પછી કેનેડા સૌથી ફેવરિટ હોવાનું જોવા મળ્યું છે. વર્ષ ૨૦૧૮ અને ૨૦૨૩ વચ્ચે જે ભારતીયોએ પોતાના દેશનું નાગરિકત્વ છોડ્યું તેમાંથી ૧.૬૦ લાખ લોકો કેનેડાના સિટિઝન બન્યા છે. અન્ય દેશોનું નાગરિકત્વ સ્વીકારવાની વાત આવે ત્યારે અમેરિકા નંબર વન છે જ્યારે કેનેડા બીજા ક્રમ પર છે. વર્ષ ૨૦૨૨માં ૨.૨૦ લાખ લોકોએ ભારતીય નાગરિકત્વ છોડ્યું હતું. એટલે કે રોજના ૬૦૩ લોકો ભારતીય નાગરિકત્વ છોડતા હતા અને તેમાંથી ૨૦ ટકાએ કેનેડા પર પસંદગી ઉતારી હતી. વિદેશ મંત્રાલયે તાજેતરમાં આંકડા જાહેર કર્યા છે તેના પરથી સ્પષ્ટ




જોઈ શકાય છે કે ભારતીયોમાં કેનેડા અત્યંત લોકપ્રિય દેશ છે. પાંચ વર્ષની અંદર ૮.૪ લાખ લોકોએ ભારતીય સિટિઝનશિપનો ત્યાગ કર્યો હતો.

તેમાંથી ૧.૬૦ લાખ લોકો એટલે કે ૨૦ ટકાએ કેનેડાની સિટિઝનશિપ સ્વીકારી છે. અમેરિકાના અને કેનેડા બંનેનો સરવાળો કરવામાં આવે તો ૫૮.૪ ટકા લોકોએ આ બે દેશની સિટિઝનશિપ સ્વીકારી છે. વિદેશ મંત્રાલયના ડેટા પરથી એ પણ જાણવા મળે છે કે લોકો પોતાની પસંદગી બદલતા રહે છે અને જે દેશમાં વધારે તક જણાય ત્યાં શિફ્ટ થવાનું પસંદ કરે છે. તેના કારણે જ કેનેડા હવે ટોચના ફેવરિટ દેશોમાં આવી ગયું છે. ખાસ કરીને ત્યાં સારા પગાર, રોજગારીની તક, સારી એજ્યુકેશન અને હેલ્થ સિસ્ટમ તથા ભારતીય સમુદાયની મોટી સંખ્યાના કારણે તેને વધારે પસંદ કરવામાં આવે છે. હાલમાં ભારત અને કેનેડા વચ્ચે ડિપ્લોમેટિક તણાવ ચાલે છે અને બંને દેશોએ પોતપોતાના નાગરિકોને સાવધાન રહેવાની સલાહ આપી છે. છતાં કેનેડા માટે ભારતીયોના આકર્ષણમાં કોઈ ઘટાડો થાય તેવી શક્યતા ઓછી છે.૨૦૧૮થી ૨૦૨૩ વચ્ચે પાંચ વર્ષના સમયગાળામાં ૮.૪૦ લાખ ભારતીયોએ પોતાનું નાગરિકત્વ છોડ્યું છે અને તેઓ અલગ અલગ ૧૧૪ દેશોના નાગરિક બન્યા છે જેમાં અમેરિકા અને કેનેડા ટોચ પર છે.

### એપલ ભારતમાં સતત રોકાણ કરી રહી છે

# ભારતમાં બનેલા આઈફોન સપ્લાય કરવામાં એપલ નંબર-૧ રહ્યું છે

। નવી દિલ્હી, તા.૨૬ ।

દુનિયાભરમાં જાણીતી સ્માર્ટફોન કંપની એપલ ભારતમાં સતત રોકાણ કરી રહી છે. એપલ ચીન પર પોતાની નિર્ભરતા ઓછી કરવાનું પ્રયત્ન કરી રહ્યું છે. જેથી તેણે ગત વર્ષોમાં ભારતમાં આઈફોન બનાવવું શરુ કર્યું છે. એપલ સિવાય સેમસંગ જેવી બ્રાંડ પણ ભારતમાં પોતાના સ્માર્ટફોનનું નિર્માણ કરે છે. પરંતુ દુનિયાભરમાં ભારતમાં બનેલા આઈફોન સપ્લાય કરવામાં એપલ નંબર-૧ બ્રાન્ડ બની ગઈ છે. ગયા જૂન કવાર્ટરમાં મેડ ઈન ઈન્ડિયા મોબાઈલ એક્સપોર્ટ (મેડ ઈન ઈન્ડિયા મોબાઈલ એક્સપોર્ટ) માં એપલ બ્રાંડ ટોપ પર રહી છે. પહેલીવાર એપલએ ભારતથી સ્માર્ટફોન ઈમ્પોર્ટ કરવાના મામલે (એપલ ઓવરટેકન સેમસંગ ઈન સ્માર્ટફોન ઈમ્પોર્ટ ફ્રોમ ઈન્ડિયા) સેમસંગને પાછળ છોડી દીધું છે. એપલએ દેશના કુલ ૧૨ મિલિયન શિપમેન્ટમાંથી ૪૯ ટકાની શિપિંગ કરી છે જયારે સેમસંગે માત્ર ૪૫ ટકા જ શિપિંગ કરી છે. એપલ તરફથી ભારતમાં આઈફોન મેન્યુફેક્ચરિંગ (આઈફોન મેન્યુફેક્ચરિંગ ઈન ઈન્ડિયા) પર સતત રોકાણ કરવામાં આવી રહ્યું છે, જેના માટે એપલ ભારતને સૌથી યોગ્ય માર્કેટ માને છે. જેના પાછળ બે કારણો છે : ભારતમાં સ્માર્ટફોન બનાવવું સસ્તું છે. આ સાથે ભારત સરકાર સ્થાનિક સ્તરે સ્માર્ટફોન બનાવવા માટે ઘણી છૂટ આપી રહી છે. ભારત પોતે સ્માર્ટફોનનું એક મોટું માર્કેટ છે. એપલએ ભારતમાં આઈફોનનું મેન્યુફેક્ચરિંગ વર્ષ ૨૦૧૭માં શરુ કર્યું હતું. સૌથી પહેલા એપલએ ભારતમાં આઈફોન એસઈની મેન્યુફેક્ચરિંગ કરી હતી. જયારે વર્ષ ૨૦૨૨થી એપલ ભારતમાં આઈફોન ૧૪ના જૂના મોડલનું મેન્યુફેક્ચરિંગ કરી રહ્યું છે.

### ભારતીય જાસૂસી તંત્રએ કેનેડાને ખાલિસ્તાની આતંક અંગે જાણ કરી હતી

# ટ્રુડો સરકારે વોટ બેન્ક પોલિટિક્સને અનુસરીને ખાલિસ્તાનીઓને સેઈફ હેવન આપવાનું ચાલુ રાખ્યું

### એન.આઈ.એ કેનેડાની આર.સી.એમ.પી. સાથે ૨૦૨૦માં એક એમઓયુ પણ સાઈન કર્યું હતું છતાં તેમાં કોઈ પરિણામ આવ્યું નહીં

। નવી દિલ્હી, તા.૨૬ ।

૨૦૧૪માં થયેલાં આતંકી તોફાનો પછી ભારતીય સલામતી એજન્સીઓએ કેનેડાની સલામતી એજન્સીઓનો સંપર્ક સાધી તેમને જણાવ્યું હતું કે, ખાલીસ્તાનીઓ તમારા દેશમાં આશ્રય લઈ રહ્યાં છે, ત્યારે ઓટવાએ કહ્યું હતું કે ભારતીય જાસૂસી માહિતી અમોને મળી જ નથી. આવું કોઈ વ્યવસ્થિત તંત્ર અમારા દેશમાં છે જ નહીં. વળી જાસૂસી માહિતી તે પુરાવો કરી પણ શકાય નહીં. આ પછી એન.આઈ.એ કેનેડાની આર.સી.એમ.પી. (જાસૂસી) સંસ્થા સાથે ૨૦૨૦માં એક મેમોરેન્ડમ ઓફ અન્ડર સ્ટેન્ડીંગ (એમઓયુ) પણ સાઈન કર્યું હતું છતાં તેમાં કોઈ પરિણામ આવ્યું નહીં. કારણ કે ટૂડો સરકારે 'વોટ બેક્ર પોલિટિક્સ'ને અનુસરી ખાલિસ્તાનીઓને 'સેઈફ હેવન' આપવાનું ચાલુ રાખ્યું હતું. ભારતીય જાસૂસી તંત્રે તાજેતરમાં મેળવેલી માહિતી ઉપરથી એક 'ડોસ્સીયર' તૈયાર કર્યું હતું. જેમાં કેનેડાના નાગરિકો બની રહેલા કેટલાયે શિખોનાં પ્રતિબંધિત તેવા 'ઈન્ટરનેશનલ શિખ યુથ ફેડરેશન' (આઈએસવાયએફ) અને ખાલિસ્તાન લિબરેશન ફોર્સ (કે.એલ.એફ) સાથેનાં જોડાણો નોંધવામાં આવ્યાં છે. એક તરફ નિજ્જર ખાલીસ્તાનીઓને 'શસ્ત્ર-સજ્જ' કરી રહ્યો હતો ત્યારે ટૂડોએ (વોટ બેક્ર પોલિટિક્સને લીધે) 'આંખ આડા કાન' કરે જ રાખ્યા હતા. આ પૈકી એક ગુરજિત




સિંહ ચીમા છે. ૫૦ વર્ષનો આ ચીમા ટ્રક ડ્રાઈવર તરીકે કામ કરે છે. તે પંજાબથી કેનેડા જઈ વસ્યો છે અને આઈએસવાયકે, કેએલએફનો સભ્ય છે. ટોરેન્ટો સ્થિત, 'સિંઘ ખાલસા સેવા કલબનો સભ્ય છે.' અત્યારે તે બેમ્પટન ઓનીટોરિયોમાં વસે છે. તે ૨૦૧૭માં ભારત આવ્યો હતો તે સરબજિતે આતંકી જૂથમાં જોડાવા સમજાવ્યો હતો. ગુરજિન્દર સિંઘ પન્નુ ૨૮ વર્ષનો પન્નુ અત્યારે ઓન્તોરિયોનાં ઈસ્ટ હેલિન્ટનમાં રહે છે તે પણ આઈએસવાયકે, કેએલએફનો સક્રિય કાર્યકર છે. તે માર્ચ ૨૦૧૭માં ભારત આવ્યો હતો અને સ્થાનિક શસ્ત્રો ખરીદી તેણે ગ્વાલિયરમાં બલ્કારસિંહને પહોંચાડયા હતાં. તેણે ગુરજિતસિંહ ચીમાની જેમ પાકિસ્તાન પાસેથી પણ શસ્ત્રો મેળવ્યાં હતાં.

## તંત્રી લેખ...

# સ્કૂલ જનારાં બાળકો ઇન્ટરનેટ મીડિયાના આદતી થઈ ગયા છે

સગીરોમાં ઈન્ટરનેટના વધતા ઉપયોગ અને તેની સાથે જોડાયેલા નુકસાનને રેખાંકિત કરતાં કર્ણાટક હાઈકોર્ટે હાલમાં જ સૂચના આપતાં કહ્યું છે કે વયસ્ક થાય ત્યારે જ તેમને ઈન્ટરનેટ મીડિયાનો ઉપયોગ કરવાનો અવસર આપવો જોઈએ. વસ્તુતઃ જસ્ટિસ જી. નરેન્દ્ર અને જસ્ટિસ વિજયકુમાર એ. પાટીલની ખંડપીઠ એક્સ કોર્પ (ટ્વિટર) સાથે જોડાયેલી એક અપીલની સુનાવણી કરી રહી હતી. આ દરમ્યાન આ ટિપ્પણી પણ કરવામાં આવી હતી. ખંડપીઠે કહ્યું, 'સ્કૂલે જનારાં બાળકો ઈન્ટરનેટ મીડિયાના આદતી થઈ ગયા છે, તેથી તેને રોકવું પડશે.' હવેના જમાનામાં સ્માર્ટફોન સ્ક્રીન વાલીઓ માટે એક અંતહીન ગુસ્સાનું કારણ બની રહી છે. એક તરફ બાળકો સ્માર્ટ ફોન ઈચ્છતા હોય છે, તો બીજી તરફ વાલીઓ ભલે સ્માર્ટફોનના વ્યસની બની ગયા હોય અને એ જાણવા છતાં કે ઈન્ટરનેટ-માં ઘણી બધી ચીજો બાળકો માટે છે, તે તેમને આપવા પણ માંગે છે અને નહીં પણ, આ બધું મળીને ભારતીય ઘરોમાં માનસિક દ્વંદ્વનો એક પરિવેશ રચાય છે, જેનાથી દરેક પરિવાર પીડિત છે. જોકે માધ્યમોની પસંદગીને લઈને ભારતીય ઘરોમાં આ દ્વંદ્વ નવો નથી. પહેલાં રેડિયો સાંભળવા, પછી ટીવી જ્યારે ઘરે ઘરે પહોંચ્યું તો એવું જ કંઈક તેની સાથે થયું કે આ બાળકોને બગાડી મૂકશે, તેમને વધુ ટીવી ન જોવા દેવું જોઈએ, એવી ચર્ચાઓ દરેક ઘરની કહાની હતી. પરંતુ સ્માર્ટફોનની કહાની આ બધા માધ્યમોથી અલગ છે. આ એક બહુ શક્તિશાળી માધ્યમ છે જેની સાથે ફોન અને કેમેરા લાગેલો છે, જે આપણા ખિસ્સામાં આવી જાય છે અથવા એમ કહો કે તે આપણે વ્યસ્ત રહેવા માટે ઉશ્કેરે છે અને પછી આપણી વ્યાકુળતાના સ્તરને વધારે છે અને અંતમાં આપણને તેના વ્યસની બનાવી દે છે. બાળકો મામલે આ સ્થિતિ વધુ ગંભીર થઈ જાય છે, કારણ કે સ્માર્ટફોન એક માધ્યમ રૂપે વધુ વ્યક્તિગત અને માંગ પર ઉપલબ્ધ કન્ટેન્ટ પ્રદાન કરે છે, જે અંતર વૈયક્તિક સંબંધોની ગતિશીલતાને પ્રભાવિત કરે છે. તેથી તેનાથી દૂર થઈ શકવું તુલનાત્મક રૂપે થોડું મુશ્કેલ હોય છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન અનુસાર, એકથી પાંચ વર્ષનાં બાળકો માટે સ્ક્રીમ ટાઈમ દિવસમાં એક કલાકથી વધારે ન હોવો જોઈએ. ૬થી ૧૪ વર્ષના બાળકો માટે વધુમાં વધુ સ્ક્રીમ ટાઈમ પ્રતિદિન છ કલાક હોવો જોઈએ, પંરતુ માત્ર ત્યારે જ્યારે બાળકે ઓનલાઈન શિક્ષણ લેવાનું હોય. નહિ તો આ સમયસીમા બે કલાક હોવી જોઈએ.માતા-પિતાને પરિપક્વ સામગ્રી સુધી પહોંચને પ્રતિબંધિત કરવા માટે 'એડલ્ટ વેબસાઈટોને સીમિત કરો' વિકલ્પની પસંદગી કરવાની પણ અનુમતિ આપે છે. આ સીમાઓ, જે ગૂગલના એન્ડ્રોઈડ ઓપરેટિંગ સિસ્ટમનો ઉપયોગ કરનારા ફોન પર પણ ઉપલબ્ધ છે, માતા-પિતા દ્વારા એક પાસવર્ડ સેટ કરવા પર નિર્ભર કરે છે, જેને માત્ર તેઓ જ જાણે છે. કોલોરાડો યુનિવર્સિટી, અમેરિકાની એક શોધમાં એ નિષ્કર્ષ નીકળ્યો છે કે વિશ્વના લગભગ ૯૦ ટકા બાળકો (૫ થી ૧૭ વર્ષની ઉંમરના) સ્માર્ટફોન પર વધુ સમય વીતાવી રહ્યા છે, તેથી તેઓ મોડા સૂવે છે અને તેમની ઊંઘની ગુણવત્તા પ્રભાવિત થાય છે.

# ઓનલાઈન ગેમ્સ પર ૨૮ ટકા જીએસટી

જાણીતો ઈતિહાસ છે, લૂડોની રમતમાં, પાંડવો કૌરવોની સામે હારી જતાં, પોતાનું રાજ્ય સાથે દ્રોપદી ને પણ હાર્યા ત્યારેજ મહાભારતનું યુદ્ધ થયું. આજે પણ નાન્હા બાળકોથી વડીલો સુધી લૂડોની રમત રમે છે. વૅકેશન કે રજાના દિવસે, પત્તામાં, રમીની રમત રમાય છે. જુગારની તીનપત્તી, કેસીનો માં કે ક્લબ માં રમાંતી અન્ય રમતો રમાય છે. કુટુંબોમાં મોટા ભાગની રમતો મનોરંજન અથવા સમય પસાર કરવા રમાય છે. ભારતીય તેમજ અનેક વિદેશી રમતો છે. હવે રમતો ઓનલાઈન પણ રમાય છે, જેમકે ચેસ, કેરમ, ક્રિકેટ, પોકર, અંદર બહાર, બ્લૅકજેક કે અન્ય, ઓનલાઈન રમતો લોકપ્રિય થઈ પણ તેમાં પૈસા સાથે જુગારનું તત્વ ઉમેરાયું છે. અત્યારે ઓનલાઈન ગેમિંગ ઉદ્યોગનું મૂલ્ય રૂ. ૨૦૦૦ લાખ થાય છે, જ્યારે રૂ. ૨૫૦ લાખની વાર્ષિક આવક થાય છે, અને સરકારને રૂ. ૧૦૦ લાખનો ટેક્સ મળે છે. ભારતીય ગેમિંગ ઉદ્યોગમાં રૂ. ૫૭૫૦ લાખનું રોકાણ છે. ગત ૧૫ મહિનામાં રૂ. ૧૭૦ લાખનું રોકાણ વધ્યું.

ઓનલાઈન રમતો બે પ્રકારની છે

૧. ગેમ ઓફ સ્કિલઃ રમત રમવા અને જીતવા વિશિષ્ટ યોગ્યતા, નિપુણતા, કૌશલની જરૂર છે.

૨. ગેમ ઓફ ચાન્સઃ રમત જીતવા માટે સંભાવના, તક, અવસર નસીબ સાથે પૈસા ગુમાવા ની જોખમ લેવાની જરૂર છે. (બેટિંગ ગેમ્બલિંગ)

આમ ઉપરની બન્ને પ્રકારની રમતોમાં ગેમ ઓફ સ્કિલ અને ગેમ ઓફ ચાન્સ જેમાં કુશળતા અને અવસર નસીબ બન્નેની જરૂર છે. ઓનલાઈન ગેમમાં કોમ્પુટર, સ્માર્ટ ફોન કે ટેબ્લેટથી રમાય છે. જીતનારને જીતની રકમને એક્શનેબલ ક્લેમ કહેવાય છે. જીએસટી કાયદાની કલમ-૨માં ગૂડ્સ ની વ્યાખ્યામાં એક્શનેબલ ક્લેમ ઉમેરવામાં આવેલ છે. ઓનલાઈન ગેમ રમાંડનાર રમનારને પ્લેટફોર્મનો ઉપયોગ અથવા વેરા પાત્ર સપ્લાય કરે, તેથી, જીએસટી વસૂલવામાં આવે છે. ૧ ઓકટોબર ૨૦૨૩ સુધી ૧૮% જીએસટી લાગે છે. ૧૧ જુલાઈ ના રોજ જીએસટી કાઉન્સિલની ૫૦ મી મીટિંગ થઈ. ગત ત્રણ વર્ષથી ચાલતી ચર્ચા પર પૂર્ણ વિરામ મૂકી સ્પષ્ટતા કરતો, કોઉન્સિલની મીટિંગમાં ઓનલાઈન ગેમિંગ, હોર્સ રેસિંગ અને કેસીનો પર જીએસટી વેરો ૧૮% થી વધારી ૨૮% કરવાનો નિર્ણય લેવાયો છે. ૫૦ મી જીએસટી કોઉન્સિલ મિટિંગમાં લેવાયેલ નિર્ણયની નવી જોગવાઈઓ ચોમાસાની લોકસભામાં પસાર થઈ અને રાષ્ટ્રપતિએ પણ મંજૂરી આપી છે તેથી, હવે એ કાયદો બની ગયો છે. ચાર વ્યક્તિ એકસાથે, એક રમત રમે, વ્યક્તિ દીઠ રૂ. ૧૦૦૦ ની બેટમાં રૂ. ૪૦૦૦ પર ગેમ રમાંડનારને ૧૦% ફી કુલ રૂ. ૪૦૦ મળે. જીએસટી ૧૮% લેખે રૂ. ૭૨ ચૂકવતોં હતો. બદલાયેલ જીએસટી નો દર ૨૮% હિસાબે અને નવી જોગવાઈ પ્રમાણે રૂ. ૪૦૦ ની જગ્યાએ રૂ. ૪૦૦૦ પર ૨૮% રૂ. ૧૧૨૦ જીએસટી ચૂકવવાના થાય. જીએસટીની બે ધારી તલવાર ઓનલાઈન ગેમિંગ પર પડી છે. એક, જીએસટીનો દર ૧૮% થી ૨૮% થયો અને બે ફી ના બદલે રમનાર રમતમાં જેટલા રૂપિયા મૂકે તે રકમ પર જીએસટી વસૂલાશે. વધેલા ૨૮% જીએસટી વેરાથી ઓનલાઈન ગેમિંગના ઉદ્યોગ પર ૪૦૦% બોજ વધેલો માનવામાં આવે છે. નવા કાયદાની એક સકારાત્મક બાજુ પણ છે, રમનાર બેટ પર પૈસા મૂકે તેનાપર જીએસટી વસૂલાશે, રમતની જિતના પૈસા ફરી પાંછા બેટ લગાવે તેનાપર જીએસટી નહીં લાગે. રમતમાં હારી જાય અને બીજા વધારાના પૈસા બેટમા લગાડે તોં જીએસટી લાગશે.

## ભૂકંપ પ્રૂફ મકાનો તૈયાર કરવાની નવીન ટેકનોલોજી

# જાપાન જેવા ભૂકંપોવાળા દેશમાં ફોલ્ડિંગમાં ભૂકંપ પ્રૂફ મકાનો બનાવવામાં આવે છે



સાંપ્રત પ્રવાહો
લેખક : દીપક જગતાપ



દર વર્ષે દેશભરમા ને વિશ્વમા ક્યાંકને ક્યાંક ભૂકંપ થતાં રહે છે. ભૂકંપથી ભારે ખાના ખરાબી અને જાનહાની થતી હોય છે. જ્યારે ભુજના ભૂકંપની તબાહીએ જે રીતે સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવ્યો છે. તે જોતાં પત્તાના મહેલની જેમ ધરતીકંપ ના આંચકાથી ધરાશાયી થતા મકાનોને ફરીથી ઊભા કરવા અને ભવિષ્યમાં ભૂકંપની ખમી શકે તેવા ભૂકંપ મકાનો તૈયાર કરવાની નવી ટેકનોલોજી વિશે વિજ્ઞાન વિચારતું થઈ ગયું છે. ભુજ અમદાવાદના ધરાશાયી થયેલા મકાનો પાછળ નબળા બાંધકામ વાળા મકાના ની ભ્રષ્ટાચારી પણ બહાર આવી છે, અમદાવાદમાં ગુજરાત હાઉસિંગ બોર્ડ શહેરના વિજય નગર વિસ્તારમાં જે મકાનો બન્યા હતા, તે સિમેન્ટ ની મદદ વિના જુના અને રેતીના મિશ્રણમાંથી બનાવાયા હતા. આ કળી ચૂનો કે જે ચૂનાના પથ્થરમાંથી બનાવાય છે. તે રેતી સાથે મિશ્રણ કરીને ચણતર કરવામાં વપરાય છે. જે મજબૂત બને છે જ્યારે તાજેતરમાં ભૂકંપમાં ધરાશાયી થયેલા આ સંખ્યાબંધ મકાનોનો સર્વે કરનાર સર્વેક્ષણ ભટ્ટે જણાવ્યું છે. કે ઉપર રહેલા અને નીચે પાર્કિંગની સુવિધા ધરાવતા ફ્રેમ સ્ટ્રક્ચરવાળા બિલ્ડીંગ જ્યારે ધરતીકંપનો આંચકો આવ્યો ત્યારે તે આજકાલની સાથે જ ઉપર ઉશ્કેરાયેલા અને આચકો શમતાની સાથે આ બિલ્ડિંગ તેના મૂળ વજન સાથે નીચે પછડાતાં હતાં, ધરતીકંપનો આંચકો આવ્યો ત્યારે તેમાં તેના તરંગમાં મકાન જ્યારે ઉચકાય થાય છે,ત્યારે તેને શૃંગ કહે છે અને તેની પાછડાય છે ત્યારે તેને ગર્ત કહે છે. આમ શૃંગ ગર્તની પ્રક્રિયા દરમિયાન શૃંગ સમય ટેન્શન ઊભું થાય છે. અને તે ગર્તમાં પડતા જ કમ્પ્રેશન આવે છે આ અફડાતફડીના કારણે આરસીસી ના કોલમો ને બીમના સાંધાઓ તૂટી જાય છે.

અમદાવાદ જેવા મોટા શહેરોમાં બહુમાળી મકાનો વધતા જઈ રહ્યા છે. જેમાંના મોટા ભાગના ચાર પિલ્લર, કોલમ ઉપર ઊભા રહેલા, નીચે પાર્કિંગ માટે જગ્યા વાળા બાંધકામો વાડી મારતો ભૂકંપથી જલ્દી ધરાશાયી થઈ ગઈ હતી. જોકે મોટા શહેરોમાં આવા આવાસો માટે જમીનની અછત રહેતી હોવાથી ફ્લેટ તથા બહુમાળી ટાવર્સ બાંધવા સિવાય ચાલે તેમ પણ નથી. છતાં બહુમાળી ઈમારતો ભૂકંપના કારણે સૌથી વધુ ભયજનક બને છે. એવી એક છાપ લાતુર અને ભુજના ભૂકંપ પછી લોકમાનસમાં વધુ દ્રઢ બની છે. યુરોપ અને અમેરિકામાં તથા ભૂકંપની શક્યતા વાળા જાપાનમાં પણ ગગનચુંબી ઈમારતો બંધાય છે. અને ભૂકંપના આંચકા સામે ટક્કર ઝીલી લે છે. આ ઈમારતોની ડિઝાઈનમાં તથા એ ડિઝાઈન પ્રમાણે બાંધકામ થાય છે. એની ચીવટ રખાય છે. બાંધકામમાં કોઈપણ જાતની બાંધછોડ ચલાવવાથી ચલાવી લેવાતી નથી. ધરતીકંપ મકાનોને કેટલું નુકસાન થાય છે તે મકાન ના પ્રકાર પર આધાર રાખે છે. જો તે પાકા મકાનો હોય તો પોલાદના માડખાવાળી આધુનિક ઈમારતો હોય તો તે પડી જાય નહીં અને તેમાં રહેતા લોકો સલામત રહેશે. પરંતુ મકાન ઈટ કે પથ્થરના હોય તો છાપરા તથા છત દીવાલો સાથે મજબૂત રીતે ચણેલ ન હોય તો પત્તાના મહેલની જેમ મકાનો તૂટી જાય છે. મેસિના શહેરમાં વર્ષો પહેલાં જ્યારે ધરતીકંપ થયેલો ત્યારે બધા મકાનો ધરાશાયી થઈ ગયા હતા તેમાં ધુતનો દોષ નહીં પરંતુ માનવીનો દોષ હતો, દરેક ઓરડામાં ભોય તળિયે ૧૫ કે વધુ માણસો એકબીજા ઉપર દટાઈ ગયેલા મળી આવ્યા. એક જાપાની વૈજ્ઞાનીએ આ ભૂકંપ નો અભ્યાસ કરવા મોકલવામાં આવ્યો હતો. તેને કહ્યું કે આ શહેર બાંધવું જોઈતું ન હતું. બીજા વિજ્ઞાનિકોએ અને એવા ચુકાદો આપ્યો કે મેસિના શહેર બાંધવામાં ઘણી ભૂલો થઈ હતી. ઘણા મકાનો નદીના ગમે તેવા અડધળ કે પાણા કે ઈટો વડે બાંધવામાં આવ્યા હતા. અને એ ગારા કે સિમેન્ટ વડે બરાબર બેસાડવામાં આવ્યા નહોતા. મકાનોની દિવાલ કા તો બહુ ઓછી હતી કા તો બહુ પાતળી હતી તેમણે મકાનોની છત અને દિવાલો સાથે બરાબર બેસાડી ન હતી, તેથી જ્યાં દીવાલો ઊભી રહી હતી ત્યાં છત અને ભોય તળિયે તૂટી પડી હતી. તેમને નીચા મકાનો પાસે ઊંચી ઈમારતો અને મિનારા બંધાયા હતા,આથી જ્યારે ઊંચી ઈમારતો અને મિનારા તૂટી પડ્યા, ત્યારે નીચા મકાનો તેમની નીચે દબાઈ ગયા. તેમને મેસિના શહેરના રસ્તાઓ એટલા સાંકડા રાખ્યા હતા, કે જ્યારે મકાનો જમીનદોસ્ત થયા ત્યારે ભંગાર વડે રસ્તા સદંતર બંધ થઈ ગયા હતા. આપણે ત્યાં ભૂકંપના તીવ્ર આંચકા સામે તદન સુરક્ષિત એવા મકાનો બાંધવાની ટેકનોલોજી આપણે ત્યાં ઉપલબ્ધ નથી. પરંતુ જાપાન જેવા ભૂકંપોવાળા દેશમાં ફોલ્ડિંગમાં ભૂકંપ પ્રૂફ મકાનો બનાવવામાં આવે છે. જો કે કોઈપણ મકાન ભૂકંપપ્રૂફ ગણાય કે નહીં તેનો આધાર ભૂસ્તરીય આંચકાના રિક્ટર સ્કેલ ઉપર હોય છે,ચણતર જો આવા પ્રકારનું હોય તો ચણતી વખતે જોખમની ગણતરીમાં લેવાયું હોય તો માલહાની કે જાનહાનિ ઓછી થાય છે. તેનું જીવંત ઉદાહરણ ૧૯૮૯માં સાનફ્રાન્સિસ્કો શહેરમાં થયેલા ધરતીકંપ છે. ૧૭ ઓક્ટોબરે આ શહેરમાં લાતુર કરતાં દસગણું તીવ્ર આંચકા વાળો ધરતી ધરતીકંપ થયો હતો. પરંતુ મકાનો ધરાશાયી થયા ન હતા કારણ કે આ પ્રદેશમાં ભૂકંપ પાત્ર હોવાનું જાણ્યા પછી ઈજનેરો એ શોકપ્રૂફ ઈમારતો ચણી હતી.


ધરતીકંપનો આંચકો લાગે છે ત્યારે જમીન મકાન માં પ્રવેશે છે, ઊંચે ચડે છે અને ગણતરીની સેકન્ડોમાં જ આગાસી કે છાપરા ટોચ સુધી પહોંચી જાય છે. જો ઈમારત પાંચ માળના હોય તો ધ્રુજારી ટોચ ઉપર પહોંચતા માત્ર ૨ જ સેકન્ડ જેટલો સમય લાગે છે !! ધ્રુજારીના મોજા જેમ ઊંચે ચડે તેમ તેમ વધુ તીવ્ર બને છે. અને નીચલા માળે કરતા ઉપલા માળે વધુ હચમચાવે છે. બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડઝના નિષ્ણાંતોએ લાંબા સમયના અભ્યાસ પછી નાના ઘરો માટે ફક્ત ભલામણ કરાઈ છે કે નાના ઘરો માટે ભૂકંપ પાત્ર વિસ્તારમાં ૫૦ ફીટ કરતા ઊંચા મકાનો ન બાંધવા અને છતાં બાંધવા પડે તો દિવાલમાં પોલાદના ગાર્ડોરો જડી લેવા. નિષ્ણાતો બાંધકામ માટે વપરાતી ઈટો માટે પણ ચોક્કસ ધોરણો નક્કી કર્યા છે. પ્રત્યેક ચો.કી.મી ૩૫ કિલો ગ્રામનું દબાણ સહન શક્તિના નમુના તેમને પોતે તૈયાર કર્યા છે. ભૂકંપ વખતે હાલક ડોલક થતી દીવાલોમાં ઈટો હંમેશા બેફામપણે દબાઈ જાય છે. એકાદ ઈટ પણ જો ચકનાચુર થાય અને તેના રોડ ખરી પડે તો ઉપરની તથા નીચેની ઈટોની માટે પકડ રહેતી નથી અને તેથી સમગ્ર માળખું તૂટી જાય છે. બાંધકામ કરતી વખતે વિજ્ઞાનીઓ તથા ઈજનેરો સામાન્ય પ્રકારના મકાનનું બાંધકામ કરે ત્યારે ફક્ત વર્ટિકલ દમણ ગણતરીમાં લે છે,તો ત્યાંથી શરૂ કરીને નીચેના દરેક માણસ પોતાના વજનને લીધે જ દબાણ કરે તેને મકાનનો પાયો બરાબર કહી શકે કે કેમ તેનો જ હિસાબ ઈજનેરો માંડે છે. ઊભી લીટીમાં જાણતા પ્રદેશોનો તકાદો જાળવ્યા બાદ તેમની ચિંતા પૂરી થાય છે. પરંતુ જે તે દહાડે જો ભૂકંપ થાય તો મકાનની પ્રેસર આડી લીટી માં જણાય છે,એટલું જ નહીં પણ તેનો આઘાત ખતરનાક નીવડી છે. મુખ્યત્વે વર્ટિકલ દબાણને વેચવા માટે બંધાયેલા મકાનમાં ફરસના અને છત ના સ્લેબ દીવાલ સાથે મજબૂત રીતે જડેલા હોતા નથી. આ જોડાણ સામાન્ય પરિસ્થિતિમાં ટકાઉ ગણાય છતાં હુકમનો સાઈડ ટુ સાઈડ ધક્કો તેને જોતજોતામાં તોડી નાખે છે. દરેક મજલાના સ્લેબ ત્યારે પછી ખરી પડે છે. વર્ષો પહેલા ચીન અને જાપાનના લોકો વૈજ્ઞાનિક નિયમોને અનુસરતા હતા. તે માટે એ સમય બહુમાળી મકાનો ચણવાનો ધારો ન હતો. ઊંચા બાંધકામોમાં ફક્ત બૌદ્ધ પેગોડા નોંધપાત્ર હતા. ભૂકંપ જન્ય આ ઘટના મોતી પેગોડા વિસર્જન ન કરી નાખે એ માટે છત સાથે બંધાયેલી દોરી વડે પોલાદ વજનદાર ગોળો લટકાવવામાં આવતો હતો. ભારેખમ ગોળાનું વજન છતમાં પેદા થતી કંપારીને અમુક હવે શોષી લેતું હતું. આ નુસખાને હવે વર્ષો પછી પુન : યાદ કરવામાં આવ્યો છે. અમેરિકાના ભૂકંપ નિષ્ણાતોએ સાનફ્રાંસીસ્કોનું ચાર મજલાનું ચાર મજલાનું એક મકાન નો બનાવ બનેલા ૯૮ ટકા ઉપર બનાવ્યું છે.જેમાં ધરતીકંપનો સાઈડ ટુ સાઈડ આંચકો લાગે ત્યારે બધા ઉસીકા શોક એબ્ઝર્વર કામ કરે છે. ઓચિંતુ સરકેલી જમીન સાથે તેમની નીચલી સપાટી તરત ખસી જાય છે કેમ કે જમીન સાથે જોડાયેલી છે. પરંતુ આડીલીટીની આ એ ઝટકા નો આઘાત મકાનોને તરત જણાતો નથી.જોકે હવે રબરના ટોપ કાલિયાની ટેકનોલોજી હવે વપરાતી નથી બ્રિટનમાં લન્ડન શહેરમાં આવા લગભગ ૧૦૦ મકાનો રબબનુ પેન્ડિંગ ધરાવે છે. (ક્રમશ)

# મન ઉપર વિશ્વાસ નહીં અંકુશ રાખો આત્મા એ મનનો સાક્ષી છે, દૃષ્ટા છે જે દિવસે મન શુદ્ધ છે, એવી સાક્ષી આત્મા આપે તે દિવસ માનજો કે તમે સંત છો



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા






ભક્તિ શક્તિ આસ્થા શ્રધ્ધા જ માનવીને દિવ્ય જયોત તરફ લઈ જાય છે. ભારતીય સંસ્કૃતિએ એવું નિર્માણ કર્યું છે કે માનવીએ પ્રમાણે જીવન જીવવા માટે પ્રયત્ન કરે તો તે ક્યારેય દુઃખી ન થાય. ભકિત વિનાના જ્ઞાનની શોભા નથી. જે જ્ઞાન-વૈરાગ્યથી દ્રઢ થયેલું નથી, ને મરણને સુધારવાને બદલે મરણને બગાડે એવો સંભવ છે. અંતકાળે આવું જ્ઞાન દગો આપે. મરણને સુધારે છે કેવળ ભક્તિ. ભક્તિ વગરનું જ્ઞાન શુષ્ક છે અને તે મરણને બગાડે છે.વિધિ નિષેધ ની મર્યાદાથી પર બનેલા મોટા-મોટા ઋષિઓ-મહર્ષિઓ પણ ભગવાનના અનંત કલ્યાણ મય ગણોના વર્ણનમાં સદા રત્ રહે છે એવો છે ભક્તિનો મહિમા. જ્ઞાનીને અભિમાન પજવે છે, ભક્તને નહીં. ભક્તિ સદ્ગુણોને લાવે છે. ભક્તિ સર્વ ગુણોની જનની છે. ભક્ત નમ્ર હોય છે. ભક્ત વિનિત હોય છે. જે કથા પાપ છોડાવે અને જાગૃત કરે તે સાચી ભાગવત કથા. માટે ફરી ફરી કહું છું કે, ભગવાનની કથા અને ભગવાનના સ્મરણથી હૃદયને આર્દ્ર બનાવો. તેના મંગલમય નામનો જપ કરો. આ કળિયુગમાં મુક્તિ પામવાનો માર્ગ છે. વિષયોનું બંધન મનુષ્ય છોડે, તો જ મનને સાચા આનંદનું સુખ મળે છે. સંયમ અને સદાચારને ધીમે ધીમે વધારતાં જજો. ભક્તિમાં આનંદ આવશે. આચાર-વિચાર શુદ્ધ હશે, ત્યાં ભક્તિને પુષ્ટિ મળશે.જીવન વિલાસમય થયું એટલે જ ભક્તિ નો વિનાશ થયો છે.ભાગવત શાસ્ત્ર મનુષ્યને કાળના મુખમાંથી છોડાવે છે, મનુષ્યને સાવધાન કરે છે.કાળના મુખમાંથી છૂટવા કાળ ના પણ કાળ શ્રીકૃષ્ણને શરણે જાવ. જે સર્વસ્વ ભગવાન ઉપર છોડે છે તેની ચિંતા ભગવાન પોતે કરે છે.

પિતામહ ભીષ્મ મહાભારતના યુદ્ધમાં દુર્યોધનના ટોણાં સાંભળી પ્રતિજ્ઞા કરે છે કે, આવતીકાલે હું અર્જુનને મારીશ અથવા હું મરીશ, આથી બધા ગભરાયા.કારણ ભીષ્મ પ્રતિજ્ઞા એટલે શું તે બધા જાણતા હતા. શ્રીકૃષ્ણ ભગવાનને પણ ચેન નથી. રાત્રે નિદ્રા ન આવી અત્યારે અર્જુનની શું હાલત થશે એવો વિચાર આવતાં તેઓ અર્જુનના તંબૂમાં ગયા. જઈને જુએ છે તો અર્જુન તો શાંતિથી ઊંઘતો હતો. ભગવાને વિચાર્યું કે, ભીષ્મે આવી ભીષણ પ્રતિજ્ઞા કરી છે, છતાં આ શાંતિથી સૂતો છે. તેમણે અર્જુનને જગાડી ને પૂછ્યું, તેં ભીષ્મની પ્રતિજ્ઞા સાંભળી. અર્જુન કહે.હા સાંભળી શ્રીકૃષ્ણ કહે, અને છતાં તું આમ નિરાંતે ઊંઘે છે? તને મૃત્યુની બીક નથી, ચિંતા નથી? અર્જુન કહે, મારી ચિંતા કરનારો જાગે છે, એ જાણું છું એટલે હું નિરાંતે ઊંઘું છું. તે મારી ચિંતા કરશે. હું શા માટે ચિંતા કરું? અર્જુનની પેઠે બધું ઈશ્વર પર છોડો. મનુષ્યની ચિંતા જ્યાં સુધી ઈશ્વરને માથે ન છોડાય, ત્યાં સુધી તે નિશ્ચિંત થતો નથી. પ્રથમ સ્કંધમાં અધિકાર કથા કહી છે. અધિકાર સિદ્ધ થાય તો સંત મળે છે. અધિકાર વિના સંત મળે, તો તેના તરફ સદ્ભાવ જાગતો નથી. સંતને શોધવાની જરૂર નથી. શોધવાથી પ્રભુ કૃપા થશે નહીં. મન દુર્જન હશે ત્યાં સુધી સંત મળશે નહીં. સંત થશો તો સંત મળી આવશે. કેમ જોવું તે શીખવે એ સંત. સંત જોવાની દૃષ્ટિ આપે છે. સંસારના પદાર્થને જોવામાં આનંદ છે, ભોગવવામાં નથી. સંસાર એ ઈશ્વર નું સ્વરૂપ છે. તેથી જગતને ઈશ્વરમય નિહાળો, મહાપ્રભુજીએ વૈષ્ણવનું લક્ષણ બતાવ્યું છે કે, જેના દર્શનથી શ્રીકૃષ્ણ યાદ આવે તે વૈષ્ણવ. જેના સંગથી પ્રભુ યાદ આવે તે વૈષ્ણવ. શ્રીકૃષ્ણ-શુકદેવના દર્શનથી અપ્સરાઓમાં વૈરાગ્ય આવ્યો હતો અને શ્રીકૃષ્ણકથા પાછળ તેઓ પાગલ બની હતી. એનું નામ સંતદર્શન. એવા સંતો જગતમાં છે. સદ્ગુરુનો અભાવ નથી પણ સશિષ્યનો અભાવ છે. જેનો અધિકાર સિદ્ધ થયો છે તેને સંત પુરુષ મળી આવે છે. મનુષ્ય સંત બને છે ત્યારે તેને સંત મળે છે.જેની આંખમાં ઈશ્વર છે તે સર્વમાં ઈશ્વરનો અનુભવ કરે છે. આ જગતમાં નિર્દોષ એક પરમાત્મા છે. સંતોમાં પણ એકાદ દોષ રહેલો હશે. આ બ્રહ્માજીની સૃષ્ટિ ગુણદોષથી ભરેલી છે. જગતમાં સર્વ પ્રકારે કોઈ સુખી થઈ શકતો નથી. સંસારના પ્રત્યેક પદાર્થમાં દોષ અને ગુણ પણ છે. દૃષ્ટિને એવી ગુણમય બનાવજો કે, કોઈના દોષ દેખાય નહીં. તમારી દૃષ્ટિ ગુણદોષથી ભરેલી હશે ત્યાં સુધી સંતમાં પણ તમને દોષ દેખાશે. માટે જ્ઞાનદૃષ્ટિથી જુઓ. બધું જગત બ્રહ્મમય દેખાશે. જેની દૃષ્ટિ ગુણમય છે તે જ સંત છે. અભિમાન આવે એટલે પતન થાય છે. સતત દીનતા આવે એ જરૂરનું છે. મા બાળકને શણગારી બીજા લોકોની નજર ન લાગે એટલા માટે તેના ગાલ ઉપર મેસનું ટપકું કરે છે તેમ કદાચ ઈશ્વર પણ સંતોમાં તે ભક્તોમાં એકાદ દોષ રાખતો હશે. મનુષ્યમાં કોઈ દોષ ન રહે તો તેના મનમાં અભિમાન આવી જાય. માટે કોઈના દોષ જોશો નહીં. કોઈના પાપનો વિચાર કરશો નહીં કે વાણીથી તેનો ઉચ્ચાર કરશો નહીં. ઘર છોડવાથી સંત થવાય છે એવું નથી. ઘરમાં રહીને સંત થઈ શકાય છે. ઘરમાં રહીને ઈશ્વરને પ્રાપ્ત કરી શકાય છે. તુકારામ મહારાજ, એકનાથ, ગોપીઓ વગેરેએ ઘરમાં રહીને પ્રભુને પ્રાપ્ત કર્યા છે. ભગવાં કપડાં પહેરવાથી સંત થવાતું નથી. પરીક્ષિત રાજાએ મનને સુધાર્યું એટલે તેને શુકદેવજી મળ્યા.

માનવજીવનનું લક્ષ્ય શું? પરમાત્મા. પરમાત્માનું દર્શન મિલન. સંસારમાં જે આ લક્ષ્યને યાદ રાખે તે સંત. પ્રતિક્ષણે જે સાવધાન તે સંત. જેણે પોતાનું મન સુધાર્યું એ સંત છે. મનને સુધારશો તો તમે સંત થશો. મનને સુધારવાની જરૂર છે. જગત બગડ્યું નથી, આપણું મન બગડ્યું છે. મન ઉપર વિશ્વાસ ન રાખશો. મન ઉપર અંકુશ રાખો. આત્મા એ મનનો સાક્ષી છે, દૃષ્ટા છે. જે દિવસે મન શુદ્ધ છે, એવી સાક્ષી આત્મા આપે તે દિવસ માનજો કે તમે સંત છો. મૃત્યુના સ્મરણથી મન સુધરે છે. મૃત્યુના વિસ્મરણથી મન બગડે છે.

વાચક ચાહક મિત્રો આપણે મન શુદ્ધિકરણ માટે સારું વાંચન થાય તેવા પ્રયત્નો કરવા છે. અને આ લેખમાળાનો ઉદ્દેશ કોઈ જાતની પ્રસિદ્ધિ માટે નથી પણ એક નવી ચેતના જગાડવા નાની ચીનગારી રૂપે છે કયાંક પ્રિન્ટ કે અન્ય કોઈ જાતની ભૂલ ધ્યાને આવે તો સુધારી વાંચવી. સૌનું કલ્યાણ થાય તેવી પ્રાર્થના સાથે અસ્તુ.

## માત્ર પ્રેમ કરતાં જ નહીં, પારખતાં પણ શીખો



આજકાલ 'પ્રેમ' શબ્દને એટલો સસ્તો બનાવી નાખ્યો છે કે હાલતાં ચાલતાં એનો ઉપયોગ કોઈપણ વ્યક્તિ ગમે ત્યાં કરવા લાગી છે. આપણા જીવનની સૌથી વધુ રોમાંચિત કરી મૂકે એવી લાગણી જો કોઈ હોય તો એ પ્રેમ છે. આ લાગણીનો અનુભવ થવો એ કદાચ કુદરતી કરિશ્મા કહી શકાય. કોઈના અખંડ પ્રેમનું ભાગીદાર બનવું એ બાબત જ વ્યક્તિને સ્પેશ્યલ ફિલ કરાવે છે. કોઈના મનમંદિરમાં આપણું સામ્રાજ્ય સ્થાપિત થઈ જવું, કોઈના હૃદયમાં આપણા નામનો અડિંગો જમાવી દેવો, કોઈની સૂતા સમયની છેલ્લી વિશ અને ઊઠતા સાથેની પહેલી પ્રાર્થનામાં માત્ર આપણું નામ હોવું- આ બાબતો આપણા મનમાં ઉચ્ચ લેવલનો ડોપમાઈનનો સ્ત્રાવ પેદા કરે છે. પરંતુ શું આટલી બાબતોથી જ આપણે કોઈના પ્રેમમાં છીએ કે આપણને કોઈ વ્યક્તિ પ્રેમ કરે છે એ સાબિત થઈ જાય છે? બહુ મૂંઝવણભર્યો આ પ્રશ્ન છે. કારણ કે અત્યારના સોશ્યલ મીડિયાના યુગમાં કોઈપણ વ્યક્તિને ઈમ્પ્રેસ કરવા માટેના ભાતભાતના નુસખાઓ બતાવવામાં આવતાં હોય છે. ચાલાક વ્યક્તિ એ શીખી લે તો લાગણીસભર વ્યક્તિને બહુ જલ્દીથી પોતાનામાં વશ કરી શકે છે. અને આ રીતે બંધાયેલો સંબંધ ક્યારેય લાંબો ચાલતો નથી. રિયલાઈઝ થતાંની સાથે જ પેલી લાગણીશીલ વ્યક્તિ અંદરથી તૂટી જતી હોય છે. પોતાનો ઉપયોગ થઈ ગયો એ વાતને લઈને જીવનભર રોજ મરીને એ જીવતી હોય છે. ખાસ કરીને યંગ જનરેશન અને સાથોસાથ દરેક ઉંમરના વ્યક્તિઓ જ્યાં આવીને અટવાઈ છે એવા કેટલાંક પ્રશ્નો જેમ કે સાચો પ્રેમ કેવી અનુભૂતિ કરાવે? સાચા પ્રેમને કંઈ રીતે ઓળખી શકાય? અને આકર્ષણથી પ્રેમને કઈ રીતે અલગ પાડી શકાય એ જાણવાનો થોડો પ્રયાસ આપણે કરીએ. કોઈ વ્યક્તિ આપણને ખરેખર પ્રેમ કરે છે એનો અહેસાસ આપણા અંતરાત્માને થઈ જ જતો હોય છે. છતાંય કેટલીક બાબતો પરથી સાચા પ્રેમને સરળતાથી પારખી શકાય. જેમ કે આપણું પ્રિયજન આપણા દેખાવને નહીં, સ્વભાવને અગત્યતા આપતું હોય.

# જે વિદ્યાર્થીઓએ હાલ કેનેડા જવું છે તેમણે કેટલીક બાબતોનું ધ્યાન રાખવું

હાલ ગુજરાતમાં કેનેડા જવાની તૈયારીઓ કરતા વિદ્યાર્થીઓ પુષ્કળ પ્રમાણમાં છે. ધ કેનેડિયન બ્યુરો ફોર ઈન્ટરનેશનલ એજ્યુકેશને હાલમાં જ સ્ટુડન્ટ્સ સંબંધિત સર્વેના પરિણામ જાહેર કર્યા છે. જેમાં જણાવાયું કે, મોટાભાગના વિદ્યાર્થીઓનું એવું માનવું છે કે કેનેડા સુરક્ષિત દેશ છે અને અહીં જીવન એકદમ સ્થિર છે. તેમજ કેનેડામાં મળતું શિક્ષણ પણ ઉચ્ચ ગુણવત્તાનું છે. વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ માટે કેનેડાની પસંદગી કરી રહ્યા છે કારણકે તેઓની એવી આશા છે કે કેનેડામાં અભ્યાસ પૂરો કર્યા પછી તેઓ ત્યાંના કાયમી રહેવાસી બની જશે. એટલે કે કેનેડામાં ઉચ્ચ અભ્યાસ કર્યા પછી વિદ્યાર્થીઓને કેનેડિયન પીઆર મળી જવાની આશા છે. કેનેડામાં દર વર્ષે મોટા પ્રમાણમાં ભારતીય વિદ્યાર્થીઓને પીઆર અપાય છે. તેમજ જો તમે ઓછા ખર્ચે વિદેશમાં ભણવા માંગો છો તો કેનેડા તેમના માટે સારો ઓપ્શન બની રહે છે. એક સ્ટુડન્ટ કહે છે કે, અહીં દુનિયાભરમાંથી આવતા વિવિધ દેશોના વિદ્યાર્થીઓને સરખું સન્માન આપવામાં આવે છે. અભ્યાસ કરવા માટે કેનેડાનું વાતાવરણ ખૂબ જ સારું છે. આમ, કેનેડા જવાના અનેક કારણો ગુજરાતીઓ પાસે છે. જોકે, ગુજરાતમાં વિદેશ સેટલ્ડ થવાનો મોહ વધુ છે. ખાસ કરીને અમેરિકા એ દરેક ગુજરાતીનું પહેલુ સપનુ છે. પરંતુ અમેરિકામાં સરળતાથી પ્રવેશ મળતો ન હોવાથી હવે કેનેડા જવાનો ક્રેઝ વધ્યો છે. ભારત અને કેનેડા વચ્ચે જે ખટરાગ થયો છે તેના કારણે હવે જે વિદ્યાર્થીઓ વિન્ટર ઈન્ટેક કે જે જાન્યુઆરીમાં આવે છે ત્યારે ભણવા જવાનો પ્લાન બનાવી રહ્યા છે.




તેમને કેટલાક સવાલો સતાવી રહ્યા છે. આ અંગે એક્સપર્ટ ડેવિડ પટેલે વિદ્યાર્થીઓને કેવી બાબતોનું ધ્યાન રાખવું જોઈએ તે અંગે પણ વાત કરી છે. વિદ્યાર્થીઓને અને જેમના બાળકો કેનેડા ભણવા જવાના છે તેવા વાલીઓને વિવિધ સવાલો પણ વિઝા એક્સપર્ટને હાલની પરિસ્થિતિને જોતા સતત પૂછવામાં આવી રહ્યા છે. કેનેડામાં જે થયું તેના કારણે તેના ભારત સાથેના સંબંધો વણસ્યા છે, આવી સ્થિતિમાં હવે આગામી સમયમાં શું થશે તેને લઈને અનેક વિચારો કરવામાં આવી રહ્યા છે. ભારત સરકારે અગાઉ જણાવ્યું કે આ મુદ્દે વિદેશ મંત્રાલય દ્વારા બારીકાઈથી નજર રાખવામાં આવી રહી છે ત્યારે ભારતમાંથી જાન્યુઆરી કે વિન્ટર ઈન્ટેકમાં કેનેડા ભણવા માટે જે વિદ્યાર્થીઓ જવાના છે તેમના વાલીઓને તથા તેમને પોતાને ઘણી ચિંતાઓ અને પ્રશ્નો થઈ રહ્યા છે. આ અંગે અમદાવાદના જાણિતા વિઝા એક્સપર્ટ ડેવિડ પટેલે કેટલીક મહત્વની વાત કરી છે, આ સાથે તેમણે જણાવ્યું છે કે સપ્ટેમ્બરમાં ઘણાં ગુજરાતી વિદ્યાર્થીઓ કેનેડા પહોંચી ગયા છે પરંતુ હવે જાન્યુઆરીમાં જે જવાના છે તમને કેટલાક મુદ્દે સવાલો સતાવી રહ્યા છે. જેમાં કેટલાક વિદ્યાર્થીઓની વિન્ટર ઈન્ટેક માટે ફી ભરાઈ ગઈ છે તેમને પોતાના ભવિષ્યને લઈને ઘણાં સવાલો સતાવી રહ્યા છે. વિઝા એક્સપર્ટ ડેવિડ પટેલે આ અંગે ન્યૂઝ૧૮ ગુજરાતીના સંવાદાતા દીપિકા ખુમાણ સાથે કરેલી વાતચીતમાં જણાવ્યું છે કે, અત્યારે જેમની કેનેડા જવાની પ્રક્રિયા ચાલુ છે, કેટલાકના ત્યાંની યુનિવર્સિટીઓમાં એડમિશન થઈ ગયા છે.

## વધુ આકર્ષક અને યંગ લૂક મેળવવા શું કરવું


અત્યારે અનેક પ્રકારના આધુનિક ઉપાય ઉપલબ્ધ છે. જેવા કે રેડિયો ફ્રીક્વન્સી ટાઈટનિંગ **HIFU** ટ્રીટમેન્ટ, વેમ્પાયર ફેસિયલ, જેને પીઆરપી માઈક્રોનીડલિંગ કહે છે. મીસો ઈન્જેક્શન, આ બધી ટ્રીટમેન્ટ ચામડીના નીચેના લેયરમાં કોલાજન વધારે છે અને તેના કારણે સ્કિન ટાઈટ થાય છે અને ગ્લોઈંગ બને છે. અમુક સારી આદતો, પૌષ્ટિક આહાર, પૂરતું પાણી, હેલ્ધી લાઈફસ્ટાઈલ, પૂરતી ઊંઘ,



નિયમિત યોગ અને એક્સર્સાઈઝથી આ બદલાવ ધીમો પાડી શકાય છે. ચહેરા પર કરચલી થવી, કપાળ, આંખ અને હોઠ પાસે કરચલી પડવી, ચામડી ઢીલી થવી અથવા લચી પડવી, આંખની નીચે ખાડા પડવા, આઈસ બેગ્સ આવવા, ત્વચાનાં છિદ્રો મોટાં થવાં, ગાલ અંદર બેસી જવા વગેરે એજિંગનાં લક્ષણો ગણી શકાય. વધતી ઉંમર સાથે સ્કિનને સપોર્ટ આપતાં કોલાજન અને ઈલાસ્ટિન ઓછાં થઈ જાય છે.

# બાળકની હાઇટ વધતી નથી, તો રમતમાં આ એક્સેસાઇઝ કરાવો, રિઝલ્ટ મળશે

બાળકોની હાઈટને લઈને અનેક પેરેન્ટ્સ સતત ચિંતામાં રહેતા હોય છે. ઘણાં બધા બાળકોની ઉંમરના હિસાબથી ગ્રોથ પ્રોપર રીતે થતો હોતો નથી. આ પાછળ અનેક કારણો જવાબદાર હોય છે. ઉંમર પ્રમાણે હાઈટ અને ગ્રોથ વધવો ખૂબ જરૂરી છે. આમ વાત કરવામાં આવે તો મોટાભાગના બાળકો સ્કૂલનું હોમવર્ક પૂરું કર્યા પછીનો સમય મોટાભાગે ટીવી તેમજ મોબાઈલ જોવામાં કાઢતા હોય છે. પરંતુ તમને જણાવી દઈએ કે આ બાળકની હેલ્થને અનેક રીતે નુકસાન પહોંચાડે છે. આ વિશે અનેક પેરેન્ટ્સની ફરિયાદ હોય છે કે મારા બાળકની હાઈટ વધતી તો શું કરીએ? સામાન્ય રીતે પેરેન્ટ્સ પોતાના બાળકોની નાની-નાની વાતને લઈને પણ હંમેશા ચર્ચામાં રહેતા હોય છે. આમ વાત કરવામાં આવે તો ખાસ કરીને હાઈટ અને ગ્રોથની ચિંતા વધારે થતી હોય છે. પરંતુ તમને જણાવી દઈએ કે તમે બાળકોને આ એક્સેસાઈઝ કરાવો છો તો હાઈટ મસ્ત વધવા લાગશે. બાળકની હાઈટને તમે ચિંતામાં છો તો તમે ખાસ કરીને બાળકોને પગના અગૂંઠા પર શરીરને ભાર આપીને ચાલતા શીખવાડો. આ સાથે બાળકોને બન્ને હાથ ઉપર લઈ જવાનું કહો. આમ કરવાથી શરીરમાં ખેંચાણ આવે છે જેના કારણે બાળકોની હાઈટ ઝડપથી વધવા લાગે છે. બાળકોની હાઈટ વધારવા માટે આ એક્સેસાઈઝ અસરકારક છે. બાળકોની હાઈટ વધારવા માટે તમે બ્રિઝ પોઝ પણ કરાવી શકો છો. આ બાળકને ગમતી એક એક્સેસાઈઝ છે.



આ માટે પગ અને હાથના બળ પર પર શરીર ઉઠાવવાની કોશિશ કરો. આ એક્સેસાઈઝથી બાળકના શરીરમાં ખેંચાણ આવે છે જેના કારણ હાઈટ વધે છે. આમ, જે બાળકોનું વજન ઉંમર કરતા વધારે છે એમના માટે પણ આ એક્સેસાઈઝ સૌથી બેસ્ટ છે. આમ, તમારા બાળકની હાઈટ બહુ ઓછી છે તો તમે ડેઈલી રમત-રમતમાં આ એક્સેસાઈઝ કરાવવાની આદત પાડો. આ સરળ એક્સેસાઈઝથી બાળકની હાઈટ ફટાફટ વધવા લાગે છે અને ગ્રોથ પણ સારો થાય છે. હેંગિંગ ઓન બાર્સ પણ બાળકોને તમે રમતા-રમતા કરાવી શકો છો. આ એક બેસ્ટ એક્સેસાઈઝ છે. આ એક્સેસાઈઝ કરવા માટે બોડીનું વજન હાથ પર રાખીને હેંગિંગ બારથી લટકવાની કોશિશ કરો. આ કારણે બાળકોમાં સ્ટ્રેથ વધે છે અને બોડીનું બેલેન્સ થાય છે. લટકવાથી હાઈટ મસ્ત વધવા લાગે છે. તડકો લેવો કારણ કે વિટામિન ડી તમારા હાડકાઓના વિકાસ માટે મહત્વપૂર્ણ હોય છે. અને સૂરજની રોશની વિટામિન ડીનો સૌથી સારું સ્ત્રોત છે. પણ તેનો અર્થ એ નથી કે તમે આકરા તડકામાં ઉભા રહો. સવારે અને સાંજે હળવા તડકામાં ઉભા રહેવું. ફાસ્ટ ફૂડથી દૂરી રાખવી. બાળકની હાઈટ જો સારી ઈચ્છો છો તો તેના પહેલા ફાસ્ટ ફૂડથી બચાવું. ચરબી બનાવતા ભોજન અને વધારે ખાંડ લેવાથી પરેજ કરવા. રાત્રે સૂતી વખતે એક ગ્લાસ દૂધમાં ઘઉંના દાણા જેટલો ચૂનો ભેળવીને બરાબર હલાવી તે દૂધ પી જવું.

આ ઉપાય ૪૫ દિવસ સુધી કરવું પડશે ચૂનાવાળું દૂધ અને દહીં ખાવાથી ૪૫ દિવસ બાદ ઊંચાઈમાં ફેરફાર જોવા મળશે. તમને જણાવી દઈએ કે એક હેલ્ધી વ્યક્તિનું વજન અને કદ તેની ઉંમરના અનુસાર યોગ્ય છે કે નહી કારણ કે જો વજન અથવા કદ ઓછું અથવા વધુ હોય છે તો તમને સતર્ક થવાની જરૂર છે. ભલે તમારા ઘરમાં કોઈ ૫ વર્ષનું બાળક છે અથવા કોઈ ૬૦ વર્ષના વડીલ. આ વાત તમામ માટે લાગૂ થાય છે. રાષ્ટ્રીય સ્વાસ્થ્ય સંસ્થાના ચાર્ટમાં ઉંમર અનુસાર વજન અને કદની જાણાકરી આપવામાં આવી છે. તમને આ ચાર્ટની મદદથી તમારા પરિવારના સભ્યોનું વજન અને કદ માપી જેવું જોઈએ.

BOLLYWOOD NEWS FLASH

**સલમાન ખાન અને કેટરીના છેલ્લે ૪ વર્ષ પહેલા ૨૦૧૯ની ફિલ્મ ભારતમાં સાથે જોવા મળ્યા હતા**

## સલમાન ખાન અને કેટરીનાની ફિલ્મ રિલીઝ થશે



। મુંબઈ, તા.૨૬ ।

બોલિવૂડ ફિલ્મોની જાણીતી જોડી સલમાન ખાન અને કેટરીના કૈફ મોટા પડદા પર ધૂમ મચાવવા માટે તૈયાર છે. આ બંનેની દુનિયાભરમાં અદભૂત ફેન ફોલોઈંગ છે અને બંને સ્ટાર્સ પોતાની જોરદાર એક્ટિંગથી બોક્સ ઓફિસ પર રાજ કરે છે. સલમાન અને કેટરીના છેલ્લે ૪ વર્ષ પહેલા ૨૦૧૯ની ફિલ્મ ભારતમાં સાથે જોવા મળ્યા હતા.


ફિલ્મ 'ભારત' બોક્સ ઓફિસ પર સેમી-હિટ રહી હતી, પરંતુ હવે સલમાન અને કેટરીનાની જે ફિલ્મ રિલીઝ થવા જઈ રહી છે, તે ચોક્કસપણે બોક્સ ઓફિસ પર જોવા મળી શકે છે, કારણ કે લોકો છેલ્લા ૬ વર્ષથી આ ફિલ્મની રાહ જોઈ રહ્યા છે. આ ફિલ્મનું નામ 'ટાઈગર ૩' છે. આ ફિલ્મનો પહેલો ભાગ અને બીજો ભાગ દર્શકોને ખૂબ પસંદ આવ્યો હતો. ટાઈગરનો પહેલો ભાગ 'એક થા ટાઈગર' વર્ષ ૨૦૧૨માં સિનેમાઘરોમાં રિલીઝ થયો હતો અને તેની રિલીઝ સાથે જ આ ફિલ્મ બોક્સ ઓફિસ પર હિટ થઈ ગઈ હતી.

વિકિપીડિયાના ડેટા અનુસાર, આ ફિલ્મ વર્ષ ૨૦૧૨ની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની છે. તે જ સમયે, આ ફિલ્મનો બીજો ભાગ 'ટાઈગર ઝિંદા હૈ' વર્ષ ૨૦૧૭ માં સિનેમાઘરોમાં રીલિઝ થયો હતો. દર્શકોએ પણ 'ટાઈગર ઝિંદા હૈ' પર તેમનો પ્રેમ વરસાવ્યો અને તે વર્ષ ૨૦૧૭ની બીજી સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની. ૨૦૧૭ થી લોકો આ ફિલ્મના ત્રીજા ભાગની રાહ જોઈ રહ્યા હતા અને હવે આ ફિલ્મ ટૂંક સમયમાં જ સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે.

## ફિરોઝ ખાને પોતાના કામના દમ પર ઈન્ડસ્ટ્રીમાં અલગ ઓળખ બનાવી હતી

। મુંબઈ, તા.૨૬ ।

ફિરોઝ ખાનનો જન્મ ૨૫ સપ્ટેમ્બર ૧૯૩૯ના રોજ બેંગલુરુમાં થયો હતો. તેમનું સાચું નામ ઝુલ્ફીકાર અલી શાહ ખાન તનોલી છે. તેમના પિતા સાદિક અલી ખાન તનોલી મૂળ અફઘાનિસ્તાનના ગઝનીના હતા, જ્યારે તેમની માતા ફાતિમા ઈરાની હતી.ફિરોઝ ખાનને ચાર ભાઈઓ છે, સંજય ખાન (શાહ અબ્બાસ ખાન), શાહરૂખ શાહ અલી ખાન, સમીર ખાન અને અકબર ખાન. આ સિવાય તેની બે બહેનો ખુર્શીદ શાહનવર અને દિલશાદ બેગમ શેખ છે. ફિરોઝ ખાને પોતાના કામના દમ પર ઈન્ડસ્ટ્રીમાં એક અલગ ઓળખ બનાવી. અભિનય સિવાય તેણે દિગ્દર્શન અને નિર્માણ ક્ષેત્રે પણ હાથ અજમાવ્યો હતો. તેણે તેની સમગ્ર કારકિર્દી દરમિયાન ૬૦ થી વધુ



ફિલ્મોમાં અભિનય કર્યો અને તે બોલિવૂડના લોકપ્રિય સ્ટાઈલ આઈકોનમાંથી એક બન્યો. ૨૭ એપ્રિલ ૨૦૦૯, તેમણે દુનિયાને અલવિદા કહ્યું. ફિરોઝ ખાન જેટલો તેની પ્રોફેશનલ લાઈફ માટે સમાચારમાં હતો તેટલો જ તેણે પોતાની પર્સનલ લાઈફ માટે પણ હેડલાઈન્સમાં રહેતો હતો. ફિરોઝ ખાને ૧૯૬૫માં સુંદરી સાથે લગ્ન કર્યા હતા. બંનેની મુલાકાત એક પાર્ટી દરમિયાન થઈ હતી. સુંદરી છૂટાછેડા લીધેલ હતી જેને પહેલેથી જ એક પુત્રી હતી. લાંબા અફેર પછી બંનેએ લગ્ન કરી લીધા. ફિરોઝ અને સુંદરીને બે બાળકો છે, ફરદીન ખાન અને લૈલા ખાન. ફિરોઝે સુંદરી સાથે પ્રેમ લગ્ન કર્યા હતા, પરંતુ તેમનું લગ્નજીવન જરાય સુખી ન હતું. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, સુંદરી સાથે પરિણીત સંબંધમાં હતા ત્યારે ફિરોઝનું એક એર હોસ્ટેસ સાથે અફેર હતું.

**અભિનેત્રી કરિશ્મા કપૂર ભલે એક્ટિંગમાં ઓછી સક્રિય હોય પરંતુ તે ૯૦ના દાયકામાં ઈન્ડસ્ટ્રી પર રાજ કરતી હતી**

## એક ગીત માટે કરિશ્મા કપૂરે 30 વખત કપડા બદલ્યા હતા



। મુંબઈ, તા.૨૬ ।

ફિલ્મ પ્રેમ કૈદીથી પોતાના કરિયરની શરૂઆત કરનાર અભિનેત્રી કરિશ્મા કપૂરે ૯૦ના દાયકામાં બધાને દિવાના બનાવી દીધા હતા. અભિનેત્રીએ તે સમયગાળા દરમિયાન હિન્દી સિનેમાને ઘણી સારી ફિલ્મો આપી અને દરેક મોટા સ્ટાર સાથે કામ કર્યું. આજે અમે તમારા માટે એક્ટ્રેસના એક્ટિંગ કરિયર સાથે જોડાયેલી એક રસપ્રદ વાત લઈને આવ્યા છીએ. વાસ્તવમાં અમે વાત કરી રહ્યા છીએ કરિશ્મા કપૂરની ફિલ્મ 'ક્રિષ્ણા' જે વર્ષ ૧૯૯૬માં રિલીઝ થઈ હતી. આ ફિલ્મમાં અભિનેત્રી સુનીલ શેટ્ટી સાથે કામ કર્યું હતું. દર્શકોને ફિલ્મની વાર્તા ગમી. ઉપરાંત, તેનું ગીત 'ઝાંઝરિયા' પણ આ સમયગાળા દરમિયાન ખૂબ જ હિટ રહ્યું હતું. આ ગીતમાં દર્શકોને કરિશ્મા કપૂર અને સુનીલની જબરદસ્ત ડાન્સ મૂવ્સ અને કેમેસ્ટ્રી જોવા મળી હતી. આ જ કારણ છે કે આ ગીત સમયાંતરે સોશિયલ મીડિયા પર વાયરલ થાય છે. પરંતુ શું તમે જાણો છો કે આ ગીતમાં કરિશ્મા કપૂરે એક વાર નહીં પરંતુ 30 વાર કપડાં બદલવા પડ્યા હતા. આ વાતનો ખુલાસો ખુદ અભિનેત્રીએ એક ઈન્ટરવ્યુમાં કર્યો હતો. તેણે કહ્યું હતું કે આ ગીતમાં તેણે જેટલી વખત કપડાં બદલ્યા તેટલી વખત મેકઅપ બદલવો પડ્યો હતો. કરિશ્માએ આગળ કહ્યું, "ગીત 'ઝાંઝરિયા'મેલ અને ફિમેલ બંને વર્ઝનમાં ફિલ્માવવામાં આવ્યું હતું. જ્યારે મેલ વર્ઝનનું શૂટિંગ રણમાં ૫0 ડિગ્રી તાપમાન સાથે કરવામાં આવ્યું હતું, જ્યારે ફીમેલ વર્ઝનનું શૂટિંગ મુંબઈમાં જ થયું હતું.

**અક્ષય કુમાર સત્ય ઘટના પર આધારિત ફિલ્મ લઈને આવી રહ્યો છે. જેનું નામ છે મિશન રાણીગંજ ધ ગ્રેટ ભારત રેસ્ક્યું**

## ૬૫ મજૂરોને બચાવવાની સ્ટોરી છે 'મિશન રાણીગંજ'




। મુંબઈ, તા.૨૬ ।

બોલિવૂડનો ખિલાડી અક્ષય કુમાર છેલ્લા કેટલાક સમયથી તેની આગામી નવી ફિલ્મ મિશનગંજ રાણીગંજઃ ધ ગ્રેટ ભારતને લઈને ચર્ચામાં છે. આ ફિલ્મ માઈનિંગ એન્જિનિયર જસવંત સિંહ ગિલ પર આધારિત છે. સોમવારે, નિર્માતાઓએ આ ફિલ્મનું ટ્રેલર રિલીઝ કર્યું. ટ્રેલરમાં અક્ષય જસવંત સિંહના રોલમાં જોવા મળી રહ્યો છે.ટ્રેલરમાં બતાવવામાં આવ્યું છે કે કેવી રીતે એક વ્યક્તિએ કોલસાની ખાણમાં ફસાયેલા ઘણા લોકોના જીવ બચાવ્યા. ૭ સપ્ટેમ્બરના રોજ મેકર્સે આ ફિલ્મનું દમદાર ટીઝર રિલીઝ કર્યું હતુ. જેની સ્ટોરીએ લોકોના મનમાં ઉત્સુકતા જગાવી છે.સામે આવેલા ટ્રેલરથી ફિલ્મની સ્ટોરીને લઈ લોકો ચર્ચા કરી રહ્યા છે. જસવંત સિંહ ગિલના રોલમાં અક્ષય કુમાર ખુબ સુંદર લાગી રહ્યો છે. ટ્રેલરમાં બતાવવામાં આવ્યું હતું કે ખાણમાં પાણી ભરાઈ જવાને કારણે કામદારો અંદર ફસાઈ જાય છે. તેમની સંખ્યા ૬૫ છે. શ્રમિકોના પરિવારજનો ચિંતિત છે. દરેક વ્યક્તિ તેમને બચાવવા માટે તેમના શ્રેષ્ઠ પ્રયાસો કરે છે. ત્યારે અક્ષય કુમાર પોતાનો પ્લાન રજૂ કરે છે. આ ટ્રેલર એકદમ પાવરફુલ લાગે છે. આ ફિલ્મમાં રવિ કિશન પણ છે. બોલિવૂડ અભિનેત્રી પરિણીતી ચોપરા પણ આ ફિલ્મનો ભાગ છે. તે જસવંત સિંહ ગિલની પત્નીનો રોલ કરી રહી છે. ફિલ્મની સ્ટોરી વર્ષ ૧૯૮૯ની છે. પશ્ચિમ બંગાળના રાનીગંજની એક ખાણમાં રાતના સમયે અંદાજે ૨૨૦ મજુરો કામ કરી રહ્યા છે. તે દરમિયાન દિવાલમાં બ્લાસ્ટ થાય છે. ત્યારબાદ ખાણમાં પાણી ભરાવવાનું શરુ થાય છે. આ ઘટનામાં જસવંત સિંહ ગિલ અનેક મજુરોના જીવ બચાવે છે. મિશન રાનીગંજ ધ ગ્રેટ ભારત રેસ્ક્યુ ૬ ઓક્ટોમ્બરના રોજ રિલીઝ થશે. પહેલા આ ફિલ્મ કેપ્સૂલ ગિલના નામથી આવવાની હતી. પરંતુ ત્યારબાદ નામ બદલીને ધ ગ્રેટ ઈન્ડિયા રેસ્ક્યુ કરવામાં આવ્યું હતુ. પરંતુ ટ્રીઝર રિલીઝ થતા પહેલા ફરી એક વાર નામ બદલવામાં આવ્યું અને મિશન રાનીગંજ ધ ગ્રેટ ભારત રેસ્ક્યુ રાખવામાં આવ્યું છે.

# ઝાલોદ વાલ્મીકિ સમાજ દ્વારા ગણપતિ બાપ્પાનું ભક્તિભાવ પૂર્વક વિદાય આપી

### સાઇ મિત્ર મંડળના સહુ લોકો વાજતે ગાજતે, અબીલ ગુલાલ ઉડાવતા રામસાગર તળાવ ખાતે વિઘ્નહર્તાનું વિસર્જન કરાયું



। પંકજ પંડિત ઝાલોદ, તા.૨૬ ।

ઝાલોદ વાલ્મીકિ વાસમાં રહેતા વાલ્મીકિ સમાજના સહુ લોકો એ ગણેશજીનું આગમન ખૂબ જ ધામધૂમ પૂર્વક કરી સ્થાપના કરી હતી. વાલ્મીકિ સમાજના લોકો દરરોજ પૂરા ભક્તિભાવ સાથે ગણપતિ બાપ્પાની પૂજા અર્ચના કરી બાપ્પાની ભક્તિમાં લીન થઈ તેમના આશીર્વાદ મેળવતા હતા. વાલ્મીકિ સમાજ દ્વારા બાપ્પાની પધરામણી દરમ્યાન ધાર્મિક વાતાવરણ ઉભું કરી સહુને ભક્તિમય માહોલ ઉભો કરેલ હતો.

વાલ્મીકિ સમાજના મોટાભાગના લોકો બેંડ, ડીજે, નાશિકઢોલ જેવા વ્યવસાય સાથે સંકળાયેલા હોવાથી તેઓ દ્વારા ગણેશજીનું વિસર્જન સાતમા દિવસે પુરા ભક્તિભાવ સાથે કરવામાં આવતું હોય છે. છેલ્લે વાલ્મીકિ સમાજના લોકો આનંદ ચૌદસના દિવસે ગણેશ વિસર્જન માટે નગરની શોભાયાત્રામાં ઢોલ નગારા, ડીજે વગાડી જોડાતા હોય છે. તારીખ ૨૫-૦૯-૨૦૨૩ સોમવારના દિવસે વાલ્મીકિ સમાજ દ્વારા વાજતે ગાજતે ગણપતિ બાપ્પાને રથમાં બિરાજમાન કરી નગરમાં મુખ્ય માર્ગો પરથી ડીજેનાં તાલે, અબીલ ગુલાલ ઉડાવતા, રાસ ગરબા તેમજ ભક્તિના ધાર્મિક ભજન પર નાચતા ઝૂમતા રામસાગર તળાવે વિસર્જન કરવામાં આવ્યું હતું. ગણેશજીની વિસર્જન યાત્રામાં વાલ્મીકિ સમાજના લોકો મોટા પ્રમાણમાં મહિલાઓ, બાળકો તેમજ પુરુષો જોડાયેલ હતા. ગણપતિ બાપ્પાની જય જયકાર કરી ગણપતિ બાપ્પાને અગલે બરસ તુ જલ્દીઆ ના કોલ સાથે બપ્પાને વિદાય આપેલ હતી.

# પૂર્વ શિક્ષક કિશોર ટંડેલને ‘શ્રેષ્ઠ ગુરુવર્ય એવોર્ડ’ એનાયત કરાયો



। રાજપીપળા, તા.૨૬ ।

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપક્રમે શિક્ષકદિનના ઉપલક્ષ્યમાં સમગ્ર ગુજરાતના પ્રતિભાવંત ગુરુવર્યોને ‘શ્રેષ્ઠ ગુરુવર્ય’ એવોર્ડ સમર્પિત કરવાનો સારસ્વત સન્માન સમારોહ પ્લેટિનમ હોલ, SIECC કેમ્પસ સરસાણા, સુરત ખાતે યોજાયો હતો. આ સારસ્વત સન્માન સમારોહમાં નવસારી (ઓંજલ)ના રહીશ અને નવચેતન કેળવણી મંડળ સંચાલિત તાપીવન વિદ્યાલય, સરકૂઈ-માંડવીના પૂર્વ શિક્ષક કિશોર આર. ટંડેલને શિક્ષણમંત્રી પ્રફુલ પાનસેરિયા, SGCCIના પદાધિકારીઓ, વીર નર્મદ દ.ગુ.યુનિ.સુરતના કુલપતિ કિશોરસિંહ ચાવડા, પૂર્વ કુલપતિ દક્ષેશ ઠાકર, ડૉ. વિકાસ દેસાઈ અને અને અગ્રગણ્ય નાગરિકોની હાજરીમાં ‘શ્રેષ્ઠ પ્રતિભાશાળી ગુરુવર્ય એવોર્ડ-૨૦૨૩’ આપી સન્માનિત કરાયા હતા.

આ અગાઉ કિશોર ટંડેલને જિલ્લા યુવા એવોર્ડ, વ્યસન નિષેધ પુરસ્કાર, જલસ્ટાર એવોર્ડ, ટીચર બોલ્ટ એવોર્ડ, પર્યાવરણ એવોર્ડ, ગ્લોબલ ટીચર રોલમોડેલ એવોર્ડ, શોર્યગીત-કાવ્ય લેખનસ્પર્ધામાં વર્લ્ડ રેકોર્ડ ઓફ ઈન્ડિયા હોલ્ડર જેવા અનેક એવોર્ડ મળ્યા છે. તેમને ૨૬મી જાન્યુઆરી -૨૦૨૩ના દિને વિજલપોર-નવસારી નગરપાલિકા દ્વારા સન્માનિત કરાયા હતા. પૂર્વ શિક્ષક કિશોર ટંડેલની સિદ્ધ માટે શાળા- મંડળ અને સમાજ તરફથી તેમને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# જસદણ વકીલ મંડળ મંગળવારથી બે દિવસ કોર્ટ કાર્યવાહીથી દુર : બે પોલીસકર્મી સામે પગલાં લેવા માંગણી

હુસામુદ્દીન કપાસી

। જસદણ, તા.૨૬ ।



જસદણ બાર એસસિએશનના તમામ વકીલો આજથી બે દિવસ કોર્ટ કાર્યવાહીથી અળગા રહી જસદણ પોલીસ મથકના બે પોલીસકર્મીઓ સામે પગલાં ભરવા રજુઆત કરી હતી આ અંગે જસદણ બાર એસસિએશને રજુઆતમાં જણાવ્યું છે કે જસદણ વકીલ મંડળના સભ્ય વકીલ જયદેવભાઈ એન રાઠોડ ગત તા.૨૪ ના રોજ રાત્રીના બાર વાગ્યે પોતાની કાર લઈને શહેરના જુના બસ સ્ટેન્ડ પાસે પોતાના માતા અને અને બહેન અમદાવાદ ગયાં હોય એમને તેડવા માંટે એસ ટી ની રાહ જોઈ ઊભા રહ્યાં હોય તે સમયે જસદણ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હરેશભાઈ દેવરખીભાઈ બારૈયા અને અશોકકુમાર રતિલાલ વાવડીયા નામના બે પોલીસકર્મીઓ એડવોકેટ જયદેવભાઈને બેફામ ગાળો બોલી અને કાંઠલો પકડ્યો હતો દરમિયાન અમદાવાદ થી પરત આવેલ તેમનાં એડવોકેટ બહેન કુ. રાજેશ્વરીબેનને મહીલા પોલીસની હાજરી વગર પોલીસ મથક લઈ ગયા હતાં ત્યાં અમારી વાત સાંભળીયા વગર પી આઈ જાનીએ ૨૮૩ મુજબ ગુનો નોંધવા આદેશ આપી દેતાં આ ગુનાની અમો કડક શબ્દોમાં વખોડી કાઢીને જયાં સુધી સાદા કપડાંમાં ફરજ બજાવતા બે પોલીસ કર્મચારી સામે શિક્ષાત્મક પ ગલાં લેવામાં નહી આવે તેથી આજથી બે દિવસ જસદણ અને વીંછિયા કોર્ટ કાર્યવાહીથી અળગા રહીને અમે વિરોધ પ્રદશિત કરશું જરૂર પડ્યે આગામી દિવસોમાં અમો આં માંગણીને લઈને જો અમને ન્યાય ન મળે ત્યાં સુધી અમો લડત આપીશું એમ જસદણ બાર એસોસિએશનએ જણાવ્યું છે.

### મહીસાગર જિલ્લાના ચાવડી બાઈ ના મુવાડા મુકામે

# ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી, પશુપાલન અને આરોગ્ય વિષય પર એક દિવસીય શિબિરનું આયોજન કરવામાં આવ્યું

। મહીસાગર, તા.૨૬ ।



શ્રી પી.એન. પંડ્યા આર્ટસ, એમ.પી. પંડ્યા સાયન્સ અને શ્રીમતી ડી.પી.પંડ્યા કોમર્સ કોલેજ લુણાવાડાનાં રાષ્ટ્રીય સેવા યોજના (એન. એસ.એસ.) દ્વારા ચાવડી બાઈના મુવાડા મુકામે ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી, પશુપાલન અને આરોગ્ય વિષય પર એક દિવસીય શિબિરનું આયોજન કરવામાં આવ્યું.

કાર્યક્રમમાં ખેડૂતશ્રી શૈલેશભાઈ પટેલ દ્વારા ગૌ આધારિત પ્રાકૃતિક ખેતીના મહત્વ અને ફાયદાઓ વિશે વિદ્યાર્થીઓ તથા ગ્રામજનોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ડૉ. સી.આર. પટેલ દ્વારા સ્વાસ્થ્યની જાળવણી તથા ડૉ. મુકેશભાઈ ચાવડા અને ડૉ. હસમુખભાઈ જોશી દ્વારા પશુપાલન સંદર્ભે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન. એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. એમ.પી. ચંપાવત દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રાકૃતિક ખેતીના નિષ્ણાત ખેડૂતશ્રી શૈલેશભાઈ પટેલ, ડૉ. સી.આર. પટેલ (સી.ડી.એચ.ઓ.), નાયબ પશુપાલન નિયામકશ્રી ડૉ. મુકેશભાઈ ચાવડા, ડૉ. હસમુખભાઈ જોશી, આર્ટ્સ વિભાગના ઈનચાર્જ પ્રો. જે. પી. ચૌધરી, પ્રો. કમલ જોશી, ડૉ. સંજય ચોટલીયા તેમજ ગામના સરપંચશ્રી તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# થરા રામજી મંદિરેથી જલઝીલણી એકાદશીની શોભાયાત્રા નિકળી



યશપાલસિંહ ટી વાઘેલા

। થરા, તા.૨૬ ।

કાંકરેજ તાલુકાના થરાનગરમાં આવેલા પ્રાચીન રામજી મંદિરેથી ભાદરવા સુદ-અગિયારસ વર્ષોની પરંપરા મુજબ ઠાકોરજી મહારાજ ની શોભાયાત્રા બેન્ડની સુરાવલી વચ્ચે નિકળેલ જે ત્રણ રસ્તા ચાચર ચોક બહુચર માતાજી મંદિરેથી શ્રી શાંતિનાથ જૈન દેરાસર રોડ થઈ દરબારગઢ ખાતે પરંપરાગત પ્રથમ પધરામણી કરવામાં આવી ત્યાં દરબારગઢ રાજવી પરિવારના ચંદ્રસિંહ વાઘેલા, હેતકરણસિંહ વાઘેલા, પાલીકા પ્રમુખ પૃથ્વીરાજ સિંહ વાઘેલા, યશપાલસિંહ ટી. વાઘેલા, દિગ્વિજયસિંહ વાઘેલા, જયદિપ સિંહ વાઘેલા, રવિપ્રતાપસિંહ વાઘેલા, વિરભદ્રસિંહ વાઘેલા, શિવરાજસિંહ વાઘેલા, રાજદીપ સિંહ વાઘેલા, મહીદીપસિંહ વાઘેલા, ક્રિષ્ણરાજસિંહ વાઘેલા બ્રિજરાજસિંહ વાઘેલાએ ઠાકરજી મહારાજની પાલખીના વધામણા કરી ચોકમાં પધરાવી પૂજારી આશુતોષભાઈ જોષીએ પૂજા અર્ચના કરાવી પ્રસાદ ધરાવેલ. આ પ્રસંગે પ્રદિપભાઈ ઠક્કર, જયંતિભાઈ ઠક્કર, દિનેશભાઈ સોની, કલ્પેશભાઈ ઠક્કર, શાંતિભાઈ ઠક્કર, મેહુલભાઈ ઠક્કર, જનકભાઈ અખાણી, યુગલ કિશોર ઠક્કર સહીત ભાવિક ભકતો શોભાયાત્રામાં જોડાયેલ. દરબારગઢથી પ્રસ્થાન કરી પાલખી શોભાયાત્રા હાઈવે બહુચર માતાજી મંદિર થઈ ગોકુળનગર-તક્ષશીલા સોસાયટી માં પધરામણી કરતાં સાંજના સુમારે નિજ મંદિરમાં પરત ફરેલ. વેપારીઓ પોતાના રોજગાર ધંધા બંધ રાખેલ.

# મહીસાગર જિલ્લાના ખલાસપુર ગામે આત્મા પ્રોજેક્ટ દ્વારા પ્રાકૃતિક કિસાન ગોષ્ઠી કાર્યક્રમ યોજાયો

### ગ્રામજનોને પ્રાકૃતિક ખેતીનું મહત્વ સમજાવી, જીવામૃત બનાવવાનો પ્રેક્ટીકલ રીતે નિદર્શન પૂરું પાડવામાં આવ્યું

। મહીસાગર, તા.૨૬ ।



મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના ખલાસપુર ગામે આત્મા પ્રોજેક્ટ દ્વારા પ્રાકૃતિક કિસાન ગોષ્ઠી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ખલાસપુર ગામમાં ખેડૂતો શાકભાજી અને અનાજની મોટા પાયે ખેતી કરે છે. આત્મા પ્રોજેક્ટના મનીષભાઈ દ્વારા પ્રાકૃતિક ખેતીના તમામ આયામો વિશે ગ્રામજનોને માહિતી આપ વામાં આવી હતી તેમજ મદદનીશ બાગાયત નિયામક દ્વારા બાગાયત ખેતીમાં પ્રાકૃતિક ખેતી અંગેનું મહત્વ અને બાગાયત ખાતાની યોજનાકીય માહિતી પૂરી પાડવામાં આવી હતી.

પશુપાલન અને ખેતીવાડી વિભાગ દ્વારા પ્રાકૃતિક ખેતીમાં ગાયનું મહત્વ તેમજ આઇ ખેડુત પોર્ટલ વિશે માહિતી, જમીનની ફળદ્રુપતા અને પર્યાવરણ બચાવવા માટે આપણે કેવી રીતે સહભાગી થઈ શકીએ તેની વિગતવાર માહિતી આપી હતી. કાર્યક્રમમાં બાગાયત વિભાગ, પશુપાલન વિભાગ અને ખેતીવાડી વિભાગમાંથી જુદા જુદા અધિકારીશ્રીઓએ ખલાસપુર ગામના ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અંગેનો માર્ગદર્શન તેમજ ઝીણવટભરી માહિતી પૂરી પાડી હતી. તમામ ખેડૂત મિત્રોને જીવામૃત બનાવવાનો પ્રેક્ટીકલ રીતે નિદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. તેમજ પ્રાથમિક શાળાના પ્રાંગણમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના મોટી સંખ્યામાં ખેડૂત ભાઈઓ તેમજ મહિલા પશુપાલક બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# કચ્છ જિલ્લાના તમામ તાલુકામાં મહા શ્રમદાન કાર્યક્રમ યોજાયો




। ભુજ, તા.૨૬ ।

‘સ્વચ્છતા હી સેવા’ ૨૦૨૩ અંતર્ગત કચ્છ જિલ્લાના તમામ તાલુકાના નિયત કરેલા ગામોમાં મહા શ્રમદાન કાર્યક્રમ યોજાયો હતો. ગાર્બેજ ફ્રી ઈન્ડિયાની થીમ સાથે ગામડાઓ કચરા મુક્ત બની રહે તે માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. કચ્છ જિલ્લાના તમામ તાલુકાના એક-એક ગામની ભાગોળે આવેલા ઉકરડાની સફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહા શ્રમદાન નિમિતે મોટા પ્રમાણમાં બ્લોક સ્પોર્ટની સફાઈ કરવામાં આવી હતી. નાગરિકોએ સાથે મળીને ગામડાઓ કચરા મુક્ત બને તે માટેના શપથ લીધા હતા. આ મહા શ્રમદાન કાર્યક્રમમાં તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ, તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ, તાલુકાના વિવિધ પદાધિકારીશ્રીઓ, ગામના સરપંચશ્રીઓ, તલાટીશ્રીઓ, સ્વચ્છ ભારત મિશન ગ્રામીણનો તમામ સ્ટાફ, આગેવાનશ્રીઓ, ગ્રામજનો અને સફાઈ કર્મચારીઓ આ મહા શ્રમદાન કાર્યક્રમમાં જોડાયા હતા.

# સ્નેહા હલદર (પશ્ચિમ બંગાળ) અને અદિરેડ્ડી અર્જુન (તેલંગાણા) ૮મા રાઉન્ડ પછી પણ બોર્ડમાં ટોચ પર છે

૮મો રાઉન્ડ પૂરો થયા બાદ તેલંગાણાનો અદિરેડ્ડી અર્જુન ૭.૫ પોઈન્ટ સાથે ટૂર્નામેન્ટ-માં આગળ છે.૮મા રાઉન્ડમાં અર્જુને તમિલનાડુના મનીષ એન્ટો ક્રિસ્ટિયાનોને હરાવ્યો અને બોર્ડમાં પોતાનું પ્રથમ સ્થાન મેળવ્યું. નવમા રાઉન્ડમાં અર્જુન પશ્ચિમ બંગાળના અલેખ્ય મુખોપાધ્યાય સામે રમશે. પશ્ચિમ બંગાળના અલેખ્યા મુખો પાધ્યાય અને મહારાષ્ટ્રના માનસ ગાયકવાડ ૭-૭ પોઈન્ટ સાથે બોર્ડમાં બીજા અને ત્રીજા સ્થાને છે.

# રાજકોટ-સૌરાષ્ટ્રની સહકારી સંસ્થાઓએ સહકારના ક્ષેત્રે નવા આદર્શો પ્રસ્થાપિત કર્યા : ભૂપેન્દ્ર પટેલ

### જામકંડોરણા ખાતે રાજકોટ જિલ્લાની સાત સહકારી સંસ્થાઓની વાર્ષિક સાધારણ સભામાં મુખ્યમંત્રીશ્રીનું વર્ચ્યુઅલ સંબોધન

। મહીસાગર, તા.૨૬ ।

રાજકોટ તા. ૨૫ સપ્ટેમ્બર - રાજકોટ જિલ્લા કક્ષાની સાત સહકારી સંસ્થાઓની વાર્ષિક સાધારણ સભા આજે જામકંડોરણા ખાતે યોજાઈ હતી. જેમાં ઉપસ્થિત હજજારો સભાસદોને રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે વર્ચ્યુઅલ સંબોધન કરીને અભિનંદન પાઠવ્યા હતા. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વમાં આયોજિત જી-૨૦માં પ ધારેલા વિકસિત દેશોના વડાઓને આપણે સહકાર દ્વારા દેશના વિકાસની ભાવનાથી પ્રભાવિત કર્યા છે. એક સમયે આઝાદીના આંદોલનમાં ગુજરાત અસહકારની ચળવળમાં અગ્રેસર હતું. આજે વડાપ્રધાનશ્રી મોદી અને દેશના પ્રથમ સહકારી મંત્રીશ્રી અમિત શાહના નેતૃત્વમાં ગુજરાત સહકારી ક્ષેત્રે દેશભરમાં અગ્રેસર બન્યું છે. ગુજરાતમાં આવેલી સહકારી ક્રાંતિને ભારતભરમાં વ્યાપક બનાવવા કેન્દ્ર સરકારે સહકાર મંત્રાલયની સ્થાપના કરી છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં વિવિધ સહકારી સંસ્થાઓ દ્વારા ખેડૂતોને રૂ. ૧૪,૭૮૦ કરોડનું પાક ધીરાણ અને રૂ. ૬૮૦ કરોડનું મધ્યમ અને લાંબી મુદતનું ધીરાણ મળ્યું છે. ગુજરાતના સમૃદ્ધ સહકારી માળખાનો ઉલ્લેખ કરતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, દૂધ ઉત્પાદનમાં ગુજરાત સમગ્ર દેશમાં મોખરે છે અને રોજ ૨૦૩ લાખ લિટર દૂધનું ઉત્પાદન થાય છે અને ૩૬ લાખ પશુપાલકોને રૂપિયા ૧૪૦ કરોડની ચુકવણી થાય છે. રાજ્યમાં દૂધ ઉત્પાદક મંડળીઓના ૩૬ લાખ સભાસદોમાં ૧૨ લાખ સભાસદો મહિલા હોવાનો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો. રાજ્યમાં ૮૩ હજારથી વધુ સહકારી મંડળીઓમાં બે કરોડ ૩૧ લાખ સભાસદો જોડાયેલા હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. રાજકોટના સ્વ. અરવિંદભાઈ મણિયાર તથા સ્વ.વિઠ્ઠલભાઈ રાદડિયાને યાદ કરતા તેમણે કહ્યું હતું કે, સહકારી ક્ષેત્રનો પાયો મજબૂત કરવામાં તેઓનું મોટું યોગદાન છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે તમારૂં મંતવ્ય વ્યક્ત કરતા અચકાતા નહીં. આત્મવિશ્વાસની કમીને તમારા પર અંકુશ જમાવવા ન દો કેમ કે એનાથી તમારી સમસ્યાઓની ગૂંચવણ ઓર વધશે અને તમારો વિકાસ મંદ પડશે. આત્મવિશ્વાસ પાછો મેળવવા માટે તમારી જાતને વ્યક્ત કરો તથા સમસ્યા સાથે પનારો પાડવા ખુલ્લા દિલે સ્મિત કરો. પૈસાની અછત આજે ઘરમાં વિવાદનું કારણ બની શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમારી રમૂજવૃત્તિ કોઈકને પોતાનામાં આ કૌશલ્ય વિકસાવવાનો ઉત્સાહ આપશે કેમ કે ખુશી ચીજ-વસ્તુઓ મેળવવામાં કે તેના સંગ્રહમાં નહીં પણ આપણી અંદર હોય છે. જે લોકો શેરબજાર માં રોકાણ કરે છે તેમના પૈસા આજે ડૂબી શકે છે. સમય રહેતા સાવચેત થયી જવું તમારા માટે સારું રહેશે? તમે જેની સાથે રહો છો એમાથી કોઈ તમારાથી નારાજ છે કેમ કે તમે તમારી ઘરને લગતી ફરજોને નજરઅંદાજ કરી રહયા છો.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ખર્ચમાં વધારાને કારણે બચત કરવામાં તમને મુશ્કેલી પડશે. તાણભર્યો સમય પ્રર્વતશે પણ પરિવારનો સહકાર તમને મદદ કરશે. તમારા જીવનસાથી આજે થનગનાટ અને પ્રેમથી છલોછલ હશે. પોતાના જીવન કરતાં તમને વધુ પ્રેમ કરતી વ્યક્તિને તમે મળશો.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. જે લોકોએ જમીન ખરીદી હતી અને હવે તેને વેચવા માંગે છે તે લોકો ને કોઈ સારો ખરીદદાર આજે મળી શકે છે અને તેના થી તેમને સારો ધન લાભ થશે. કામના સંદર્ભમાં આજનો દિવસ ખૂબ જ સરસ વીતે એવું જણાય છે. આ તે દિવસ છે જ્યારે તમે તમારી જાત ને સમય આપવા માટે પ્રયત્નશીલ રહેશો પરંતુ તમને તમારા માટે સમય મળશે નહીં.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે સ્વાસ્થ્ય બરાબર રહેશે. આજે તમારું ધન ઘણી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે, તમારે આજે એક સારો બજેટ પ્લાન બનાવ ની જરૂર છે આના થી તમારી ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. પરિવારના સભ્યો સહકાર આપશે પણ તેમની માગો પણ વધુ હશે. તમારૂં ચુંબકીય-બર્હિમુખી વ્યક્તિત્વ દિલો પર રાજ કરશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે મિત્ર સાથે તમારી ગેરસમજ કેટલાક અપ્રિય પ્રત્યાઘાતોને આમંત્રણ આપશે-કોઈ પણ નિર્ણય જોહેર કરતા પહેલા સંતુલિત મંતવ્ય મેળવો. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. તમારા જીવનસાથીની સંગતમાં રાહત-આરામ તથા પ્રેમ શોધો. જો તમે ભાર ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો વસ્ત્રો સમજી વિચારી ને પહેરો? જો તમે આવું નહિ કરો તો શક્ય છે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો-આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે. મગજએ તમારા જીવનનું પ્રવેશદ્વાર છે કેમ કે સારૂં-ખરાબ બધું જ તેના વાટે તમારા મગજમાં પ્રવેશે છે. તે જીવનની સમસ્યાઓને ઉકેલવામાં મદદ કરે છે તથા વ્યક્તિના જીવનમાં જરૂરી એવો પ્રકાશ રેલાવે છે. તમારી બચતને તમે રૂઢિગત રોકાણમાં મુકશો તો નાણાં મેળવશો.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમારી ઈચ્છાઓ પૂરી કરવા માટે અંગત સંબંધોનો દુરૂપયોગ તમારી પત્નીને ગુસ્સો અપાવશે. તમામ જવાબદારીઓ તથા આર્થિક વ્યવહારો સાવચેતીપૂર્વક પાર પાડવા. બાળકો તેમની સિદ્ધિ દ્વારા તમને ગર્વની અનુભૂતિ કરાવશે. આજે તમે તમારા જીવનસાથી સાથે સમય પસાર કરવા વહેલા ઓફિસ થી નીકળી શકો છો, પરંતુ માર્ગમાં વધારે જામ થવા ને કારણે તમે તેમ કરી શકશો નહીં.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે પત્નીના કામકાજમાં ચંચૂપાત કરશો નહીં, કેમ કે તેનાથી તમે તેનો ગુસ્સો નોતરશો.તમારા કામથી કામ રાખો એ જ સારૂં છે. હસ્તક્ષેપ જેટલો ઓછો એટલું સારૂં અન્યથા તેનાથી પરાધીનતા આવી શકે છે. તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિમાં જોશો-જે તમને આર્થિક લાભ પણ અપાવશે. તમારી ચીજો પ્રત્યે બેદરકાર રહેશો તો તે ખોવાઈ શકે છે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે તમારૂં શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. જે લોકો ટેક્સ ચોરી કરે છે તે લોકો આજે મોટી મુશ્કેલી માં ફસાઈ શકે છે. તેથી તમને સલાહ આપવા માં આવે છે કે ટેક્સ ચોરી ના કરો. તમારા પરિવારના સભ્યોની જરૂરીયાતો પર ધ્યાન આપવું એ આજના દિવસની પ્રાથિમકતા હોવી જોઈએ.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે આજનો દિવસ તમારી માટે બહુ ઊર્જાવાળો નથી અને તમે નાની-નાની બાબતોમાં ચીડાઈ જશો. તમે પ્રવાસ કરવાના તથા ખર્ચ કરવાના મૂડમાં હશો-પણ તમે જો એવું કરસો તો તમે પછીથી દિલગીરી અનુભવશો. દિવસ દરમિયાન ભારે બોલાચાલી બાદતમારા જીવનસાથી સાથે સુંદર સાંજ માણો. તમારે બાળકો સાથે કેટલોક સમય વિતાવવાની તથા તેમને સારા મૂલ્યો શીખવવાની તથા તેમને તેમની જવાબદારીની જાણ થાય તેવા પ્રયાસો કરવાની જરૂર છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે સ્વાસ્થ્યને લગતી સમસ્યાઓ બેચેની લાવી શકે છે. આજે તમને કોઈ અજાણ્યા સ્ત્રોત્ર થી ધન લાભ થયી શકે છે જેના લીધે તમારી ઘણી આર્થિક મુશ્કેલીઓ દૂર થયી જશે. જેઓ સંવેદનશીલ પુનરાશ્વાસન શોધી રહ્યા છે તેમની મદદે તેમના વડીલો આવશે. તમારા જીવનસાથી તમારી યોજના અથવા પ્રોજેક્ટમાં ખલેલ પાડી શકે છે, તમારી ધીરજ ખોતા નહીં.

### ન્યૂઝ બ્રિફ

## ૬૦ મહિના માટે સલમાને ભાડા પર પ્રોપર્ટી આપી : દર મહિને ૧ કરોડ ભાડું વસૂલ કરશે

। મુંબઈ, તા.૨૬ ।

બોલિવૂડ એક્ટર સલમાન ખાને મુંબઈના સાંતાક્રુઝ વિસ્તારમાં આવેલી પોતાની કોમર્શિયલ પ્રોપર્ટી ૬૦ મહિના માટે ભાડે આપી છે. સલમાને ૨,૧૪૦.૭૧ ચોરસ મીટરમાં ફેલાયેલી આ પ્રોપર્ટી લેન્ડક્રાફ્ટ રિટેલ પ્રાઈવેટ લિમિટેડને ભાડે આપી છે. કંપનીએ સલમાનને ૫.૪ કરોડ રૂપિયા ડિપોઝિટ તરીકે આપ્યા છે. મિલકતમાં નીચેના ગ્રાઉન્ડ ફ્લોર, ગ્રાઉન્ડ ફ્લોર, પ્રથમ અને બીજા માળનો સમાવેશ થાય છે. અગાઉ આ મિલકત ફ્યુચર ગ્રુપના ફૂડ હોલ પાસે હતી. આ સ્થળ તેની વિસ્તૃત ખાદ્ય જાતો તેમજ શોપિંગ માટે પ્રખ્યાત હતું. દીપિકા પાદુકોણ, સારા અલી ખાન અને દિશા પટણી જેવા સેલેબ્સ સામાન્ય રીતે અહીં જોવા મળતા હતા. સલમાને પોતે આ પ્રોપર્ટી ૨૦૧૨માં ૧૨૦ કરોડ રૂપિયામાં માત્ર બિઝનેસ હેતુ માટે ખરીદી હતી. જુલાઈ ૨૦૧૭માં તેણે તેને ફૂડ હોલ લીઝ પર આપ્યો હતો. આ ડીલમાં ૫ વર્ષ માટે દર મહિને ૮૦ લાખ રૂપિયા ભાડું નક્કી કરવામાં આવ્યું હતું.

## અમેરિકાએ ત્રણ મહિનામાં રેકોર્ડ સંખ્યામાં ભારતીય વિદ્યાર્થીઓને વિઝા આપ્યા

। વોશિંગ્ટન, તા.૨૬ ।

ભલે કેનેડામાં ઉચ્ચ અભ્યાસ માટે જવાનો ક્રેઝ વધ્યો હોય પરંતુ હાલમાં પણ અમેરિકા ભારતીય વિદ્યાર્થીઓની પ્રથમ પસંદ છે. અમેરિકા પણ ભારતીય વિદ્યાર્થીઓને વધારેમાં વધારે વિઝા આપી રહ્યું છે. અમેરિકાએ જૂન, જુલાઈ અને ઓગસ્ટ એમ ત્રણ મહિનામાં રેકોર્ડ સંખ્યામાં ભારતીય વિદ્યાર્થીઓને વિઝા આપ્યા છે. ભારતમાં યુએસ મિશને ટ્વિટર પર જાહેરત કરી છે કે તેમણે યુએસમાં હાયર એજ્યુકેશન મેળવવા માટે અરજી કરનારા ભારતના ૯૦,૦૦૦થી વધુ ઉમેદવારોને વિઝા આપ્યા છે. ટ્વિટર પરની પોસ્ટમાં, યુએસ મિશનએ એમ પણ કહ્યું કે વિશ્વભરમાં લગભગ ચારમાંથી એક સ્ટુડન્ટ વિઝા ભારતમાં જારી કરવામાં આવ્યા છે. ભારતીય વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવતા, યુએસ મિશનએ કહ્યું છે કે, "તમામ વિદ્યાર્થીઓને અભિનંદન અને શુભેચ્છાઓ જેમણે તેમના ઉચ્ચ શિક્ષણના લક્ષ્યોને વાસ્તવિક બનાવવા માટે યુનાઈટેડ સ્ટેટ્સ પસંદ કર્યું છે." ૨૦૨૨માં ભારત યુનાઈટેડ સ્ટેટ્સમાં સૌથી વધુ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ સાથે વિશ્વનો ટોચનો દેશ બન્યો હતો. આ મામલે ભારતે ચીનને પાછળ છોડી દીધું હતું.

### આઈએસઆઈ સાથે બહાર આવ્યું કનેક્શન

# કેનેડાનાં ખાલિસ્તાન સમર્થકો દ્વારા પંજાબમાં ડ્રગ્સથી કમાણી

### કેનેડામાં હાજર ખાલિસ્તાની આતંકવાદીઓને લઈને ખુલાસો : કેનેડામાં હાજર આતંકી ગુનાહિત સાંઠગાંઠ ડ્રોન દ્વારા પાકિસ્તાનથી પંજાબમાં ડ્રગ્સ પહોંચાડે છે

। નવી દિલ્હી, તા.૨૬ ।

પંજાબમાં ડ્રોન દ્વારા આવતા ડ્રગ્સની આવકનો મોટો હિસ્સો કેનેડામાં હાજર ખાલિસ્તાની આતંકવાદીઓને જાય છે. આ પૈસાના આધારે આ ખાલિસ્તાની આતંકવાદીઓ આતંકવાદ અને ડ્રગ્સનો વેપાર સતત વધારી રહ્યા છે. આને લગતી તમામ માહિતી હોવા છતાં કેનેડિયન વહીવટીતંત્ર રહસ્યમય મૌન કેમ જાળવી રહ્યું છે? આ પોતાનામાં એક મોટો પ્રશ્ન છે. કેનેડામાં હાજર ખાલિસ્તાની આતંકવાદીઓ અને અપરાધીઓને લઈને મોટો ખુલાસો થયો છે. ખુલાસો એ છે કે કેનેડામાં હાજર આતંકવાદી ગુનાહિત સાંઠગાંઠ ડ્રોન દ્વારા મોટા પાયે પાકિસ્તાનથી પંજાબમાં ડ્રગ્સ પહોંચાડે છે. આ ડ્રગ્સ તેમના ગુનાહિત જોડાણોના આધારે વધુ વેચાય છે.તપાસ દરમિયાન એ વાત પણ સામે આવી છે કે આ ડ્રગ્સ વેચ્યા બાદ તેનો મોટો હિસ્સો કેનેડા સ્થિત આતંકવાદી ગુનાહિત સાંઠગાંઠમાં જાય છે. કેનેડામાં બેઠેલા આ ખાલિસ્તાની સમર્થકો ત્યાં પણ ડ્રગ્સનો ધંધો ચલાવી રહ્યા છે. આ સિવાય કેનેડા સ્થિત આતંકવાદી ગુનાહિત સાંઠગાંઠ માટે આવકનો મુખ્ય સ્ત્રોત ભારતમાં લોકોને ધમકી આપીને તેમની પાસેથી પૈસા પડાવવાનો છે. હવે આ આતંકવાદી ગુનાહિત સાંઠગાંઠ ધરાવતા લોકો કેનેડામાં ડ્રગ્સ અને વસૂલીના આધારે કમાયેલા પૈસાથી ગુરુદ્વારા પર કબજો કરવા માંગે છે, જેથી તે ત્યાંના રાજકારણમાં આગળ વધી શકે. વર્ષ ૨૦૨૨માં આ રાજનીતિના કારણે જ કેનેડાના અગ્રણી નેતા રિપુ દમન સિંહ મલિકની હત્યા કરવામાં આવી હતી. ત્યારબાદ આરોપ લગાવવામાં આવ્યો હતો કે આ હત્યા કુખ્યાત ખાલિસ્તાન સમર્થક હરદીપ સિંહ નિજ્જરના કહેવા પર કરવામાં આવી છે. રસપ્રદ વાત એ છે કે કેનેડાના વહીવટીતંત્રને આ અંગે જાણ કરવામાં આવી હોવા છતાં, તેઓએ હરદીપ સિંહ વિરુદ્ધ કોઈ કાર્યવાહી કરી ન હતી.

### કેનેડામાં ખાલિસ્તાની સમર્થકો દ્વારા શરૂ કરાયું વિરોધ પ્રદર્શન




**કેનેડા અને ભારત વચ્ચેનો તણાવ ઓછો થઈ રહ્યો નથી. બંને દેશોએ એકબીજાના ટોચના રાજદ્વારીઓને હાંકી કાઢ્યા છે. દરમિયાન ડઝનબંધ ખાલિસ્તાન સમર્થકોએ વાનકુવરમાં ભારતીય વાણિજ્ય દૂતાવાસની બહાર ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યા સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું. રિપોર્ટ્સ અનુસાર ખાલિસ્તાની સંગઠન દ્વારા આ વિરોધ પ્રદર્શન ઓટાવા, ટોરન્ટો અને વાનકુવરમાં થઈ રહ્યા છે, જેના કારણે ભારે સુરક્ષા તૈનાત કરવામાં આવી છે. આ દરમિયાન એમને ઝંડા લહેરાવ્યા, ગીત વગાડ્યું અને સૂત્રોચ્ચાર કર્યા તો સાથે જ કેટલાક પ્રદર્શનકારીઓએ ભારતીય વાણિજ્ય દૂતાવાસની બહાર ભારતીય ધ્વજનું અપમાન કર્યું હતું. આવો જ વિરોધ ટોરોન્ટોમાં થયો હતો. દરમિયાન, વાનકુવર પોલીસ વિભાગે ભારતીય કોન્સ્યુલેટ ખાતે સુરક્ષા વધારી દીધી છે અને સાવચેતીના ભાગરૂપે નજીકના રસ્તાઓ બંધ કરી દીધા છે. ભારતીય દૂતાવાસોને બેરિકેડ કરવામાં આવ્યા છે અને પોલીસ અને ફેડરલ પોલીસ સ્થળ પર તૈનાત છે. કેનેડિયન મીડિયા રિપોર્ટ્સ અનુસાર, હોવે સ્ટ્રીટ પર ભારતીય વાણિજ્ય દૂતાવાસના પ્રવેશદ્વારને રોકવા માટે બેરિકેડ લગાવવામાં આવ્યા છે. સમાચાર અનુસાર, વિશ્વ શીખ સંગઠને ઉશ્કેરણી અને દખલગીરીની સંભાવનાને લઈને પહેલેથી જ ચેતવણી જાહેર કરી દીધી છે. જેથી પોલીસ પહેલાથી જ સતર્ક હતી. ખાલિસ્તાન હિમાયત સંસ્થા શીખ ફોર જસ્ટિસના નિર્દેશક જતિન્દર સિંહ ગ્રેવાલે રવિવારે કહ્યું હતું કે નિજ્જરની હત્યા અંગે જનજાગૃતિ વધારવા માટે ટોરોન્ટો, ઓટાવા અને વાનકુવરમાં ભારતીય દૂતાવાસોની બહાર પ્રદર્શન કરવામાં આવશે. તેમણે કહ્યું હતું કે અમે ભારતીય રાજદૂતને હાંકી કાઢવાની માંગ કરી રહ્યા છીએ. જણાવી દઈએ કે તાજેતરમાં જ ખાલિસ્તાન સમર્થક નિજ્જરની કેટલાક લોકોએ હત્યા કરી હતી. જે અંગે કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડોએ કહ્યું હતું કે આ હત્યા પાછળ ભારતનો હાથ છે. ટ્રૂડોએ ગયા અઠવાડિયે કહ્યું હતું કે અમે આક્ષેપો કરી રહ્યા છીએ કે ૧૮ જૂને હરીપ સિંહ નિજ્જરની હત્યામાં ભારત સરકારના એજન્ટો સામેલ હોઈ શકે છે. આ દરમિયાન કેનેડાના વિદેશ મંત્રીએ ભારતીય ગુપ્તચર ચીફ પવન કુમાર રાયને હાંકી કાઢ્યા હતા. કેનેડાના આ નિવેદન બાદ ભારતે કહ્યું કે તેમના દ્વારા લગાવવામાં આવેલા આરોપો વાહિયાત છે. કલાકો પછી ભારતે કેનેડિયન રાજદ્વારી ઓલિવર સિલ્વેસ્ટરને હાંકી કાઢ્યા અને નવા વિઝા આપવા પર પ્રતિબંધ મૂક્યો હતો. આ પછી જસ્ટિને પોતાનું નિવેદન પુનરાવર્તિત કર્યું અને કહ્યું કે તેની પાસે ભારતીય એજન્ટોને હરદીપ સિંહ નિજ્જરની હત્યા સાથે જોડતી નક્કર માહિતી છે. ૪૫ વર્ષીય નિજ્જર કેનેડાનો નાગરિક હતો. જોકે, ભારત સરકાર કહેતી રહી છે કે જો તેમની પાસે પુરાવા હોય તો તેઓ રજૂ કરે. હાલમાં બંને દેશો વચ્ચે તણાવ છે અને નવા વિઝા આપવામાં આવી રહ્યા નથી.**

## કેનેડાએ ભારતમાં તેના નાગરિકો માટે તેની ટ્રાવેલ એડવાઈઝરીને અપડેટ કરી

કેનેડાએ ભારતમાં તેના નાગરિકો માટે તેની ટ્રાવેલ એડવાઈઝરીને અપડેટ કરી છે. નવી ટ્રાવેલ એડવાઈઝરીમાં તાજેતરની ઘટનાઓને ધ્યાનમાં રાખીને લોકોને સતર્ક રહેવા અને સાવચેતી રાખવા માટે કહેવામાં આવ્યું છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે સોશિયલ મીડિયા પર કેનેડા પ્રત્યે વિરોધ અને નકારાત્મક લાગણીઓને કારણે ટ્રાવેલ એડવાઈઝરીને અપડેટ કરવામાં આવી છે. કેનેડાની સરકારે એક અપડેટમાં જણાવ્યું હતું કે કેનેડા અને ભારતમાં તાજેતરમાં બનેલી ઘટનાઓને પગલે સોશિયલ મીડિયા પર કેનેડા પ્રત્યે વિરોધ અને કેટલીક નકારાત્મક લાગણીઓ જોવા મળી રહી છે. કૃપા કરીને સાવધાન રહો અને સાવચેતી રાખો. અગાઉ ભારતે કેનેડામાં રહેતા ભારતીય નાગરિકો અને વિદ્યાર્થીઓ માટે સમાન એડવાઈઝરી જાહેર કરી હતી. ભારતે ગયા અઠવાડિયે કેનેડામાં વિઝા સેવાઓ પણ સ્થગિત કરી દીધી હતી. બ્રિટિશ કોલંબિયામાં ૧૮મી જૂને ખાલિસ્તાની ઉગ્રવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં ભારતીય એજન્ટોની સંભવિત સંડોવણીના કેનેડિયન વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડોના આક્ષેપ બાદ ભારત અને કેનેડા વચ્ચે તણાવ વધ્યો હતો. ભારતે ૨૦૨૦માં નિજ્જરને આતંકવાદી જાહેર કર્યો હતો. ભારતે આરોપોને 'વાહિયાત' અને રાજકારણ 'પ્રેરિત' ગણાવીને ફગાવી દીધા હતા અને કેનેડાએ એક ભારતીય અધિકારીની હકાલપટ્ટી કરી હતી તો ભારતે પણ બદલામાં એક વરિષ્ઠ કેનેડિયન રાજદ્વારીને હાંકી કાઢ્યા હતા. અગાઉ મીડિયાને સંબોધતા ટ્રૂડોએ કહ્યું કે કેનેડાએ ભારત સાથે 'વિશ્વસનીય' આરોપો શેર કર્યા છે જે અંગે મેં સોમવારે વાત કરી હતી. અમે કેટલાક અઠવાડિયા પહેલા ભારત સાથે ગુપ્તચર માહિતી શેર કરી હતી. કેનેડાના પીએમએ કહ્યું કે અમે ભારત સાથે રચનાત્મક રીતે કામ કરવા માંગીએ છીએ. અમે આશા રાખીએ છીએ કે તેઓ અમને સહકાર આપશે જેથી અમે આ અત્યંત ગંભીર બાબતના ઉંડાણમાં જઈ શકીએ. મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવ્યો છે કે કેનેડા સરકાર એક મહિનાથી ખાલિસ્તાની આતંકવાદી નિજ્જરની હત્યાની તપાસ કરી રહી છે.

### શ્રીલંકાના વિદેશમંત્રી અલી સાબરીએ કહ્યું

## ટ્રૂડોની ઝાટકણી કાઢતા શ્રીલંકાએ કહ્યું આતંકીઓ માટે સેફ હેવન છે કેનેડા

### ભારત વિરુદ્ધ પુરાવા વગર આરોપ લગાવનારા કેનેડાના પીએમ ટ્રૂડો હવે ચારેકોરથી ઘેરાતા જોવા મળી રહ્યા છે

। કોલંબો, તા.૨૬ ।



ભારત વિરુદ્ધ પુરાવા વગર આરોપ લગાવનારા કેનેડાના પીએમ જસ્ટિન ટ્રૂડો હવે ચારેકોરથી ઘેરાતા જોવા મળી રહ્યા છે. આ સમગ્ર મામલે શ્રીલંકાએ ભારતનું સમર્થન કર્યું છે અને ટ્રૂડો પર આકરા પ્રહાર કર્યા છે.

શ્રીલંકાના વિદેશમંત્રી અલી સાબરીએ કહ્યું કે 'કેટલાક આતંકવાદીઓને કેનેડામાં સુરક્ષિત ઠેકાણું મળી ગયું છે. કેનેડિયન પ્રધાનમંત્રી પાસે કોઈ પુરાવા વગર કઈ પણ અપમાનજનક આરોપ લગાવવાનો આ જ ઉપાય છે. આ વાત તેમણે શ્રીલંકા માટે પણ કરી, એવું કહેવું કે શ્રીલંકામાં નરસંહાર થયો હતો તે એક ભયાનક, હળાહળ જુઠ્ઠાણું હતું. બધા જાણે છે કે અમારા દેશમાં કોઈ નરસંહાર થયો નથી.' સાબરીએ કહ્યું કે મે કાલે જોયુ કે તેમણે (ટ્રૂડો) બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન નાઝીઓ સાથે જોડાયેલા કોઈ વ્યક્તિનું જોરદાર સ્વાગત કર્યું હતું. આથી એ શંકાસ્પદ છે અને અમે ભૂતકાળમાં એ ભોગવી ચૂક્યા છીએ. મને એ વાતનું કોઈ આશ્ચર્ય નથી, ક્યારેક ક્યારેક પીએમ ટ્રૂડો અપમાન જનક આરોપો સાથે સામે આવે છે.

આ અગાઉ ભારતમાં નિવર્તમાન શ્રીલંકન ઉચ્ચાયુક્ત મિલિન્ડા મોરાગોડાએ કહ્યું કે કેનેડાના આરોપો પર ભારતની પ્રતિક્રિયા ખુબ કડક અને સીધી રહી છે અને કોલંબો આ મામલે નવી દિલ્હીનું સમર્થન કરે છે. તેમણે કહ્યું કે મને લાગે છે કે ભારતની પ્રતિક્રિયા મજબૂત અને સીધી રહી છે અને જ્યાં સુધી અમારો સવાલ છે તો અમે આ મામલે ભારતનું સમર્થન કરીએ છીએ.

### બધા કામ પડતા મૂકી પહેલાં આટલું કરો

## મોટા નુકસાનથી બચવા ફક્ત પાંચ જ દિવસ બચ્યા છે હાથમાં

### બસ તમારા હાથમાં જે દિવસ છે તેમાં આ કામ નથી પતાવ્યા તો પાછળથી એટલાં ધક્કા ખાવા પડશે કે અફસોસનો પાર નહીં રહે

। નવી દિલ્હી, તા.૨૬ ।

સપ્ટેમ્બર મહિનો પૂરો થવાનો છે. તમે હવેથી ૫ દિવસ પછી અટકી શકો છો, જે તમારે પહેલા કરવું જોઈએ. વાસ્તવમાં, ૩૦ સપ્ટેમ્બર ઘણા મહત્વપૂર્ણ કાર્યોને પૂર્ણ કરવાની છેલ્લી તારીખ છે. ચાલો જાણીએ તે ૪ કાર્યો જે તમારે ૩૦ સપ્ટેમ્બર પહેલા પૂર્ણ કરવા જોઈએ, નહીં તો તમને નુકસાન થઈ શકે છે.

ડીમેટ ખાતામાં નોમિની ઉમેરવું ફરજિયાત : જો તમે સ્ટોક માર્કેટ અથવા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો છો અને તમારી પાસે ડીમેટ એકાઉન્ટ પણ છે, તો આ કામ ૩૦ સપ્ટેમ્બરની અંદર પૂર્ણ કરો. જો તમે ચૂકી જશો, તો ખાતું ફ્રીઝ થઈ જશે, પછી ન તો તમે શેરબજારમાં વેપાર કરી શકશો અને ન તો મ્યુચ્યુઅલ ફંડ ખાતામાંથી કોઈ વ્યવહાર કરી શકશો. સેબીએ તમારા ડીમેટ ખાતામાં નોમિની ઉમેરવા માટે ૩૦મી સપ્ટેમ્બર સુધીનો સમય આપ્યો છે. આ પછી, જ્યારે ઓક્ટોબરમાં માર્કેટમાં ટ્રેડિંગ શરૂ થશે, ત્યારે તમારું એકાઉન્ટ ફ્રીઝ થવાને કારણે સમસ્યાઓ વધશે.

નાની બચત યોજનાના સબ્સ્ક્રાઈબર્સ માટે આધાર સબમિટ કરવું ફરજિયાત : જો તમે સ્મોલ સેવિંગ્સ સ્કીમમાં રોકાણ કર્યું છે તો તમારા માટે સારા સમાચાર છે. તમને જણાવી દઈએ કે નાણા મંત્રાલયના નોટિફિકેશન મુજબ સ્મોલ સેવિંગ્સ સ્કીમના ગ્રાહકો માટે ૩૦ સપ્ટેમ્બર સુધીમાં આધાર જમા કરાવવું ફરજિયાત છે. આ તે ખાતાધારકો માટે હશે જેમણેઁ હ્વ, જીજીરૂ, દ્ગજીઝ, જીઝજીજી અથવા અન્ય કોઈ નાની બચત યોજનામાં ખાતું ખોલાવતી વખતે તેમનો આધાર નંબર સબમિટ કર્યો નથી.

# વિશેષ

### ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૩ "વિશ્વ પર્યટન દિવસ"

# પ્રવાસીઓને આકર્ષે છે ખેડાના પ્રવાસન અને દર્શનીય સ્થળો

કવિ ઉમાશંકર જોષી પર્યટનનું મહત્વ સમજાવતા લખે છે "ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા, જંગલની કુંજકુંજ જોવી હતી; જોવી'તી કોતરો ને જોવી'તી કંદરા, રોતા ઝરણાંની આંખ લ્હોવી હતી".

૨૭ સપ્ટેમ્બર એટલે વિશ્વ પર્યટન દિવસ. વિશ્વ પર્યટન દિવસની ઉજવણીનો હેતુ વિશ્વભરમાં પર્યટન વિશે લોકોમાં જાગૃતિ લાવવા અને સામાજિક, સાંસ્કૃતિક, રાજકીય અને આર્થિક મૂલ્યોને પ્રોત્સાહન આપવાનો છે. તો ચાલો જાણીએ આપણા ખેડા જિલ્લાનાં જોવાલાયક સ્થળો વિશે.

**ખેડા જિલ્લો એક નજરે**

ખેડાનું પ્રાચીન નામ ખેટકપુર હતું. વિશ્વ પર્યટન દિવસ અંતર્ગર્ત વાત કરીએ તો ખેડા જિલ્લામાં અનેક ફરવા લાયક સ્થળો છે. જેમાં યાત્રાધામ તરીકે ડાકોર ખાતે રણછોડરાયજીનુ મંદિર; વડતાલ ખાતે શ્રી સ્વામિનારાયણ મંદિર અને નડિયાદ ખાતે શ્રી સંતરામ મહારાજના મંદિરનો સમાવેશ કરી શકાય છે. આ સિવાય કપડવંજના ઉત્કંઠેશ્વર મહાદેવ; કુંડવાવ તોરણ; મહેમદાવાદનો ભમ્મરીયો કુવો, રોજી-રોજા દરગાહ; ગળતેશ્વર ખાતે મહાદેવ મંદિર; પ્લેટીનમ વન, લસુન્દ્રાના ગરમ અને ઠંડા પાણીના કુંડ, ઈકો પ્રવાસન સ્થળ-પરીએજ, માતર ખાતે દાંડી યાત્રી નિવાસ, વસો ખાતે દરબાર ગોપાળદાસ હવેલી અને કઠલાલનાં ફાગવેલ ખાતે ભાથીજી મહારાજનું મંદિર વગેરે દર્શનીય સ્થળો છે.

ખેડા એ અનેક મહાપુરુષોની કર્મભૂમિ રહેલી છે. અહીં નડિયાદ ખાતે હિંદુ અનાથ આશ્રમ, શ્રીમદ રાજચન્દ્ર આશ્રમ, બ્રહ્મર્ષિ આશ્રમ, હરિઓમ આશ્રમ "સાધનાભૂમિ", સરદાર વલ્લભભાઇ પટેલ જન્મસ્થળ, માઇ મંદીર કોઈ પણ પ્રવાસીને આકર્ષે છે.





ભારતના લોખંડી પુરૂષ સરદાર પટેલનું જન્મસ્થળ નડિયાદ છે. સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મ, ઝવેરભાઈના પરિવારમાં મોસાળ નડિયાદમાં દેસાઈવગો વિસ્તારમાં થયો હતો એ નગર નડિયાદનું નજરાણું છે. આ સ્થળને એક સ્મારક તરીકે સાચવી રાખવામાં આવ્યું છે. નડિયાદમાં લોકપ્રિય તીર્થધામ સંતરામ મંદિર જયાં જનસેવાની નિરંતર જ્યોત ઝળહળે છે. જિલ્લાના મુખ્ય મથક સાક્ષરભૂમિ નડીયાદ ખાતે સ્થાપિત શ્રી સંતરામ મંદિર જેવું સેવાતીર્થ આખાય દેશમાં ક્યાંય જોવા નહી મળે. ભારત સરકારે શ્રી સંતરામ મંદિરને તેમની "માનવ સેવા અને કોમી એકતા" ના કાર્ય માટે કબીર એવોર્ડ એનાયત કરી જિલ્લાનું ગૌરવ વધાર્યું હતું. સંવત ૧૮૮૭ મહાસુદ પૂનમના દિવસે સંતો ભક્તોની ઉપસ્થિતિમાં યોગીરાજ અવધૂતશ્રી સંતરામ મહારાજ જીવતા સમાધિષ્ઠ થયા. પ્રતિવર્ષ આ દિવસે અહીં ગુજરાતનો મોટો લોકમેળો ભરાય છે. જેમાં આરતી અને સાકરવર્ષા થાય છે. તેમજ દિવ્ય અખંડજ્યોતિ મંદિરમાં દોઢસો વર્ષથી પ્રજ્વલિત છે. ચાર તીર્થધામની યાત્રા કર્યા પછી યાત્રિકો ડાકોર ધામના દર્શને આવે છે. એમ મનાય છે કે જ્યાં સુધી યાત્રિક ડાકોરમાં ભગવાનશ્રી રણછોડરાયજીના દર્શન કરતા નથી ત્યાં સુધી તે યાત્રા અપૂર્ણ ગણાય છે. પવિત્ર યાત્રાધામ ડાકોર પુરાતનકાળમાં ડંક ઋષિએ મહાદેવને પ્રસન્ન કર્યા, ત્યાં ગોમતી તટ પર આવેલું ડંકનાથ મહાદેવનું મંદિર અને ડંક ઋષિના નામ પરથી વસેલું નગર તે ડંકપુર એટલે આજનું ડાકોર. જગતના નાથ ભગવાનશ્રી રાજારણછોડરાયજી જ્યાં બિરાજમાન છે તે પવિત્રભૂમિ ડાકોર મહત્વના તીર્થક્ષેત્રોમાં આગવું સ્થાન ધરાવે છે. વૈષ્ણવ સંપ્રદાયનું મહત્વનું ભગવાનશ્રી રાજા રણછોડરાયનું મંદિર ભારતભરમાં જાણીતું થયેલ છે. હિન્દુ ધર્મના ચાર તીર્થયાત્રાધામો મનાય છે. હાલમાં દર માસની પૂનમે ૩ લાખથી વધુ તેમજ હોળીની પૂનમે રાજ્યભરમાંથી આશરે ૧૦ થી ૧૨ લાખ લોકો અહીં દર્શન કરે છે. યાત્રાળુઓ અને દર્શનાર્થીઓના પવિત્ર સ્નાન અને આચમન અર્થે પવિત્ર ગોમતી તળાવ આવેલું છે. ગળતેશ્વર મહાદેવ- દર્શનીય તીર્થધામ ઉત્તમ શિલ્પ સ્થાપત્ય કલાનો નમૂનો, જિલ્લાના ઠાસરા તાલુકામાં સરનાલ ગામ પાસે મહિસાગર અને ગળતી નદીના સંગમ સ્થાને આ ઐતિહાસિક ધાર્મિક સ્થળ આવેલું છે. ડાકોરથી સેવાલિયા જતાં ૧૨ થી ૧૪ કિ.મી.ના અંતરે તે પવિત્ર તીર્થ છે. ગળતેશ્વર મહાદેવનું મંદિર ચાલુંક્યશૈલીમાં પરમાર રાજાઓ બંધાવેલું હોય એમ કહેવાય છે. આ મંદિર પથ્થરોની સુંદર કોતરણી અને શિલ્પ કામનો ઉત્કૃષ્ઠ નમુનો છે.

પંખીઓનું પિયર - પ્રાકૃતિક સૌંદર્યનું સ્વર્ગ, પરીએજ- પરીએજમાં મોટું તળાવ, નાનું તળાવ અને રાતડેશ્વર તળાવ આવેલાં છે. ગુજરાતના ગૌરવ સમા સારસ પક્ષીઓના અહીં ઝૂંડ જોવાં મળે છે. તથા નળસરોવરની માફક અનેક પક્ષીઓ અહીં જોવા મળે છે. આ વિસ્તારનું જાણીતું પક્ષી સારસ છે. પરીએજ મુકામે પ્રવાસન કાર્યક્રમ અંતર્ગત સામાન્ય જનતા યાયાવર પક્ષીઓ તેમજ સ્થાનિક પક્ષીઓને નિહાળી શકે, તેના વિશે જરૂરી માહિતી મેળવી શકે, તેમજ કુદરતની પ્રકૃતિને માણી શકે તે ઉદ્દેશથી ઈન્ટર પ્રિટીશન સેન્ટર, વોચ ટાવર, સાઈનેઝીસ ડાયોરામાની સુવિધા ઉપલબ્ધ કરાવાઈ છે. આમ એક સુંદર રમણીય પ્રવાસન સ્થળ તરીકે વિકાસ પામ્યું છે. પર્યટકો માટે નવેમ્બર થી માર્ચ મહિના સુધી આ સ્થળની મુલાકાત માટે શ્રેષ્ઠ છે.

નડીયાદ થી ૧૦ કિ.મી. દુર શ્રી સ્વામિનારાયણ મંદિર, વડતાલમાં આવેલ છે. સંવત ૧૮૭૮માં ચૈત્રસુદમાં સહજાનંદ સ્વામીએ સ્વહસ્તે આ મંદિરનું ખાતમુહૂર્ત કર્યું અને સંવત ૧૮૮૧ના કાર્તિક માસમાં બાંધકામ પૂર્ણ થયું. આ મંદિરની મુલાકાતે દરવર્ષે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવે છે. ક્ષત્રિય વીર ભાથીજીનું ધામ-ફાગવેલ આ સ્થળે રમ્ય મંદિર છે. ખેડા જિલ્લાના કઠલાલ તાલુકાનું ફાગવેલ ગામ જિલ્લાના પૂર્વ ભાગે આવેલ ખાખરીયા વન પાસે આવેલ છે. ધાર્મિક બાબતમાં અગ્રેસર આ તીર્થ ખાસ કરીને આ વિસ્તારમાં ખૂબ જ લોકપ્રિય બન્યું છે. હરિઓમ આશ્રમ "સાધનાભૂમિ" નડિયાદ પૂજ્ય મોટાએ સાધકોને સાધનાની સુવિધા પ્રાપ્ત થાય તે માટે ૧૯૫૪માં નડિયાદથી ચારેક કિમી દૂર પૂર્વમાં શેઢી નદીના કિનારે બિલોદરા નજીક આ આશ્રમની સ્થાપના કરી 'મૌન મંદિરો' કર્યા છે. જ્યાં વ્યક્તિ બાહ્ય સંસારથી અલિપ્ત થઈ અંતર્મુખ થઈ પરમાત્માની નજીક જવા માટે મૌન સાધના કરે છે.

શ્રી ગોવર્ધનરામ સ્મૃતિ મંદિર આ એક અમૂલ્ય સાહિત્ય તીર્થ છે. ગુજરાતના સાહિત્ય રસિક યાત્રીઓએ સ્મૃતિ મંદિરનું દર્શન કરવા જેવું છે. સરસ્વતીચંદ્રના રચયિતા શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠીનું આ નિવાસસ્થાન છે. ભવ્યાતિ ભવ્ય માઈ મંદિર - નગર નડિયાદમાં માઈ મંદિરમાં ૭૩ ફૂટ ઊંચી ભવ્ય શિવપ્રતિમા જે માનવકદ કરતા ૧૩ ગણી ઊંચી છે.

ચાંદા સૂરજના મહેલ- રોઝારોઝી, મહેમદાવાદથી લગભગ પશ્ચિમ દિશામાં વાત્રક નદીને કિનારે ચાંદા સૂરજના મહેલના ખંડેર મળી આવેલા છે. ઈ.સ.૧૪૭૯માં મહંમદ બેગડાએ બંધાવેલા ચાંદાસૂરજના મહેલ, રોઝારોઝી, વિશાળ વાવ, નગરની ચારે તરફ કોટ અને કિલ્લાના અવશેષો ઐતિહાસિક સ્થાપત્યકલાની બેનમૂન ઝાંખી કરાવે છે. ગુજરાતના ૧૩ તોરણોમાંનું આ એક વિશેષ કુંડવાવ તોરણ કપડવંજ ખાતે આવેલ છે. ગરમ પાણીના કુંડ, લસુન્દ્રા- જિલ્લાના કઠલાલ તાલુકાના લસુન્દ્રા ગામમાં આવેલા ગરમ પાણીના કુંડ વિશિષ્ટ પ્રકારના છે. ગામને પાદરે સોમનાથ મહાદેવનું ભવ્ય મંદિર છે તેની બાજુમાં આ તળાવ આવેલું છે. ત્યાં પ્રકૃતિના સુંદર દર્શન થાય છે. મંદિરના અગ્ર ભાગમાં ગરમ અને ઠંડા પાણીના કુંડ આવેલા છે જેને જોવા માટે દૂરદૂરથી યાત્રીઓ અહીં આવે છે.

લાલજી મહારાજ અને વડીલ સંતોની ઉપસ્થિતિ

## સાત-સાત દિવસથી મોંઘેરા બનેલ વિઘ્નહર્તાની આન-બાન અને શાન સાથે ભાવભરી વિદાય...

# વડતાલમાં જળઝીલણી એકાદશીનો સમૈયો ધામધૂમ પૂર્વક ઉજવાયો

। રાજેશ શર્મા આતરસુંબા, તા.૨૬ ।

વડતાલ : શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના તીર્થધામ વડતાલ સહિત તાબાના મંદિરોમાં મંગળવારને ભાદરવા સુદ-૧૧ એકાદશીના રોજ જલઝીલણી એકાદશીનો ઉત્સવ ખૂબજ ધામધૂમ પૂર્વક ઉજવાયો હતો. વડતાલ સ્વામિનારાયણ મંદિરમાં સાત સાત દિવસથી મોંઘેરા મહેમાન બનેલા વિઘ્નહર્તા દુઃદાળા દેવનું આન-બાન અને શાન સાથે વિર્સજન યાત્રા બેન્ડવાજા તથા નાસિક ઢોલના તાલે ગણપતિ બાપા મોર્યા, પુઢચર્યા વરસે લોકરિયા ના ડી.જેના તાલે ભાવભેર વિદાય આપવામાં આવી હતી. મંગળવારે ભાદરવી એકાદશીના શુભદિને બપોરના ૧૨:૦૦ કલાકે મંદિરના ઘુમ્મટમાં પ પી આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજ વતું પૂ.લાલજી મહારાજ પૂ.સૌરભપ્રસાદજી તથા જલઝીલણી મહોત્સવના યજમાન સંધાણાના ચીમનભાઈ પટેલ પરિવારના સભ્યો ધવારા શ્રીહરિકૃષ્ણ મહારાજ તથા ગણપતિદાદાનું પૂજન કરવામાં આવ્યું હતું. પૂજન - આરતી બાદ ગણપતિ દાદાને વાજતે ગાજતે શણગારેલા ટ્રેક્ટરમાં બિરાજમાન કરાયા હતા. અને સાથે શ્રી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિને બ્રહ્મચારી હરિસ્વરૂપાનંદ, તથા અન્ય ભુદેવો ધ્વારા મુકવામાં આવી હતી. મંદિરના ચોગાનમાં હરિભક્તોનું કીડીયાળું ઉભરાયું હોય તેમ હૈયે હૈયુંભીંસાઈ તેટલા હરિભક્તો



ગણપતિ બાપ્પા મોર્યા, અગલે વરસે પઢરિયાના જયઘોષ સાથે બેન્ડવાજા, તથા ડી.જેના તાલે વાજતે ગાજતે ગણપતિ દાદાની વિસર્જન યાત્રા તથા જલઝીલણી એકાદશીની શોભાયાત્રા નીકળી હતી. શણગારેલા ટ્રેક્ટરોમાં સંતો - મહંતો - બેઠા હતા. આ શોભાયાત્રા વડતાલ મંદિરથી રાજમાર્ગો પર ફરી ગોમતી કિનારે પહોંચી હતી.

જ્યાં ગોમતી કિનારે તૈયાર કરાયેલ સ્ટેજ પર પ.પૂ.લાલજી મહારાજશ્રી તથા સંપ્રદાયના વરિષ્ઠ સંતો તથા જલઝીલણી એકાદશીના યજમાન પરિવારના સભ્યો ધ્વારા ગણપતિ દાદા તથા શ્રીહરિનું પૂજન કરવામાં આવ્યું હતું. મંદિરના ભુદેવ ધીરેનભાઈ ભટ્ટ ધ્વારા શ્રી હરિકૃષ્ણ મહારાજનું પૂજન તથા કેસર જળથી અભિષેક કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ભગવાન શ્રીહરિને ગોમતીજીમાં નૌકાવિહાર કરાવવામાં આવી હતી. જ્યારે પૂ.લાલજી મહારાજશ્રી, સંતો અને યજમાન પરિવાર ધ્વારા આરતી ઉતારવામાં આવી હતી. આરતી બાદ બાળધૂન મંડળના ભૂલકાંઓ ધ્વારા સુંદર નૃત્ય રજુ કરી ઉપસ્થિત સંતો-હરિભક્તોના દિલ જીતી લીધા હતા. આ પ્રસંગે પૂ.લાલજી મહારાજશ્રી, સત્સંગ મહાસભાના પ્રમુખ શા.નૌતમપ્રકશદાસજી, પૂ.નીલકંઠચરણ સ્વામી, તથા વડતાલ મંદિરના કોઠારી ડૉ. સંતવલ્લભ સ્વામીએ પ્રાસંગીક ઉદ્બોધન કરી આર્શીવચન પાઠવ્યા હતા. ચેરમેનશ્રી દેવપ્રકાશદાસજી સ્વામી - પુ ગોવિંદ સ્વામી - મેતપુરવાળા, પુ શ્રીવલ્લભ સ્વામી, વિરસદ, પીજ, વિદ્યા નગર , વગેરે જગ્યાએ સંતો ઉપસ્થિત રહ્યા હતા.

## ધોબી મુસ્લિમ સમાજે બક્ષીપંચમા સમાવેશ કરવા સરકારને રજુઆત

### ભૂતકાળમાં સામાજિક શૈક્ષણિક પછાત વર્ગના લાભો મેળવવા માટે રજૂઆત કરી હતી



। અમદાવાદ, તા.૨૬ ।

અમદાવાદ મુસ્લિમ ધોબી સમાજ દ્વારા મુસ્લિમ ધોબી જ્ઞાતિનો બક્ષીપંચની યાદીમાં સમાવેશ કરી જરૂરી લાભ મળવા માટે સરકારશ્રી સમક્ષ શુક્રવારના દિવસે એક પ્રતિનિધિ મંડળે ડો. જીવરાજ મહેતા ભવન ખાતે તેમજ સ્વર્ણિમ સંકુલ, ગાંધીનગર ખાતે રજુઆત કરવા પહોંચ્યા હતા. જે મુસ્લિમ ધોબી સમાજને બક્ષીપંચમાં સમાવેશ કરવા માટે સામાજિક અને ન્યાય અધિકારિતા વિભાગના ડાયરેક્ટર વિક્રમસિંહ જાદવ તેમજ એડીશનલ ચીફ સેક્રેટરી સુનયના તોમર સહાયક નિયામક ખરાદી સાહેબને મુલાકાત કરી હતી.

ધોબી સમાજના રજૂઆત કરવા ગયેલા મંડળના આગેવાન સરફરાઝ કાલુભાઈ શેખે જણાવે છે કે ૧૯૯૮માં ગુજરાત રાજ્યના વિકસતિ જાતિ, કલ્યાણ ખાતું દ્વારા લખાયેલ પત્રમાં જણાવ્યુ હતું કે મુસ્લિમ ધોબી જાતિના સમાજના લોકોને સામાજિક શૈક્ષણિક પછાત વર્ગના લાભો આપવા તમામ જિલ્લાના સમાજ કલ્યાણ અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી.

૨૦૧૧ના પરીપત્રમાં અમદાવાદ જિલ્લાના નાયબ નિયામક દ્વારા લેખિતમાં સ્પષ્ટ પણે ઉલ્લેખ કરીને જણાવેલ છે કે મુસ્લિમ ધોબી જાતિને સામાજિક શૈક્ષણિક પછાત વર્ગનું પ્રમાણપત્ર મળવાપાત્ર નથી. આ બાબતે ભૂતકાળમાં પણ વારંમવાર ધોબી સમાજે સામાજિક શૈક્ષણિક પછાત વર્ગના લાભો મેળવવા બાબતે રજૂઆત કરેલ છે. તેમ છતાં આજ દિન સુધી સરકારશ્રી તરફથી કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. જો હિન્દુ ધોબીને લાભ આપવામાં આવે છે તો પછી મુસ્લિમ ધોબીને કેમ નહીં? ફક્ત ધર્મના આધારે વર્ગીકરણ કરવું હિતાવહ નથી.

અધિકારીશ્રીઓએ જણાવ્યું હતું કે તમારી વાત બિલકુલ વાજબી છે અને સરકારશ્રીના ૧૯૭૮ ના બહાર પાડવામાં આવેલ બક્ષીપંચની યાદીમાં ધોબી સમાજનો ઉલ્લેખ પણ કરવામાં આવેલ છે. ફક્ત ધર્મ કે જાતિના આધારે વર્ગીકરણ કરી એકને લાભ આપવો અને બીજાને ન આપવો તે બિલકુલ યોગ્ય નથી. સરકારશ્રીએ તમામ પછાત જાતિઓનો અભિપ્રાય લેવા માટે સને ૧૯૭૮ અગાઉના બે-ચાર વર્ષ પહેલા રાજયની અન્ય પછાત જાતિઓના આગેવાનોને રૂબરૂ મળવા બોલાવ્યા હતા પરંતુ જે તે સમયે તમારા સમાજના પ્રતિનિધિ એ સમયે બનવા જોગ હાજર રહ્યા નહીં હોય અથવા સંતોષજનક રજૂઆત કરવામાં સમર્થતા દાખવી શકયા નહી હોય.

અમો ચોક્કસપણે ઉપરના લેવલે સરકાર સમક્ષ આ અંગે રજૂઆત કરીશું અને કેવી રીતે આ બાબતે ત્વરિત નિરાકરણ લાવી શકાય એમ છે તે અંગે બનતા તમામ પ્રયત્નો કરીશું અને તમામ ધોબી સમાજને ન્યાય મળે તે માટે અમો તમને પણ કો-ઓપરેટ કરીશું

રજૂઆત કરવા ગયેલા સમાજના આગેવાનો એડવોકેટ ચૌહાણ સાહેબ, સરફરાઝભાઈ શેખ, આરીફભાઈ વિક્ટોરિયા વાલા, ફજલભાઈ ચંપલવાલા અને મોઈનભાઈ સહિતના લોકો ઉપસ્થિત રહી સરકારશ્રી સમક્ષ સમાજ વતી પોતાની વાત મૂકી હતી.

# અમદાવાદ કર્ણાટક સંઘ દ્વારા સાર્વજનિક ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું



। અમદાવાદ, તા.૨૬ ।

કર્ણાટક સંઘ, અમદાવાદ દ્વારા સાર્વજનિક ગણેશ મહોત્સવ દિનાંક ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૩ સાંજે ૫:૦૦ વાગે લાયન્સ હોલ, મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા ખાતે આયોજિત કરવામાં આવેલ હતો. આ કાર્યક્રમને કન્નડા અને સંસ્કૃતિ ઈલાકા, બેંગલુરુ (કર્ણાટક સરકાર) સહયોગ કર્યો હતો.

આ સુંદર કાર્યક્રમ ની શરૂઆત શ્રી ગણેશ સ્થાપન તથા સંકલ્પ પૂજા દ્વારા થઈ. પંડિત શ્રી લક્ષ્મીનારાયણ ભટ્ટ દ્વારા પૂજા કરાવવામાં આવી જેમાં શ્રી એચ. વી. બેન્નુર અને શ્રીમતી શીલા બેન્નુર તથા શ્રી ગોપાલ દેસાઈ અને શ્રીમતી શુભુદા દેસાઈ દ્વારા સંકલ્પ પૂજા કરવામાં આવી હતી.

પૂજા બાદ શ્રી શ્રીકાંત પોતદાર તથા સંઘના અન્ય સદસ્યોના સહભાગ દ્વારા ભજનનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. શ્રી શ્રીકાંત પોતદાર હાર્મોનિયમ પર તથા શ્રીમતી નીતા પોતદાર તબલા પર સંગીત આપ્યું.



ભજન કાર્યક્રમ બાદ ગણેશ વિસર્જન કરવામાં આવ્યું હતું. અંદાજે ૨૦૦ જેટલા કન્નડા ભાઈઓ બહેનો ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી. કાર્યક્રમ બાદ સૌએ મહાપ્રસાદ ગ્રહણ કર્યું હતું.

### એરપોર્ટ ખાતે પીએમ મોદી ૨૦ હજાર જેટલી મહિલાને સંબોધન કરવાના છે

## નારી શક્તિ વંદન અધિનિયમ બહેનોનું સપનું પૂરું કરવાની ગેરંટી



। અમદાવાદ, તા.૨૬ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજથી બે દિવસના ગુજરાત પ્રવાસે આવ્યા છે. મહિલા અનામત બિલ પાસ થવાને લઈ અમદાવાદ એરપોર્ટ પર તેમનું સ્વાગત કર્યુ હતું. પીએમ મોદીએ ખુલ્લી જીપમાં સવાર થઈને કાર્યકર્તાઓનં અભિવાદન જીલ્યું. તેમની સાથે સીએમ ભુપેન્દ્ર પટેલ અને સી.આર.પાટીલ પણ જીપમાં સવાર હતા. PM મોદી કેમ છો બધા કહી સંબોધન શરૂ કર્યું. જે બાદ કહ્યું, માતૃભૂમિને નમન સાથે મોટી સંખ્યમાં માતા બહેનોના આશીર્વાદ મળે, એનાથી વિશેષ શું હોઈ શકે. ખુશી સ્વભાવિક છે, કેમ કે તમે જે પુત્ર - ભાઈને દિલ્હી મોકલ્યો તેણે મહિલા આરક્ષણ બિલ લાવી મહત્વનું કામ કર્યું. આ સપનું વર્ષો પહેલા ગુજરાત ની ધરતી પર જોયું હતું.

### નવરાત્રિના આડે ગણતરીના દિવસો બાકી

## જામનગરમાં ગરબાની પ્રેક્ટિસમાં ૧૯ વર્ષના યુવાનનું એટેક આવતા મોત

। જામનગર, તા.૨૬ ।

જામનગરમાં નવરાત્રીના મહાપર્વને ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ત્યારે ગત મોડી રાત્રે જામનગર શહેરના પટેલ પાર્ક વિસ્તાર આવેલ "સ્ટેપ એન્ડ સ્ટાઈલ ગરબા ક્લાસ" માં ઉત્સાહ અને જોશ સાથે પ્રેક્ટિસ ચાલતી. હતી. જે સ્થળે ગરબાની પ્રેક્ટિસ કરી રહેલા વિનીત મેહુલભાઈ કુંવરિયા નામના ૧૯ વર્ષના યુવકનું હૃદય રોગના હુમલાથી મૃત્યુ નીપજ્યું હતું. ત્યારબાદ યુવાન વિનીતના મૃતદેહને પીએમ અર્થે સરકારી જી.જી. હોસ્પિટલ ખાતે ખસેડાયો હતો. જ્યાં મોડી રાત્રે સરકારી જી.જી. હોસ્પિટલના દ્વારે ગરબાના સંચાલક તથા ગરબા રસિકો સહિત મૃતકના પરિવારજનો મોટી સંખ્યામાં ટોળા સ્વરૂપે જી.જી. હોસ્પિટલ ખાતે આવી પહોંચ્યા હતા. ત્યારે ભારે ગમગીની છવાઈ હતી. આ બનાવની જાણ થતાં સીટી એ ડિવિઝનનો પોલીસ કાફલો પણ દોડતો થયો છે.

### ગુજરાતના પંચમહાલ જિલ્લામાંથી દુઃખદ સમાચાર સામે આવ્યા

## પંચમહાલના ગજાપુરા ગામના તળાવમાં ડૂબવાથી ચાર બાળકનાં મોત થયા

। ઘોઘંબા, તા.૨૬ ।

ગુજરાતમાં પંચમહાલ જિલ્લામાંથી એક દુઃખદ સમાચાર સામે આવ્યા છે જેમાં આજે ગજાપુરા ગામમાં તળાવમાં ડૂબવાથી ચાર બાળકોના મોત થયા છે. આ ઘટનાને પગલે એમએલએઘટનાસ્થળે દોડી ગયા છે. હાલ ચારેય બાળકોના મૃતદેહોને તળાવમાંથી બહાર કાઢવામાં આવ્યા છે. આ ઘટનાની વધુ વિગત મુજબ પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાના ગાજાપુરા ગામમા આજે વહેલી સવારે તળાવમાં રમતા-રમતા ન્હાવા પડ્યા હતા. વરસાદને કારણે તળાવમાં પાણી વધુ ભરાયેલુ હતું અને આ બાળકો મસ્તી કરતા કરતા અચાનક જ ઉંડા પાણીમાં ગરક થઈ ગયા હતા. એક જ પરિવારના ચાર બાળકોના મૃત્યુ થવાથી પરિવાર પર આપ ફાટ્યું હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. આ ઘટનાને પગલે ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ ઘટનાસ્થળે દોડી ગયા હતા. સુત્રોમાંથી મળતી વિગત મુજબ આ ચારેય બાળકોની અંદાજીત ઉંમર ૧૦થી ૧૨ વર્ષની જાણવા મળી હતી.

### જૂનાગઢના પ્રસિદ્ધ ઉપરકોટના કિલ્લાનું કરાશે લોકાર્પણ

## ૨૮ તારીખે મુખ્યમંત્રીના હસ્તે નવા રંગરૂપ સાથે કિલ્લાનું લોકાર્પણ થશે

### જૂનાગઢ નહિ પરંતું સમગ્રે દેશ અને વિદેશમાંથી આવતા પર્યટકોપણ આ કિલ્લાને નવા રૂપ રંગ સાથે જોવા માટે ઉત્સુક છે

। જૂનાગઢ, તા.૨૬ ।

જૂનાગઢનો ઉપરકોટનાં કિલ્લાનાં લોકાર્પણને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. તા. ૨૮ તારીખનાં રોજ મુખ્યમંત્રીનાં હસ્તે લોકાર્પણ કરાશે. કિલ્લાને નવા રૂપરંગ સાથે ઉપરકોટનો કિલ્લો લોકો માટે ખુલ્લો મુકાશે. ત્યારે ઉપરકોટમાં આવેલ દરેક સ્થળોને નવો લૂક અપાયો છે. ત્યારે જૂનાગઢ નહિ પરંતું સમગ્રે દેશ અને વિદેશમાંથી આવતા પર્યટકો પણ આ કિલ્લાને નવા રૂપ રંગ સાથે જોવા માટે ઉત્સુક છે. આ બાબતે સવાણી હેરિટેજ કંઝરવેશન પ્રાઈવેટ લિમિટેડનાં રાજેશ તોતલાનીએ જણાવ્યું હતું કે, ઉપરકોટની વાત કરીએ તો ટુરીઝમ કોર્પોરેશન દ્વારા અમારી કંપનીને આનું જીણોદ્ધારનું કામ સોંપ્યું હતું. તેમજ અમારી કંપની જીણોદ્ધારનાં ઘણા બધા કામ ભારતભરમાં કરી ચૂકી છે. અને આ પણ કામ લગભગ ત્રણેય વર્ષ ચાલ્યું હતું.

### કલેકટરને રજૂઆત કરાઈ

## નર્મદાના કાંઠે ખેતીના નુકસાન માટે જાહેર કરાયેલું વળતર અપૂરતું હોવાની ખેડૂતોની રાવ

### નર્મદા બંધમાંથી પાણી છોડાતા નર્મદા કાંઠાના લોકોએ ઘરવખરી અને ખેતીને ભારે નુક્સાનનો સામનો કર્યો છે

। ભરૂચ, તા.૨૬ ।

ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા બંધ યોજના દ્વારા અચાનક ૧૮.૫૦ લાખ ક્યુસેક પાણી ડાઉન સ્ટ્રિમમાં છોડવામાં આવતા વડોદરા, નર્મદા અને ભરૂચ જિલ્લામાં ઘોડાપૂરની સ્થિતિ સર્જાઈ હતી. નર્મદા કાંઠાના લોકોએ ઘરવખરી અને ખેતીને ભારે નુક્સાનનો સામનો કર્યો છે. લોકોની દયનિય હાલત જોતા સરકારે પણ રાહત પેકેજની જાહેરાત કરી છે જોકે સરકારી સહાય અપૂરતી હોવાનો ખેડૂતો રોષ વ્યક્ત કરી રહ્યા છે.

ભરૂચ જિલ્લાના નર્મદા કાંઠાના ગામના ખેડૂતોએ ભરૂચ જિલ્લા કલેકટર કચેરીએ એકઠા થઈ વિરોધ પ્રદર્શન કર્યું હતું.ખેડૂત અચાનક ડેમમાંથી મોટી માત્રામાં છોડવામાં આવેલા પાણીના કારણે ખેતીને ખુબ નુકસાન થયું છે.




માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨